મારું જીવન સુગંધી બને





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા

મારું જીવન સુગંધી બને

લેખક
સાધુ અમૃતવદનદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

MARU JIVAN SUGADHI BANE (Gujarati Edition)

By Sadhu Amrutvadandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 3,000

ISBN: 978-81-7526-962-0

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : 3,000

કિંમત : રૂ. ૫૦-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને...'

વર્ષોથી ભાવપૂર્વક ગવાતી અને સંભળાતી આ પંક્તિ હંમેશાં તાજગી ભરેલી લાગે છે. જીવનને સુગંધિત કરવાનો સંકલ્પ એક આધ્યાત્મિક સંકલ્પ છે. શરીર સુગંધી બને છે - સુગંધીદાર દ્રવ્યો કે અત્તર વગેરેથી. પરંતુ જીવનને સુગંધિત બનાવવા માટે બાહ્ય ઉપચારોનો કોઈ ખપ નથી. ત્યાં આંતરિક ઉપચારો જોઈએ. ભારતીય આધ્યાત્મિક પરંપરાએ એ આંતરિક ઉપચારો પર ભાર મૂક્યો છે. એ છે, સદ્‌ગુણોનો ઉપચાર.

શાસ્ત્રોએ સત્ય, દયા, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરે સદ્‌ગુણોથી સુવાસિત થવાની વાતો ઉચ્ચારી છે. મહાભારત તો તેને જ સનાતન ધર્મ માને છે. જીવનમાં સનાતન ધર્મનું આચરણ કરવું એટલે એવા દિવ્ય ગુણોથી સુવાસિત થવું.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં વચનામૃતોમાં જીવનને સુવાસિત કરવા માટે તમામ સદ્‌ગુણોના સરવાળા રૂપે ચાર ગુણોની વાત દૃઢાવી છે: સ્વધર્મ, આત્મા-પરમાત્માનું જ્ઞાન, અનાસક્તિરૂપ વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત ભક્તિ. ભગવાન સ્વામિનારાયણે આને મોક્ષનાં સાધન બતાવ્યાં છે.

આવા સદ્‌ગુણોથી સુવાસિત થવાનું મન કરીએ એ ઘણી મોટી બાબત છે, પરંતુ સદ્‌ગુણોથી સુવાસિત થવું એ એનાથીય ઘણી મોટી અને અતિ અઘરી બાબત છે. આમ છતાં, એને સરળ બનાવવાનો માર્ગ એટલે સંતનું શરણું અથવા સંતનો યોગ. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અને ઉપનિષદ, ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત વગેરે અનેક શાસ્ત્રોએ પણ એ જ માર્ગ ચીંધ્યો છે.

પ્રસ્તુત પુસ્તિકા કંઈક એવા જ વિષયોને લઈને આપની સમક્ષ આવે છે.

જેને આચરણમાં મૂકવાથી આપણા જીવનમાં સદ્‌ગુણોની સુવાસ પ્રાપ્ત થાય.

પુસ્તિકાના લેખક પૂજ્ય અમૃતવદનદાસ સ્વામી છેલ્લાં કેટલાંક વર્ષોથી વર્તમાનપત્રોમાં વિવિધ વિષયક લેખો લખતા રહ્યા છે. જનસમાજને સારાં મૂલ્યોની પ્રેરણા મળે તેવા લેખોની એ શ્રેણી પૈકી કેટલાક લેખોનું અહીં આચમન છે. જેમનું જીવન અસંખ્ય લોકોને સદ્‌ગુણોની સુવાસથી સુવાસિત કરતું રહ્યું છે, એવા મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના પર્વે આ પુસ્તક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક ભાવાંજલિ અર્પે છે.

આશા છે, આ પુસ્તક આપને પણ ક્યાંક જીવનને વધુ સુવાસિત કરવાની પ્રેરણા આપશે. પુસ્તકના લેખક પૂજ્ય અમૃતવદનદાસ સ્વામીનો અમે આભાર માનીએ છીએ.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, ૨૦૨૦

અનુક્રમણિકા

૧

પૂર્ણ દિવ્યતા, સાધુતા અને માનવતા

મુખારવિંદ જોતાં એવું લાગે કે જાણે ધ્યાનમાં બેઠા છે! સહજ બીડેલાં પોપચાં... એટલી જ સહજતાથી બિડાયેલા હોઠ... એકદમ તાજો ચહેરો... એવું લાગે કે જાણે હમણાં આંખો ખોલશે... સામું જોશે... હોઠ હલશે અને મધુરું સ્મિત રેલાવશે! ૧૫મી ઑગસ્ટની સવારે પ્રમુખસ્વામી મહારાજના દિવ્યવિગ્રહનાં દર્શન કરતાં આવી એક દિવ્ય અનુભૂતિ થઈ. ૧૩મી ઑગસ્ટની સાંજે ધામગમન બાદ સ્વામીજીનો દેદીપ્યમાન દેહ દર્શનાર્થે સુંદર સિંહાસન પર બિરાજમાન હતો, પરંતુ તેઓ જાણે સમાધિમાં હોય એવું પ્રતીત થતું હતું! તેઓ હવે આ દેહમાં નથી તે વાત માનવી અઘરી થઈ પડી.

આ પ્રમુખસ્વામી મહારાજ એટલે પૂર્ણ દિવ્યતા, પૂર્ણ સાધુતા, પૂર્ણ માનવતા, અનેકવિધ ગુણોનું, ચારિત્ર્યનું, શુભ ભાવનાઓનું જાણે શતદલ પરિમલ! એમનાં જીવન અને કવનમાંથી વેરાતાં સુગંધી, પ્રેરણાદાયી સ્પંદનોએ સમસ્ત માનવજાતને, સમગ્ર વિશ્વને સુવાસિત અને પ્રભાવિત કર્યું છે. એમણે વિશ્વ સંવાદિતાનો નૂતન પથ બતાવ્યો છે.

એમના ધામગમનના સમાચાર સાંભળી માથે વીજળી પડી હોય તેવો અનુભવ થયો. બધા સ્તબ્ધ થઈ ગયા! ઘણા ચોધાર આંસુએ રડી પડ્યા. પગ નીચેથી ધરતી સરકી ગયાનો અનુભવ થયો. ઘણાએ દીવાલનો તો ઘણાએ ખુરશીનો સહારો લઈ સ્વસ્થતા કેળવી. ઘણાને હૃદય બંધ થયું છે એવું લાગ્યું તો ઘણાએ અતિ કારમા દુઃખનો અનુભવ કર્યો. આમ થવાનું કારણ શું? કારણ કે સ્વામીજીએ પોતાનાં ૯૫ વર્ષના દીર્ઘ આયુષ્યમાં લાખોનાં આંસુ લૂછ્યાં છે. બળતાં હૈયાંને ઠારી શાંતિ અર્પી છે. ટેકો આપ્યો છે. પ્રેમ આપ્યો છે. ધીરજ આપી છે. શું નથી આપ્યું એમણે? મનુષ્ય અનંત જન્મે જે કાર્ય ન

કરી શકે એવું એમણે એક જન્મમાં કરી બતાવ્યું છે.

એમણે ૧૭ હજાર જેટલાં ગામ-શહેરમાં અત્યંત ખરાબ અને વિકટ પરિસ્થિતિમાં વિચરણ કર્યું છે. ૨.૫ લાખ જેટલાં ઘર, ઝૂંપડાં વગેરેમાં પધરામણી કરી છે. વળી ૭.૫ લાખ જેટલા પત્રોનું વાંચન-લેખન કર્યું છે. ૧૬૨ સામાજિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓને કુશળતાપૂર્વક સમાજમાં વહેતી મૂકી લાખો કરોડો લોકોના યોગક્ષેમનું વહન કર્યું છે.

વળી, આ બધા માટે એમણે ૧,૧૦૦ મંદિરો નિર્માણ કર્યાં છે તો ૧,૦૦૦ જેટલા સાધુઓની ભગવી સેના દ્વારા દલિત, ગરીબ, તવંગર વગેરેને જીવનશુદ્ધિના પાઠ ભણાવી ઉચ્ચ જીવનનાં પીયૂષ પાયાં છે. સારંગપુરમાં રહીને છેલ્લાં ત્રણ વર્ષમાં એમણે ૧૮૭ મંદિરો ને ૧૦૧ સાધુ બનાવ્યાં છે. આ એક વિરલ ઘટના છે. કારણ કે કોઈ દોડીને કે ઊડીને પણ ન કરી શકે તેવું કાર્ય તેમણે વ્હીલચેરમાં બેસીને કર્યું છે !

આ ઉપરાંત તેમણે ગાંધીનગર, દિલ્હી અને અંતે ન્યુજર્સી-અમેરિકામાં અદ્‌ભુત અક્ષરધામનું સર્જન કરી કલા, શાંતિ, પ્રેમ ને અધ્યાત્મની અખંડ જ્યોત પ્રગટાવી છે. વધુમાં તેમણે અનંત જીવોનું હૃદય-પરિવર્તન કરી આ અવનિ પર ચૈતન્ય મંદિરો સ્થાપ્યાં છે. યુનોની વિખ્યાત વિશ્વધર્મ પરિષદમાં આશીર્વાદ આપી એમણે ધર્મ-સંવાદિતાનો અનોખો રાહ બતાવ્યો છે ! એમનાં કાર્યોની, એમના પ્રદાનની એક અલગ નૂતન સહસ્રનામાવલિ બનાવાય એવું છે.

એમના આ વિરાટ ને વિશિષ્ટ વ્યક્તિત્વના આસ્વાદથી રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાહેબે એમને પોતાના મુખ્ય ગુરુ માન્યા... સત્યમિત્રાનંદગિરિજીએ એમનામાં આધુનિક વિશ્વકર્માનાં દર્શન કર્યાં... આત્માનંદ સ્વામી (રામકૃષ્ણ મિશન) એ એમનામાં અત્યંત કુશળ કાર્યવાહક જોયા...

મૂકેશ અંબાણીએ એમનામાં સર્વશ્રેષ્ઠ વહીવટકર્તા જોયા. તો કોઈએ એમનામાં ભાઈ જોયા, દાદા જોયા, સંબંધી જોયા, મિત્ર જોયા. આવી અપ્રતિમ લોકચાહના ને લોકપ્રશંસા અદ્વિતીય છે.

૧૫મી ઑગસ્ટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રમુખસ્વામીનાં દર્શન કરવા સારંગપુર દોડી આવ્યા. સ્વામીજીનું દર્શન-પૂજન કર્યા બાદ તેમણે બોલવાનો પ્રારંભ તો કર્યો, પરંતુ કંઠ રૂંધાઈ ગયો. હૃદયોર્મિ આંખમાંથી અશ્રુ

બની વહેવા લાગી. તેમણે સજળ નયને જણાવ્યું : 'તમારામાંના ઘણાએ આજે ગુરુ ગુમાવ્યા છે, પરંતુ આજે મેં મારા પિતા ગુમાવ્યા છે...' આટલું કહેતાં ફરી તેમનો કંઠ વ્યથિત થઈ ગયો.

થોડાં વર્ષો પહેલાં તેમણે સ્વામીજીની પ્રભાવકતા અંગે જણાવ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજની પ્રત્યક્ષ અને પરોક્ષ ઉપસ્થિતિમાં કોઈ ભેદ નથી. તેઓ હાજર જ છે.

તેઓની આ વાત સાચી છે. વધુમાં, આજે પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજમાં અંતરનિહિત થઈ દર્શન આપે છે, કાર્ય કરે છે.

૨

ટ્રાન્સેન્ડન્સ

રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ લિખિત 'ટ્રાન્સેન્ડન્સ' (Transcendence) એક અદ્‌ભુત પુસ્તક છે. તેમણે લખેલું આ અંતિમ પુસ્તક વાંચતાં અહોભાવ થયા વગર રહેતો નથી. આમાં તેમણે પોતાના અને પ્રમુખસ્વામી મહારાજના મૌન સંવાદ-સંબંધનું દિવ્યતાપૂર્ણ આલેખન કર્યું છે. તેનાં પાને પાને જીવન જીવવાની પ્રેરણા લખાયેલી છે.

કલામ સાહેબ અને પ્રમુખસ્વામી એકબીજાની ભાષા સમજી શકતા ન હતા. પરંતુ શું કહેવાયું છે તે સમજી જતા. કલામ સાહેબ માત્ર અંગ્રેજીમાં બોલે અને સ્વામીજી બોલે ગુજરાતીમાં પણ સ્નેહ ને સંબંધ ને સુહૃદયપણું કક્કા બારાખડી અને આલ્ફાબેટથી વિશેષ છે તેવું આપણને અનુભવાય છે. તેથી બંને જણ બોલ્યા વગર ઘણું કહેતા અને હા પાડ્યા વગર ઘણું સમજતા. કલામ સાહેબને સ્વામીજી સાથે દિલ્હીમાં પ્રથમ મુલાકાતે જ ગાઢ મૈત્રી થઈ ગઈ હતી. તેઓએ પુસ્તકમાં સ્વામીજીના પર્સનલ મૅગ્નેટિઝમનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

હું પ્રમુખસ્વામીને મળ્યો તે હતો ૩૦મી જૂન ૨૦૦૧નો ગરમ દિવસ. દિલ્હીમાં એક ભક્તના ઘરે એમનો નિવાસ હતો. મેં તેમને જોયા તો ભગવાં વસ્ત્રોમાં તેજસ્વી, સહજ અને રૂપાળા જણાતા સ્વામીજીમાંથી ચોમેર દિવ્યતા પ્રસરી રહી હતી. આ મારો પ્રથમ અનુભવ હતો. મારા મિત્ર વાય.એસ. રાજન મારી સાથે હતા. અમે બેઠા અને સ્વામીજીની શક્તિશાળી અને કૃપાળુ સંનિધિમાં ગોઠવાઈ જવા માટે નાનકડા વાર્તાલાપથી શરૂઆત કરી. સ્વામીજીએ તેમને જોતાં કહ્યું કે આ તો કોઈ ઋષિ છે. બસ ! આટલું પૂરતું છે તેમના સંબંધને સમજવા માટે.

પછી તો કલામસાહેબ અવારનવાર સ્વામીજીનાં દર્શને આવતા. જીવનમાં પથદર્શન માટે ઘણી વાર ફોન પણ કરતા. કલામસાહેબે સ્વામીજીના વચન પ્રમાણે જ પોતાનું જીવન બનાવ્યું હતું. વધુમાં બધા જ મહત્ત્વના નિર્ણયો સ્વામીજીને પૂછીને લીધા હતા.

તેમનો એક અગત્યનો નિર્ણય હતો પહેલી ટર્મ પૂરી થયા પછી બીજીવાર રાષ્ટ્રપતિ થવું કે નહીં?

૨૦૦૭ના જુલાઈ માસમાં તેમની રાષ્ટ્રપતિ પદની મુદત પૂરી થવાની હતી. તે સમયે તેમના પર ફરી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ઊભા રહેવા માટે સૂચનો, ભલામણો વગેરે આવતાં. તેમણે દ્વિધામાંથી બહાર આવવા સ્વામીજીને ફોન કર્યો. પરિસ્થિતિ જણાવી શું કરવું તે પૂછ્યું.

સ્વામીજીએ સ્પષ્ટ કહ્યું કે કલામ સાહેબ! હવે તમે રાષ્ટ્રપતિ પદના રિઈલેક્શનમાં ઊભા રહેતા નહીં. લોકોની સેવા કરો. નિઃસ્વાર્થપણે સેવા કરવાથી વ્યક્તિ દુનિયાના ઉચ્ચત્તમ અધિકાર કરતાં પણ વધુ શ્રેષ્ઠ થાય છે.

કલામસાહેબે તેમની આજ્ઞા શિરોમાન્ય રાખી રાષ્ટ્રપતિ પદના રિઈલેક્શનમાં ઊભા ન રહ્યા. દેશના સર્વશ્રેષ્ઠ પદની લાલચનો એક વાક્યે ત્યાગ કર્યો તે નાની અમથી વાત નથી. પરંતુ કલામ સાહેબને મન સ્વામીજીના શબ્દો વેદવાક્ય હતા. આ વાતને તેમના જ મુખેથી વધુ સ્પષ્ટ કરીએ.

૧૫ ઑક્ટોબર ૨૦૦૮ના રોજ તેઓ સિત્તોતેર વર્ષના થયા. આ દિને તેમણે આશિષ પ્રાપ્ત કરવા સ્વામીજીને ફોન કર્યો. તેઓશ્રી ગોંડલમાં હતા. કલામ સાહેબે જણાવ્યું : 'પ્રમુખસ્વામીને કહો કે હવે હું એક સાધુની જેમ વિચરણ કરું છું.'

સ્વામીજીએ કહ્યું : 'તમને જ્યારે અમે ૨૦૦૧માં પ્રથમવાર મળ્યા ત્યારે તમને અમે ઋષિ કહ્યા હતા. ઋષિમુનિઓ તમારી જેમ લાંબા વાળ રાખતા, મહાન વૈજ્ઞાનિકો હતા, બ્રહ્મચર્ય પાળતા ને સમાજની સેવા કરતા. તમે સિમ્પલ લિવિંગ અને હાઈ થિંકિંગનું જીવતું જાગતું ઉદાહરણ છો.'

સ્વામીજીના શબ્દોથી હું તો અવાક થઈ ગયો! પરંતુ હું શરણાગતિ સ્વીકારવાના મૂડમાં ન હતો. મેં કહ્યું : 'શું પ્રમુખસ્વામી મને સર્ટિફિકેટ આપશે કે હું સાધુ છું.'

સ્વામીજી : 'હા... તમે સાધુ છો.'

કલામજી અત્યંત ખુશ થતાં કહે : 'પ્રમુખસ્વામીજીનું આ સર્ટિફિકેટ ભગવાને જ સર્ટિફિકેટ આપ્યા બરાબર છે.'

આવો મહિમા હતો તેમને સ્વામીજીના પ્રત્યેક શબ્દનો.

વળી, તેઓ પળેપળે સ્વામીજીનું સાંનિધ્ય ને સંબંધ અનુભવતા. તેમણે લખ્યું કે : 'Our connection was getting deeper, and I could sense Pramukh Swamiji's presence even in his absence.'

તેઓ સ્વામીજીની ગેરહાજરીમાં પણ એમને અનુભવતા. વાસ્તવમાં પ્રમુખસ્વામી મહારાજ તેમનું સર્વસ્વ થઈ ચૂક્યા હતા.

એક વાર તેઓ રાષ્ટ્રપતિ ભવનના સુંદર બગીચામાં ટહેલી રહ્યા હતા. તેવામાં અચાનક તેમની સામે એક મોર આવ્યો. તેણે પોતાનાં રંગબેરંગી પીંછાં ફેલાવ્યાં ને મોહક કળા કરી. તે વખતે તેમને સ્વામીજી યાદ આવ્યા. તેમણે નક્કી કર્યું કે સ્વામીજીને ૭૦૦ સંતો સાથે રાષ્ટ્રપતિ ભવનમાં પધરાવવા. તેઓશ્રી અહીં આવે બેસે, ભ્રમણ કરે, ધ્યાન ધરે જેનાથી મારું રાષ્ટ્રપતિ ભવન પાવન થાય. તેમણે તરત સ્વામીજીને ફોન કર્યો. તેઓશ્રી મુંબઈમાં હતા ને તબિયત સારી ન હતી. કલામસાહેબે કહ્યું: 'સ્વામીજી આપનું સ્વાસ્થ્ય સારું થાય ત્યારબાદ આપ રાષ્ટ્રપતિ ભવનમાં પધરામણી કરો અને તેને પવિત્ર કરો.'

સ્વામીજીએ જણાવ્યું : 'જ્યારે જ્યારે તમે મને યાદ કરો છો ત્યારે ત્યારે હું તમારી સાથે રાષ્ટ્રપતિ ભવનમાં હાજર હોઉં છું.'

કલામને આ ઉત્તર ટાઇમ અને સ્પેસથી પરનો લાગ્યો. આમ પણ ગુણાતીત સત્પુરુષ સમય અને સ્થળથી પર હોય છે જે તેમનું સ્મરણ કરે છે તેઓ તેની સાથે સદૈવ હોય છે.

કલામ સાહેબને સ્વામીજીનું નિર્માનીપણું પણ ખૂબ પ્રભાવિત કરી ગયું હતું. ૨૦૦૪ની સાલમાં સ્વામીજીએ રાષ્ટ્રપતિ કલામ સાહેબને બી.એ.પી.એસ. બાળમંડળની સ્થાપનાના સુવર્ણજયંતી મહોત્સવ અવસરે અક્ષરધામ ગાંધીનગર પધારવા આમંત્રણ આપ્યું. હજારો શુદ્ધ, પ્રામાણિક અને તેજસ્વી માનસની અલૌકિક રજૂઆતથી તેઓ ગદ્ગદ થઈ ગયા. કાર્યક્રમ બાદ તેઓ મંચ પરથી ઊતરી પોતાની ગાડી તરફ જઈ રહ્યા હતા. સાથેના સંત સાથે વાત કરતાં તેઓ ગેટ સુધી આવ્યા. તેઓ અંધારામાં પ્રકાશિત અક્ષરધામ

મંદિરને છેલ્લીવાર જોવા પાછળ ફર્યા ને આંચકો અનુભવ્યો! તેમણે જોયું તો પાછળ હતા પ્રમુખસ્વામી મહારાજ! સ્વામીજી કલામસાહેબની પાછળ શાંતિથી ચાલીને તેમને વિદાય આપવા આવ્યા હતા. કલામસાહેબ એમને જોઈને સ્તબ્ધ થઈ ગયા! અત્યંત ભાવાવેશમાં તેમણે પૂછ્યું : 'સ્વામીજી! તમે મને વિદાય આપવા આટલે દૂર સુધી કેમ આવ્યા?'

સ્વામીજી વિનમ્રભાવે કહે : 'આપ તો ખાસ છેક દિલ્હીથી અહીં આવ્યા છો.'

આ સાંભળતાં કલામ સાહેબની આંખોમાં આંસુ આવી ગયાં. સ્વામીજીના નિર્માનીપણાએ તેમના અંતરને ભેદી નાખ્યું. આ એક ગજબની મૈત્રી હતી.

૨૦મી જૂન ૨૦૧૫ના દિવસે કલામ સાહેબ સારંગપુર ખાતે 'ટ્રાન્સેન્ડન્સ' પુસ્તક સ્વામીજીનાં કરકમળોમાં અર્પણ કરી કારમાં બેઠા. તેમના ચહેરા પર પ્રગાઢ શાંતિ ને સંતોષ હતાં. આંખોમાં અનેરી ચમક સાથે તેઓ બોલી ઊઠ્યા : 'My mission is complete.' 'મારું લક્ષ્ય પૂર્ણ થયું છે. મારે હવે બીજું કશું કરવું નથી.'

આ ઘટનાના થોડા દિવસ બાદ ૨૭મી જુલાઈ ૨૦૧૫ના દિવસે કલામ સાહેબનું નિધન થયું. ગુણાતીત સંતના સમાગમથી જીવને પૂર્ણકામપણાની છતી દેહે પ્રતીતિ થાય છે તેનો દસ્તાવેજી પુરાવો એટલે ટ્રાન્સેન્ડન્સ.

ટ્રાન્સેન્ડન્સ એક વાર વાંચવા અને વસાવવા જેવો ગ્રંથ છે.

3

જમો થાળ જીવન જાઉં વારી...

નામ શિવમણિ. આખું નામ આનંદધન શિવમણિ. આ તરવરિયા મદ્રાસી યુવાનથી બોલિવૂડમાં કોઈ અજાણ નથી, ખાસ કરીને મ્યુઝિક ઇન્ડસ્ટ્રીઝમાં તેમના જેવો ડ્રમર અત્યારે ભાગ્યે જ કોઈ હશે! પરંતુ આ તેમની વિશેષતા નથી. તે મુંબઈમાં હોય ત્યારે દર મંગળવારે અચૂક દાદર સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં આવે છે. સવારે છ વાગે થતી મંગળા આરતીનો લાભ લે છે. સાથે તેમનાં ડ્રમ અને સિમ્બલ લાવે છે. આરતીમાં ડ્રમ વગાડવાં તેમને ખૂબ ગમે છે. તે કાંદિવલી રહે છે. તેથી મંગળામાં આવવા માટે ચાર વાગ્યાની આસપાસ ઊઠે છે. તેમને પૂછવામાં આવ્યું કે તમને અહીં આવવું ગમતું લાગે છે. તેમણે કહ્યું કે 'આઇ ડોન્ટ લાઇક ઇટ, આઇ લવ ઇટ.' ફરી પૂછવામાં આવ્યું કે 'તમે સંગીત શીખવાનું ક્યારે શરૂ કર્યું?' તેમણે જણાવ્યું: 'માતાના ગર્ભમાંથી.' ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો: 'તમને આવા ભક્તિના સંસ્કાર ક્યાંથી મળ્યા?' તેમણે ઉત્તર આપ્યો: 'તે પણ માતાના ગર્ભમાંથી જ.'

નારદજી રચિત ભક્તિસૂત્રોની નાનકડી પુસ્તિકા છે. તેમાં ભક્તિસૂત્રો ભક્તિનો, ભક્તનો મહિમા કહે છે. તેના એક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે સાચી ભક્તિ પરમ પ્રેમસ્વરૂપા. ભગવાન માટેની આવી ભક્તિ તે જ પરમ પ્રેમસ્વરૂપા છે. નરસિંહ, મીરાં, તુકારામ, તુલસીદાસ વગેરે ભક્તો ભગવાનમાં અતિશય પ્રેમથી જોડાઈ ગયા હતા. વૃંદાવનની ગોપીઓના સ્નેહની ભૂમિકા તો અદ્વિતીય છે. ભગવાન માટે તેમણે લોકલાજ, સગાં-વહાલાં, પતિ-પુત્ર અને દેહભાવનો પણ ત્યાગ કર્યો હતો. સામાન્ય જીવ માટે આવું કરવું મુશ્કેલ હોય છે. તેમને તો *'શ્યામ મન શ્યામ તન શ્યામ હૈ હમારો ધન... ઉધો આઠો જામ હમેં શ્યામ સે હી કામ હૈ...'* એવું થઈ ગયું હતું.

આવા કપરા માર્ગ પર ભૂમાનંદ સ્વામી ચાલ્યા હતા. ભગવાનની આજ્ઞા પ્રમાણે તેઓ વિચરતા હતા. તે સમયે સમાજમાં પરમહંસો પ્રત્યે વિરોધ હતો. તેથી કોઈ વાર તેમને ભિક્ષા પણ મળે નહીં. છતાં તેઓ લોકોને વ્યસનમુક્ત કરવા અને જીવનને ઊર્ધ્વગતિ આપવા ગામેગામ ફરતા. આવા એક સમયે તેઓ ઉત્તર ગુજરાતમાં વિચરણ કરતા હતા. અન્ન ન મળવાથી તેમને સતત ત્રણ દિવસના નકોરડા ઉપવાસ થઈ ગયા. તેમનું શરીર થાકી ગયું. હાથ-પગ ઢીલા પડ્યા. ગળામાં શોષ હતો. છતાં કોઈ અફસોસ ન હતો. ચોથા દિવસે ઘઉંનો પોંક મળતાં તેમણે શ્રીજીને થાળ ધર્યો. પારણા કરવાના હતા. શરીર ક્ષણે ક્ષણે તૂટતું હતું. તેવામાં તેમની આંખોમાંથી આંસુ અને કંઠમાંથી શબ્દો સરી પડ્યા : *'જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કરચરણ કરો ત્યારી...'* આ એક નૂતન થાળ હતો. કેવું અદ્ભુત અને ભક્તિસભર હશે એ દૃશ્ય !

ભારત વર્ષમાં જ આવું જોવા મળે છે. યુગોથી અહીં એકધારી ભક્તિ-ધારા વહ્યા કરે છે. ગંગાઘાટ પર થતી હજારો દીપ જ્યોતિની આરતી વિશ્વમાં બીજે ક્યાં જોવા મળે? દક્ષિણમાં ગુરુવાયુરના મંદિરના હાથી દ્વારા થતી પ્રદક્ષિણા વિદેશમાં ક્યાં જોવા મળે? દક્ષિણેશ્વરના મંદિરમાં મા કાલી સમક્ષ પાગલ થઈ ઝૂમનારા ભક્ત રામકૃષ્ણ પરમહંસ બીજે ક્યાં જોવા મળશે? તીથલ મંદિરમાં સંધ્યા વંદના કરી સમુદ્રમાં ડૂબકી લગાવતો સૂર્ય બીજે ક્યાં જોવા મળે? આપણા દેશમાં ભક્તિના સંસ્કાર-ગર્ભમાં પણ મળે છે.

બાળકનો જન્મ થયા બાદ માતાપિતા તેને ભગવાનનાં દર્શન કરાવતાં હોય છે. તો વડીલો બાળકના નાના હાથ પકડી વંદન કરાવી ભગવાનની મૂર્તિ સમક્ષ 'જે...જે...' કરાવતાં બોલતાં શિખવાડે છે. બાળકને ખબર પડે કે ન પડે પણ તેના હૃદયમાં ભક્તિભાવના અંકુરો ફૂટવા માંડે છે. ઘણી વાર માતાપિતા બાળકોને સાધુ-સંતોની કથા સાંભળવા માટે સાથે લઈ જતાં હોય છે. તેમાં મોટે ભાગે બાળકો થોડી વારે સૂઈ જાય છે. તે પણ સારું છે કારણ કે શબ્દો કાને પડવાથી શ્રવણભક્તિનો ઉદય થાય છે. પૃથ્વીલોકમાં જન્મ ધરીને ભગવાનની ભક્તિ કરવી એ જીવનું પરમ સૌભાગ્ય છે. નરસિંહ મહેતાએ તેથી વર્ષો પહેલાં ગાયું છે કે *'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે...'*

૪

તું પણ ચૈતન્ય થઈ જા !

સમય છે સન ૧૮૬૩નો. કોલકાતાના ગરીબ લત્તામાં એક દલિત પરિવાર રહે. તે સામાન્ય કામકાજ કરી જીવન વિતાવે. ભગવાનના આશીર્વાદથી તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. તેનું નામ પાડ્યું વિનોદિની. રૂપવતી વિનોદિની પર દેવી સરસ્વતીની મહેર હતી. ધીમે ધીમે તેણે સંગીતમાં કુશળતા મેળવી. તેનું ગળું વખણાયું. સમય જતાં તેણે નાટકોમાં અભિનય કરવા માંડ્યો. તેમાં પણ તેને પ્રશંસા મળી. તેની નામના થઈ. એક વાર તેણે ચૈતન્ય મહાપ્રભુનું પાત્ર ભજવ્યું. તેનાથી તે વધુ જાણીતી થઈ.

સન ૧૮૮૪ની ૨૧મી સપ્ટેમ્બરના શોમાં રામકૃષ્ણ પરમહંસ સ્વયં તે નાટક જોવા આવ્યા. વિનોદિનીને મહાપ્રભુના પાત્રમાં જોઈ તે અત્યંત રાજી થયા. અંતમાં તેમણે પ્રસન્ન થઈ તેને આશીર્વાદ આપ્યા ને માર્મિક ઉપદેશ આપતાં કહ્યું : 'તું પણ ચૈતન્ય થઈ જા !'

ત્યારબાદ વિનોદિનીએ ઠાકુરની અંતિમ અવસ્થામાં દર્શન કર્યાં. તે દર્શનનો પ્રભાવ એ પડ્યો કે તેને હરિદર્શનની તાલાવેલી લાગી. વૈભવ હોવા છતાં વૈરાગ્યની વિભાવના તેનામાં પ્રજ્વલિત થઈ ગઈ. લોકો માટે ગાવું, બોલવું, શણગાર સજવા વગેરે ભારરૂપ થઈ ગયું. તે વખતે સ્ટાર થિયેટરના માલિક હતા ગુર્મુખરામ. તેને ધ્રાસ્કો પડ્યો. તેણે વિનોદિનીને મનાવવા માટે લાલચ આપી, પરંતુ માત્ર ત્રેવીસ વર્ષીય વિનોદિનીને તો હવે ચૈતન્યમય જ થવું હતું.

તે અરસામાં રામકૃષ્ણ પરમહંસે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને પ્રભુસેવામાં બિરાજી ગયા. વિનોદિનીને આ સમાચાર મળ્યા. તેણે તરત અસાર સંસારનો જીર્ણશીર્ણ વસ્ત્રની જેમ ત્યાગ કર્યો. સાધ્વીનાં કપડાં પહેરી

તે પહોંચી ગઈ વૃંદાવન. અહીં તેઓ સાધ્વી બનીને ભક્તિમય જીવન જીવવા લાગ્યાં. ત્યારપછીનાં તેનાં પંચાવન વર્ષ ચૈતન્યમય અવસ્થામાં મંદિરમાં સેવામાં નીકળી ગયાં. ઓગણ્યા એંસી વર્ષે તેનો દેહ પડી ગયો. પણ તે વર્ષોમાં તેણે ક્યારેય રંગભૂમિની સ્મૃતિ ન કરી. જે મોઢે પાન ચાવ્યા હોય તે મોઢે કોલસા કેમ ચવાય?

ભારતના પૂર્વ કાંઠે જે બન્યું તે પશ્ચિમ કાંઠે પણ બન્યું. આ વાત ગુજરાતની છે. એક સંતે એક જીવને ચૈતન્યની ચિનગારી લગાડી દીધી ને તેણે દેહ અને જગતની મોટાઈને ભસ્મીભૂત કરી નાખ્યાં.

પદ્મશ્રી દુલાકાગથી ગુજરાતની જનતા સુપેરે પરિચિત છે. તેમણે લખેલાં સેંકડો પદો આજે પણ એટલાં જ પ્રેરક છે. કાગબાપુની કિશોરાવસ્થા ગાયો સાથે વીતી હતી. ગાયો સાથે ઘૂમવાનું અને કુદરતનો ખોળો ખૂંદવાનું તેમને ગમતું. કવિતા બનાવવાનો શોખ પણ ત્યારથી. પિતા ભામા કાગનો વિરોધ હોવા છતાં તેમણે કલમ મૂકી નહીં. એક પછી એક પદો લખતા ગયા. જે કાળક્રમે કાગવાણી શૃંખલામાં પરિણમ્યાં. કાગવાણી એકથી સાત પ્રકાશિત થઈ. રવિશંકર મહારાજની હાજરીમાં તેમણે જયભિખ્ખુ, સોપાન, જયમલ પરમાર વગેરેને બોલાવેલા. તે પછી વિખ્યાત કવિ ત્રાપજકરે કાગ-બાપુને સૂચન કરતાં કહેલું: ‘કવિરાજ! ગુજરાતના સરસ્વતી સપૂતોને આપે આમંત્રણ આપ્યું. આપનું આંગણ પાવન કર્યું. રવિશંકર મહારાજ અને ગુજરાતના મુખ્યમંત્રી પણ આવ્યા. પરંતુ મને તો એમાં કંઈ ઊણપ દેખાય છે. આ અધૂરપને પૂરી કરી દ્યો.’

‘એવી શી અધૂરપ છે?’ કવિએ પૂછ્યું.

કોઈ મહાન સંત વિભૂતિનાં ભૂમિને માથે પગલાં પડ્યાં નથી એટલી ઊણપ છે.’ ત્રાપજકરે જણાવ્યું.

કાગબાપુએ તે ખોટ પૂરી કરવાની જવાબદારી તેમને જ સોંપી. પછી કવિ ત્રાપજકરે ગોંડલ આવી યોગીજી મહારાજને પ્રાર્થના કરી. કવિ કાગબાપુનો પત્ર ધર્યો અને મજાદર પધારવા આમંત્રણ આપ્યું. પછી ફરીવાર ત્રાપજકર કાગબાપુને લઈ તા. ૧૫-૩-૬૫ના રોજ સારંગપુર આવ્યા.

યોગીબાપાને જોતાં કાગબાપુને અતિશય આનંદ થયો. તેમનાં સ્નેહ નીતરતાં નેણો જોતાં બાપુને ઉચ્ચ આધ્યાત્મિક પ્રેરણા મળી. યોગીબાપાએ

તેમને મૌનમાં ઘણું કહી દીધું. આમંત્રણ સ્વીકારી યોગીબાપા મજાદર પધાર્યા. કાગબાપુનું હૈયું હાથ ન રહ્યું. તેઓ સહસા બોલી ઊઠ્યાઃ

'આજ મારે આંગણે સાધુ આવ્યો, ભોમિયો વિદેશનો રે જી.
ભાઈ એની ઓળાખાણ્યું લઈ લેજો, પરલોકનું ભાતું થશે રે જી.'

સાંજે યોગીજી મહારાજે તેમના સંકલ્પને અંતર્યામીપણે પકડી પોતાનું ભગવું વસ્ત્ર, માળા અને તુંબડી આપી. બાપુ ગદ્‌ગદ થઈ ગયા. યોગીબાપા તો નીકળી ગયા, પરંતુ કાગનો હંસલો કાંકરા મૂકી મોતી ચરવા પાંખો ફફડાવવા લાગ્યો. તેમની કલમ ઊપડી અને યોગીબાપાનાં ઘણાં કીર્તનો લખાતાં ગયાં. તે કીર્તનો પછી પુસ્તકરૂપે કાગવાણી-૮ નામે પ્રકાશિત પણ થયાં. કોઈ કોઈ તેમને અન્ય વિષયો, વ્યક્તિ પર લખવાનું, ગાવા જોવાનું કહે તો તેઓ કહી દેતા કે 'હવે બીજું કશું જોવું નથી. હવે બીજું કશું ગાવું નથી. હવે બીજું કશું લખવું નથી.' કોઈ વધુ આગ્રહ કરે તો તેઓ બોલી ઊઠતાઃ

'જોગી જોયા જોવાનું કંઈ ના રહ્યું રે,
ગોવિંદ ગાયા, ગાવાનું કંઈ ના રહ્યું રે.'

તેઓ ચૈતન્ય થઈ ગયા. જીવનો શિવ કરવા, ચૈતન્યરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવા ઓલિયા પુરુષ સાથે વિતાવેલી થોડી જ ક્ષણો પૂરતી હોય છે.

૫

બેતાજ બાદશાહ

એક ખેડૂત હતો. તે બળદ લઈને બીજે ગામ જવા નીકળ્યો. તેના પર તેણે સો કિલો અનાજની ગૂણ મૂકી. તેને લૂંટવા ચાર ચોર તેનો પીછો કરવા લાગ્યા. રસ્તામાં નદી આવતાં ખેડૂતે બળદ અને ગૂણ બંનેને ખભે ઉપાડ્યા અને પાણીમાં ધીમે ધીમે ચાલવા લાગ્યો. ચોરો આ જોઈ ડરી ગયા. વિચાર્યું કે આને કેમ લૂંટવો ?! આ તો જબરો છે. ખેડૂતે સામે કાંઠે જઈ બળદ અને ગૂણને નીચે ઉતાર્યાં ને થાક ખાવા બેઠો અને બોલ્યો: 'અહોહો...! બલ જૈસા હૈયા નહીં..!' ચોરોએ વિચાર્યું કે ખેડૂત તો ફોસી લાગે છે. પછી ચોર ખેડૂત પાસે આવ્યા અને દમ મારી બળદ, અનાજની ગૂણ, પૈસા બધું લૂંટી ગયા.

જહોન ડ્રાયડને કહ્યું છે કે None but the brave deserves the fair. શરીર કેટલું લાંબું, મોટું, પહોળું ને મજબૂત ને કસાયેલું છે તેના કરતાં હૈયામાં હિંમત કેવી છે તે વધારે અગત્યનું છે. બુલેટ વગરની બંદૂક રમકડું તો હિંમત વગરનો પહેલવાન પારેવડું કહેવાય. મુંબઈમાં એક કરાટે શીખેલો નવજુવાન રહે. બ્રાઉન બેલ્ટ સુધી પહોંચેલો, એક વાર બે અજાણી વ્યક્તિએ ચપ્પુની અણીએ તેની પાસેથી બધા જ પૈસા લઈ લીધા અને પલાયન થઈ ગયા. કરાટે શીખવું સારું, પરંતુ અંદરના બળનો વિકાસ કરવો એ વધુ મહત્ત્વનું છે. બેઠી દડીનો નેપોલિયન બોનાપાટ એવો હિંમતવાળો મર્દ હતો. તે પોતાના આંતરિક બળથી શરીર કરતાં વધુ ઊંચો હતો. તેણે ઈ.સ. ૧૭૯૮માં ઇજિપ્ત અને જેરૂસલેમ પર આક્રમણો કર્યાં. ઈ.સ. ૧૮૦૪માં તે ફ્રાંસનો રાજા થયો. ૧૮૦૫માં રશિયા અને ઓસ્ટ્રિયાને હરાવ્યા. ૧૮૦૭ સુધીમાં તેણે ફ્રાંસ, પોલેન્ડ, ઇટાલી વગેરે દેશો પર પ્રભુત્વ સ્થાપ્યું. ૧૮૧૪માં ટેબલ ટર્ન થાય છે. તે હારે છે અને તેને એલ્બા ટાપુ પર મોકલી દેવામાં આવે

છે. તે ફરી રાજા બને છે. ૧૮૧૪માં નેપોલિયનને પકડી સ્પેનિશ રાજાની સામે ખડો કરવામાં આવે છે. બંદીવાન નેપોલિયનને રાજાએ કટાક્ષમાં પૂછ્યું કે શું તને ક્યારેય તોપગોળો વાગ્યો છે? નેપોલિયને ગર્વભેર માથું ઊંચકી છાતી કાઢી છટાદાર શૈલીમાં હિંમતથી કહ્યું તોપગોળાની શું મજાલ છે! The bullet that is to kill me has not yet been moulded. મને મારી શકે એવી બુલેટ પણ બની નથી (તો મને મારી શકે એવો તોપગોળો ક્યાંથી બનવાનો.) અને હકીકતમાં એવું જ થયું. તે બુલેટથી ન મર્યો. અત્યાચારી બ્રિટિશરોએ તેને સેંટ હેલેના ટાપુમાં રખાવીને માર્યો. પણ નેપોલિયને તો ક્યારેય મસ્તક ઝુકાવ્યું નહીં. જેનું મસ્તક ઝૂકી જાય તે નેપોલિયન ન હોય. આવા જાંબાઝને જોઈ જહોન મિલ્ટને પેરેડાઈઝ લોસ્ટમાં લખેલા શબ્દો યાદ આવી જાય છે: 'What though the field be lost? All is not lost; the unconquerable Will ... And courage never to submit or yield.'

કેલિફોર્નિયાની એવરગ્રીન એલિમેન્ટરી સ્કૂલ. આઠ વર્ષનો કીર્તન એમાં સેકન્ડ ગ્રેડનો વિદ્યાર્થી. ક્લાસમાં એકાદ પણ ભારતીય નહીં. પ્રમુખસ્વામીની આજ્ઞાનુસાર તે સ્કૂલમાં તિલક-ચાંદલો કરી જાય. ધોળા છોકરાઓ પૂછે કે આ તું શું ચીતરીને આવે છે? ટીચર પણ પૂછે. કીર્તન બોલે નહીં.

એક દિવસ તે સ્કૂલમાં આવ્યો. આખો ક્લાસ ભરાયેલો હતો. તે ટીચર પાસે આવ્યો. છોકરાં સામે જોઈ કહે : 'મિત્રો! તમે મને રોજ પૂછો છો કે તું આ રોજ શું કરે છે? તો તમે આજે જુઓ હું શું કરું છું.'

એમ કહી તેણે સ્કૂલ બેગમાંથી આસન કાઢી જમીન પર પાથર્યું અને વિધિવત્ પૂજા કરી તિલક-ચાંદલો કર્યાં. છેલ્લે આરતી પણ કરી. ટીચરને પણ આશ્ચર્ય થયું કે શું તે રોજ આવું કરે છે? તો તેણે કહ્યું કે રોજ સવારે પૂજા ભૂલ્યા વગર કરે છે. તેના સિવાય મોંમાં પાણીનું ટીપું પણ મૂકતો નથી. ટીચર અને વિદ્યાર્થીઓ કીર્તનની હિંમત જોઈ પ્રભાવિત થયા. ત્યારપછી આખી સ્કૂલમાં કોઈએ કીર્તનને તિલક-ચાંદલા માટે પૂછ્યું નહીં.

સરદાર પટેલમાં હિંમત હતી. આઝાદીનો સમય હતો. તે વખતે દેશમાં નાનાં-મોટાં ૫૬૨ રજવાડાં હતાં. અમુકને પાકિસ્તાનમાં જોડાવું હતું. જૂનાગઢ-હૈદરાબાદના મુસ્લિમ નવાબો-નિઝામો ગાંઠતા ન હતા. આ

તો ચોખ્ખો દેશદ્રોહ હતો, પણ સરદાર પટેલે ખૂબ હિંમત દાખવી કલમના એક ગોદે રજવાડાંને ભારતમાં ભેળવી દીધાં. આઝાદી પછીના દિવસોમાં ચર્ચિલે ભારત વિશે ઘસાતી સમીક્ષા કરી. સરદારે જોરદાર પ્રત્યાઘાત આપતાં જણાવ્યું કે ચર્ચિલ એ યાદ રાખે કે હિંદુસ્તાન ગુલામ નથી. આઝાદ દેશ છે. તે પોતાની ચિંતા પોતાની પાસે જ રાખે.

કવિ હરિવંશરાય બચ્ચને લોખંડી પુરુષ સરદારને બિરદાવતાં કહ્યું:

'હરેક પક્ષ કો પટેલ તોલતા,
હરેક ભેદ કો પટેલ ખોલતા,
કઠોર નગ્ન સત્ય બોલતા,
પટેલ હિંદ કી નીડર જબાન હૈ.'

ટાઇમ મૅગેઝિને ૨૭મી જાન્યુઆરી ૧૯૪૭ના પોતાના અંકના મુખપૃષ્ઠ તરીકે સરદારનો ફોટો છાપેલો. અંદર જે લેખ લખાયેલો તેનું શીર્ષક હતું : 'ધ બોસ.' સરદાર પટેલના પિતાશ્રી ઝવેરભાઈ સ્વામિનારાયણના ચુસ્ત સત્સંગી. વળી, બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અનન્ય શિષ્ય. એક વાર પધરામણી બાદ શાસ્ત્રીજી મહારાજે વલ્લભભાઈને આશીર્વાદ આપ્યા હતા કે આ ભારતનો બેતાજ બાદશાહ બનશે અને સરદાર ભારતના બેતાજ બાદશાહ બન્યા.

આવા લોકલાડીલા નેતાની અંતિમ યાત્રામાં વડાપ્રધાન નેહરુની મના છતાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ જોડાયા હતા. ઇન્ડિયા ટુડેના ૨૧ એપ્રિલ ૨૦૦૮ના અંકમાં નોંધ કરી રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની હિંમતને બિરદાવી છે. હિંમત રાખવા માટે મેક્સવેલ માલ્ટ્ઝના શબ્દો યાદ રાખવા જેવા છે: 'We must have courage to bet on our ideas, to take the calculated risk and to act. Everyday living requires courage if life is to be effective and bring happiness.' જીવનને પ્રભાવક બનાવવા રોજિંદા વ્યવહારમાં હિંમત અનિવાર્ય છે.

ରେ ଔ

૯

હાં રે, મેરી તક્સીર કરિયો માફ

એક જેલ હતી. તેમાં જૂના જેલરની બદલી થઈ અને નવા જેલર આવ્યા. જેલરસાહેબે કેદીઓને જાણવા માટે ઓળખ પરેડ ગોઠવી. બધા કેદીઓને ભેગા કર્યા. એક પછી એક કેદીને ઊભા કરી, 'આણે શું ગુનો કર્યો છે?' તે પૂછવા માડ્યું. બધા તે પ્રમાણે ઊભા થઈ કહેવા લાગ્યા કે 'હું તો નિર્દોષ છું. મારો કોઈ વાંક નથી, મને ખોટો જેલમાં પૂરવામાં આવ્યો.'

જેલર સાહેબ જોતા રહ્યા.

છેલ્લો એક કેદી ઊભો થયો. તેણે પોતાના ગુનાની વાત કરી કહ્યું કે હું ગુનેગાર છું. મેં આ ભૂલ કરી છે તેથી મને જેલમાં પૂરવામાં આવ્યો છે.

જેલર થોડી વાર કશું બોલ્યા નહીં. પછી કહે: 'આટલા બધા શરીફ માણસો વચ્ચે તું એક બદમાશ આમાં ઘૂસી ગયો?! તું અહીં શોભતો નથી. સિપાઈઓ! આને જેલની બહાર કાઢો.'

બધા શરીફ બદમાશ અવાક થઈ, પેલા બદમાશ શરીફને જેલમાંથી બા ઈજ્જત નીકળતો જોઈ રહ્યા!!

વ્યક્તિ જો પોતાનો વાંક, ભૂલ, અપરાધ કબૂલ કરી લે તો તેને ઘણી નિરાંત થઈ જાય છે. આમ છૂટી પણ જાય છે! પરંતુ તે પોતાનો વાંક કબૂલ કરે નહીં. પોતાની ભૂલમાંથી છટકવાનો પ્રયત્ન કરે. તેથી તે માફ થાય નહીં. નુકસાની ઘટે નહીં. સજા ઓછી થાય નહીં.

મુંબઈમાં ફ્રોડ, ફોર્જરી, ચેક બાઉન્સિંગ, રોડ અકસ્માત વગેરે ગુનાના કેસ ચલાવવા મેજિસ્ટ્રેટની કોર્ટની વ્યવસ્થા છે. તેની કાર્યવાહી અંગે એક વકીલ ભાઈએ રસપ્રદ માહિતી આપી. દા.ત. ફોર્ટ વિસ્તારમાં એક ગાડી બીજી ગાડીને અથડાઈ. પોલીસ આવી. ફરિયાદીની ફરિયાદ પરથી તપાસ કરી.

એક ગાડીને ખૂબ નુકસાન થયું હતું. તે બદલ પોલીસે કેસ નોંધ્યો. બેદરકાર ડ્રાઈવરની ધરપકડ થઈ. કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ ખડો કરવામાં આવ્યો. કેસની રજૂઆત કરવામાં આવી. અનુભવી મેજિસ્ટ્રેટ તરત વસ્તુ સ્થિતિ પામી ગયા. તેમણે ડ્રાઈવરને પૂછ્યું : 'શું તમે ગુનો કબૂલ કરો છો?'

ડ્રાઈવર : 'સાહેબ! મારો કંઈ વાંક નથી. મને ખોટો પકડવામાં આવ્યો છે.'

મેજિસ્ટ્રેટે તેને સમજાવતાં કહ્યું : 'જો તમે તમારો ગુનો કબૂલ કરશો તો તમને કાયદા પ્રમાણે ઓછામાં ઓછી સજા થશે. પણ જો તમે ના પાડશો અને ગુનો સાબિત થશે તો ચુકાદો અલગ આવશે.'

મેજિસ્ટ્રેટે આવું સ્પષ્ટ કહેવા છતાં પેલાએ પોતાની વાત પકડી રાખી. ગુનો કબૂલ ન કર્યો.

તેના પર કેસ ચાલ્યો. પુરાવા રજૂ થયા. સાક્ષીઓએ જુબાની આપી. કાર અથડાવવાનો ગુનો પુરવાર થયો. ફેંસલો સંભળાવતાં મેજિસ્ટ્રેટે કહ્યું: 'તમારાથી ગુનો થયો છે તે સાબિત થયું છે.'

ડ્રાઈવર: 'સાહેબ! મને ઓછી સજા કરો.'

મેજિસ્ટ્રેટ: 'મેં તમને તક આપી હતી. તમે એ વખતે કબૂલ્યું હોત તો ચોક્કસ રહેમ રાખવામાં આવત. પણ હવે તમને વધુમાં વધુ સજા થશે. પહેલાં તમને ફક્ત બે હજાર રૂપિયાનો દંડ થયો હોત. હવે તમને બે હજાર રૂપિયાનો દંડ ઉપરાંત બે મહિનાની જેલની સજા પણ ફટકારવામાં આવે છે.'

સમાજની આવી એક લાગણી હંમેશની છે. માણસથી ભૂલ થાય છે. તે થયા બાદ જો તે ભૂલ સ્વીકારે છે તો સમાજને તેના માટે કૂણી લાગણી થાય છે. સહાનુભૂતિ થાય છે. તેના પ્રત્યેનો રોષ થોડો ઓછો થાય છે. સંબંધોની કડવાશ પણ ઓછી થાય છે. ટૂંક સમયમાં તે ભૂતકાળ થઈ જાય છે.

પેરુગ્વેના પ્રેસિડન્ટ ફર્નાન્ડો લુગોનો દાખલો લો. તેઓ ૩૧ જુલાઈ, ૨૦૦૮ સુધી સાન પેડ્રો વિસ્તારમાં આવેલા ખ્રિસ્તી કેથોલિક ચર્ચના બિશપ હતા. ૧૯૯૯ની આસપાસથી તેઓ એક સ્થાનિક યુવતી સાથે સંબંધો ધરાવતા હતા. તેમનાથી તે યુવતીને એક પુત્ર જન્મ્યો. તે સમાચાર બહાર નહોતા પડ્યા. એપ્રિલ ૨૦૦૯માં યુવતીના વકીલે એવી ધમકી આપી કે તેઓ ફર્નાન્ડો સામે કેસ કરવાના છે. આવી જાહેરાત થયા પછી પાંચ દિવસમાં

ફર્નાન્ડોએ પત્રકારો સમક્ષ પોતાની ભૂલ કે જે ગણો તે કબૂલ કરતાં જાહેર કર્યું કે અહીં અને અત્યારે હું મારા દેશવાસીઓ અને અંતરાત્મા સમક્ષ પૂર્ણ પ્રામાણિકતા અને ફરજના ખ્યાલ સાથે જણાવું છું કે મારા તેની સાથે એવા સંબંધો હતા અને હું તે બાળકના પિતૃત્વની સંપૂર્ણ જવાબદારી સ્વીકારું છું.

પૂર્વ ખ્રિસ્તી બિશપ અને અત્યારના દેશના પ્રેસિડન્ટની આવી કેફિયતથી મીડિયાને આશ્ચર્ય જરૂર થયું. પરંતુ તેમણે પોતાના કર્મની કરેલી આવી કબૂલાતથી બીજી ઘણી મુશ્કેલીઓ, વિરોધના વંટોળને, લોકોના રોષને, મીડિયાની પાપારાઝી વગેરેને હાલ પૂરતી તો ખાળી છે.

મનુષ્યની નબળાઈ એ છે કે તેને ગુનો કરવા કરતાં ગુનાને કબૂલ કરવામાં વધારે શરમ આવે છે.

ભૂલ કબૂલ કરવાની હિંમત પણ હોવી જોઈએ. ભૂલ કબૂલ કરવી તે વધારે હિંમતભર્યું કાર્ય છે. તેમાં હિંમત સાથે ફરી ભૂલ નહીં કરવાની પ્રામાણિકતા પણ હોવી જોઈએ. આજનો સમાજ ભૂલ છાવરતો આવે છે. બોલેલું ફેરવી તોળે છે. કરેલું ભૂંસાડવા મથે છે.

પ્રેમાનંદ સ્વામીએ ભગવાનને કરેલી એક સુંદર પ્રાર્થના બધાએ પોતાની કરી રાખવા જેવી છે. તેમાં તેઓ પોતાથી અજાણતાંમાં પણ થયેલી ભૂલો બદલ ભગવાન પાસે માફી માગતા કહે છે :

'હાં રે, મેરી તકસીર કરિયો માફ...
બહુત બની તકસીર મેરે સે, સબ વિધિ જાનત આપ,
હમ અપરાધી જીવ જનમ કો, કહા બરનું કહી પાપ.'

વ્યક્તિ જ્યારે આવી રીતે કબૂલાત કરે છે ત્યારે તેનાં બધાં પાપ બળી જાય છે. વ્યક્તિ શુદ્ધ થાય છે પછી તે ભૂલ કરવા પુનર્જન્મ લેતો નથી.

૭

જેવી ભગવાનની ઇચ્છા !

વિશ્વવિખ્યાત સ્ટેનફર્ડ યુનિવર્સિટી.

તા. ૧૨-૬-૨૦૦૫, રવિવારની સવાર.

સમય છે : દસ ને તેત્રીસ.

આજે અહીં બેઠેલા વિદ્યાર્થીઓના ચહેરા પર ઉત્તેજના જોવા મળે છે. તેમની કુતૂહલ ભરપૂર આંખો મંચ પર બેઠેલા મહેમાન વક્તા પર સ્થિર છે. જે ગ્રેજ્યુએટ નથી, પણ 'બિથોવન ઑફ બિઝનેસ' છે. તે કમ્પ્યૂટર, હોલિવૂડ, મ્યુઝિક, રિટેલિંગ અને વાયરલેસ ફોનના ધંધામાં મિડાસ છે. સંચાલક તેની ટૂંકમાં ઓળખાણ આપે છે. ટૂંકમાં એટલા માટે કે છોકરા તેના માટે ઘણુંબધું જાણે છે. યસ! આ છે સ્ટીવ જોબ્સ. તે ધીમેથી ખુરશીમાંથી ઊભા થાય છે અને વાતાવરણમાં તાળીઓ ગુંજી ઊઠે છે. સ્ટીવ તેમના અંગત જીવનની ત્રણ કહાણી કહે છે. સફળ વ્યક્તિની કહાણી અનેક ઝંઝાવાતથી પૂર્ણ હોય છે.

કહાણી એક :

સ્ટીવ એક અપરિણીત માતાનો દીકરો છે. તેની આ બાયોલોજિકલ મા તેને પોતાની પાસે રાખવા માંગતી નથી. તેથી તેને એક દંપતીને આપી દે છે. શરત એ છે કે તેનો દીકરો યુનિવર્સિટીમાં ભણવો જોઈએ. તે પ્રમાણે માતાપિતા પોતાની બચત તેને ભણાવવામાં ખર્ચે છે. સ્ટીવે જોયું કે કૉલેજમાં ભણવાનો કોઈ અર્થ નથી. મા-બાપના પૈસા આમ નકામા વેડફાવા ન જોઈએ. કશું રસ પડે એવું ભણવું છે, કરવું છે, જીવવું છે.

તે કૉલેજમાંથી નીકળી ગયો. પછીના દિવસો સ્ટીવ માટે કપરા હતા. તે તેના મિત્રોની રૂમમાં ફ્લોર પર સૂઈ રહે. થોડું ખાવા માટે કોકોકોલાની બોટલ વીણે. રવિવારે એક જગ્યાએ મળતું મફત ભોજન ખાવા સાત માઈલ ચાલે.

પછી તેણે રીડ કૉલેજમાંથી સાદા એવા કેલિગ્રાફીના ક્લાસ શરૂ કર્યા. તેમાં તે એક્સપર્ટ થયો. સ્ટીવે છોકરાઓને જણાવ્યું કે જો તે કૉલેજમાંથી નીકળ્યો ન હોત અને કેલિગ્રાફીના ક્લાસ શરૂ ન કર્યા હોત તો 'મેકિન્ટોસ' આટલું બધું સુંદર ન હોત. કૉલેજમાંથી ડ્રોપ આઉટ થયો તે સારું થયું.

બીજી કહાણી :

જ્યારે સ્ટીવ વીસ વર્ષનો હતો ત્યારે તેણે પોતાના ઘરના ગેરેજમાં મિત્ર વોઝે સાથે એપલ કમ્પ્યૂટર બનાવવાની શરૂઆત કરી. તેમની સખત મહેનત લેખે લાગી અને દસ વર્ષમાં એપલ બે બિલિયન ડોલર્સ અને ચાર હજાર કર્મચારી ધરાવતી કંપની થઈ ગઈ! સ્ટીવને ત્રીસ વર્ષ થયાં અને તેને પોતાની કંપનીમાંથી જ લાત મારી કાઢી મૂકવામાં આવ્યો!

આ તેનું ખરાબમાં ખરાબ અપમાન હતું. પબ્લિકમાં તે ખૂબ ભૂંડો દેખાયો. તેણે પ્રશ્ન પૂછ્યો : 'How can you get fired from a company you started?' સ્ટીવને તમ્મર આવી ગયા, પણ તેનામાં ખુમારી હતી. તેણે ફરી શસ્ત્રો સજાવ્યાં.

પાંચ વર્ષમાં તેણે NeXT નામની નવી કંપની શરૂ કરી. થોડા સમય પછી Pixar નામની એનિમેશન કંપની ચાલુ કરી. પિક્સારમાં તેણે ટોય સ્ટોરી નામની દુનિયાની પ્રથમ એનિમેટેડ ફીચર ફિલ્મ બનાવી, જે હિટ ગઈ. સ્ટીવ સુપરહિટ થયો. પિક્સારને ડિઝની વર્લ્ડે ૭.૪ બિલિયન ડોલર્સ આપી ખરીદી તો એપલે નેક્સટ ખરીદી. સ્ટીવને માન સાથે એપલમાં બોલાવવામાં આવ્યો.

સ્ટીવની ત્રીજી કહાણી મૃત્યુ વિશે છે :

૨૦૦૨માં સ્ટીવને કેન્સર થયું છે એવું નિદાન થયું. સ્કેનિંગમાં તેના સ્વાદુપિંડ પર કેન્સરની ગાંઠ જોવા મળી. ડૉક્ટરોએ એવું જણાવ્યું કે કેન્સર અસાધ્ય છે. છ મહિનાથી વધુ જિવાશે નહીં. ઘરે જાવ અને લેતી-દેતી પતાવી દો. એનો અર્થ એવો થયો કે મરવાની તૈયારી કરો.

સ્ટીવ હચમચી ગયો. પણ કિશોરાવસ્થામાં એણે એક વાક્ય વાંચ્યું હતું કે If you live each day as if it was your last, someday you'll most certainly be right.

સ્ટીવ આ વાક્યને રોજ સંભારતો. સ્ટીવ મરવા માટે તૈયાર હતો.

હૉસ્પિટલમાં આખો દિવસ તેનું ચેકઅપ ચાલ્યું. ડૉક્ટરોએ કેન્સરની ગાંઠનું ટેસ્ટિંગ કર્યું તો ખબર પડી કે તેનો ઇલાજ શક્ય છે. ઑપરેશન કરવામાં આવ્યું અને બધું બરાબર થઈ ગયું.

સ્ટીવ વિદ્યાર્થીઓને ખુલ્લા મને આ બધું કહે છે. સામાન્ય વ્યક્તિની જેમ તે પણ જીવનના એક એવા વળાંક પર આવી જતો કે હિંમત હારી જવાય. નાસીપાસ થઈ જવાય, પણ તેણે હિંમત ને હામ રાખી તે દુઃખના દિવસો ભૂતકાળમાં સરી ગયા.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે દુઃખમાં જે હિંમત રાખે છે તે ભગવાનને ગમે છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે ગગનચુંબી મંદિરો બાંધ્યાં. એક વાર એક ભક્તે એમને પૂછ્યું કે આ બધાં મંદિરો જો કોઈ લઈ લે તો તમે શું કરો? ત્યારે શાસ્ત્રીજી મહારાજે સસ્મિત કહ્યું: 'આપણે તો નવી ગિલ્લી નવો દાવ! બીજાં મંદિરો કરીશું.'

માણસ જ્યારે સમયના તોફાન સામે ચટ્ટાન બની ઊભો રહે છે ત્યારે તે મહામાનવ બની જાય છે. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(બી.એ.પી.એસ.)નો વ્યાપ એક મહાકાય મલ્ટિનેશનલ કંપનીના વ્યવહાર કરતાં ઘણો મોટો છે. તેની તમામ જવાબદારી પ્રમુખસ્વામી મહારાજના શિરે હતી. વ્યવહાર હોવાથી અવારનવાર કશ્મકશ અને કટોકટી સર્જાતી હોય છે. ઉપરાંત, લાખો હરિભક્તોની અટપટી સમસ્યા પણ સુલઝાવવાની હોય છે. વધુમાં સામાજિક પ્રશ્નોના સમાધાનમાં પણ તેઓ સક્રિય ભાગ લે છે. આ બધામાં ઘણી વાર તો ઊંઘ હરામ થઈ જાય એવી પરિસ્થિતિ સર્જાતી હોય છે. છતાં તેઓ ક્યારેય હેરાન-પરેશાન થતા નથી. ચિત્તની સ્થિરતા, પ્રસન્નતા અક્ષુણ્ણ રહે છે.

આનું રહસ્ય બતાવતાં તેઓ જણાવતાં: 'આપણે કોઈ વાત આપણા માથે લેવી નહીં. કામ કરે જવું. પછી તેમાં સફળતા મળે કે નિષ્ફળતા, મૂંઝાવું નહીં. ઢીલા પડવું નહીં. પ્રયત્નો ચાલુ રાખવા અને એમ સમજવું કે જેવી ભગવાનની ઇચ્છા!'

૮

ખોટી સલાહ

મુંબઈની પ્રતિષ્ઠિત કૉલેજમાંથી એક યુવાન આઇ.ટી. એન્જિનિયર થયો. કેમ્પસ ઇન્ટરવ્યૂમાં વિખ્યાત કંપનીઓ આવી. તેમાંથી કંપનીએ તેને જોબ ઓફર કરી. પોસ્ટ સારી હતી. પગાર હતો મહિને ત્રીસ હજાર.

યુવાને તે જોબ સ્વીકારવાનો નિર્ણય કર્યો. તે સમયે તેને તેના સંબંધીએ સલાહ આપી કે ફાઇનાન્સમાં એમબીએ કરવા જેવું છે. તે તું કરીશ તો તને વધારે સારી પોસ્ટ અને વધારે સારો પગાર મળશે. યુવાને તે સલાહ માની એમબીએનો કોર્સ શરૂ કર્યો. બે વર્ષ બાદ તે નોકરી શોધવા માંડ્યો. હવે તેને આઇટીના આધારે નોકરી ક્યાંથી મળે? થોડી મથામણ પછી તેને નોકરી મળી, પણ તે ફાઇનાન્સના આધારે. પોસ્ટ હતી માર્કેટિંગની, પગાર હતો દસ હજારનો.

ખોટી સલાહને માનનારા આમ ગુમરાહ થઈ જાય છે. જ્યારે કોઈને આવી ખોટી સલાહ મળે છે ત્યારે તે કેટલી નુકસાનકારક છે તે વ્યક્તિ જલદીથી સમજી શકતો નથી.

બિલ ક્લિન્ટન સાથે પણ આવું થયું. તેઓ પણ ખોટી સલાહને ઓળખી શક્યા નહીં અને દેશને મોટો ફટકો પડ્યો. તેમણે થોડા દિવસ પહેલાં એક જાહેર ઇન્ટરવ્યૂમાં કબૂલાત કરતાં કહ્યું કે ડેરીવેટિવ્સ અંગે મને ખોટી સલાહ આપવામાં આવી હતી. મને એવું જણાવવામાં આવ્યું હતું કે ડેરિવેટિવ્સ સંવેદનશીલ અને ખૂબ કિંમતી વસ્તુ છે. તેથી તેના ખરીદનારા પણ ઓછા છે, માટે તેના વેપાર પર અંકુશો મૂકવા અને તેની આપ-લે પર નજર રાખવી તે યોગ્ય નથી. આવી સલાહ માનીને હું ચાલ્યો, પરંતુ રોકાણમાં એવું થાય છે કે જો સો રોકાણકારો હોય અને તેમાંથી કોઈ એકનું રોકાણ ખોટું થાય તો તે

બીજાં નવ્વાણું રોકાણને પણ નકામા કરી નાખે છે. ફાઇનાન્શિયલ માર્કેટમાં ડેરીવેટિવ્સનો ધંધો કરવો અટપટો છે.

વોરેન બફેટે એવું કહ્યું હતું કે ડેરીવેટિવ્સ ઇઝ અ ફાઇનાન્શિયલ વેપન ફોર માસ ડિસ્ટ્રક્શન.

ડેરીવેટિવ્સના એક્સપર્ટને પૂછવામાં આવ્યું કે ડેરીવેટિવ્સ હકીકતમાં શું છે ? તો તેણે નિખાલસપણે કહ્યું કે મને પણ તેની સંપૂર્ણ ખબર નથી. આવા એક્સપર્ટ સલાહ આપે તો તે ખોટી ન જ હોવાની.

એક લેખ લખનારે બે વાર છૂટાછેડા લીધા, કારણ કે તેનું જીવન ને વિચારસરણી એવાં કે કોઈ તેની સાથે અને તે કોઈની સાથે કાયમી રહી શકે નહીં. તેણે પછી લગ્નજીવન સફળ કેમ બનાવવું તેના પર પુસ્તક લખ્યું અને લોકો તે ખરીદે પણ ખરા. તેની આવી ખોટી પુસ્તકિયા સલાહથી છૂટાછેડાના કેસ વધે તો તેમાં નવાઈ નથી.

વ્યક્તિ જે ક્ષેત્રમાં આવું ઉપરછલ્લું, અધકચરું અને તળિયાઝાટક જ્ઞાન ધરાવે છે, તેની સલાહ હંમેશાં ખોટી હોવાની તેમાં કોઈ શંકા નથી.

ઘોડેસવાર થવા માટે ઘોડા થવાની જરૂર નથી, પરંતુ પશુ પારખવાની સમજણ જરૂરી ખરી. તેને ગધેડા, ખચ્ચર-ટટ્ટુ ને ઘોડા વચ્ચેનો ભેદભાવ ખબર હોવો જોઈએ. તો તે ગમે તેના પર સવારી કરી લેશે અને તેવાની સલાહ લેનારો તેને જ અનુસરશે.

થોડા મહિના પહેલાં મુંબઈમાં આવી ઘટના બની ગઈ. તંત્ર-મંત્ર-અંકને માનનારા એક તાંત્રિકની ચુંગાલમાં એક ભાઈ આવી ગયા. તેની ખોટી સલાહને અનુસરીને પેલા ભાઈએ પોતાના સગા લોહીને ભ્રષ્ટ કર્યું. કોઈ કંઈ પણ કહે તેના પર થોડો ઘણો વિચાર કરવો જોઈએ.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિના સંકલ્પ અનુસાર ગઢપુરમાં ઘેલાના કાંઠે ટેકરા પર મંદિર કરવાના મંડાણ કર્યાં. તેઓ તે જમીન સંપાદન કરવા પ્રયત્નો કરતા હતા. તે વખતે ભાવનગરની ગાદીનો રાજ્ય વહીવટ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને હસ્તક હતો. તેમને શાસ્ત્રીજી મહારાજની સાધુતા પ્રત્યે માન તો હતું, તેમ છતાં કોઈકની ખોટી સલાહથી તેમણે દસ્તાવેજ પર શેરો માર્યો કે આખા ભાવનગર રાજ્યમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને જમીન આપવી નહીં. પરંતુ ભગવાને અન્યથા કર્તુમ્, શક્તિ વાપરી. રાજ્ય પલટો

થયો અને તે પ્રસાદીભૂત ભૂમિ શાસ્ત્રીજી મહારાજને કાયદેસર મળી. પછી જો કે મહારાજાને સાચી વસ્તુ-પરિસ્થિતિ સમજાતાં તેઓ મંદિરના ખાતમુહૂર્ત અને કળશ-સ્થાપના એમ બંને શુભ પ્રસંગે સજોડે પધાર્યાં હતાં.

ઘણી વ્યક્તિ આટલી બધી નસીબદાર હોતી નથી. તેઓ ખોટી સલાહને અનુસરીને જિંદગીભરનું દુઃખ વહોરી લે છે. તે માટે મૅડિકલ પરિભાષામાં કહ્યું છે તેમ સેકન્ડ ઓપિનિયન લેવો જોઈએ.

સો ગળણે ગાળી પાણી પીવું તે કહેવત પણ ખોટી સલાહ ન લેવા-ન અનુસરવાના સંદર્ભમાં જ પ્રચલિત થઈ છે.

૯

કાર્યો ન સહસા કિંચિત્

એક દાંતનું દવાખાનું હતું. તેના રિસેપ્શન કાઉન્ટર પર રિસેપ્શનિસ્ટ કમ કંપાઉન્ડર કમ એકાઉન્ટન્ટ બેસે. ડેન્ટિસ્ટ પાસેથી ટ્રીટમેન્ટ લઈ એક બહેન તેની પાસે આવ્યાં. તેમને બિલના પૈસા ચૂકવવાના હોય છે. તે પોતાનું પર્સ ખોલી અંદર હાથ નાખી કશું શોધવા લાગ્યા.

આ જોઈ રિસેપ્શનિસ્ટે તેમને પૂછ્યું : 'તમારે પેન જોઈએ છે?'

તેણે એટલા માટે પૂછ્યું કે ઘણા પેશન્ટ બિલ ચૂકવવા ચેક પણ આપતા હતા. બહેન કદાચ તેના માટે પેન શોધતા હશે એવું તેણે ધાર્યું!

તેમણે કહ્યું : 'હા.'

રિસેપ્શનિસ્ટે પેન આપી. તેમણે પેન પર્સમાં મૂકી અને રોકડા પૈસા આપી ચાલતી પકડી.

પેલો તેમને જતાં જોઈ રહ્યો. પેન ગઈ! પણ હવે શું?

ઉતાવળ કરવાથી આવું પણ થાય છે. માટે ઉતાવળ ન કરવી.

ભગવાન સ્વામિનારાયણે નાનાં-મોટાં વ્યાવહારિક કાર્યો કરવા સલાહ આપતાં કહ્યું છે કે 'કાર્યં ન સહસા કિંચિત્.' કોઈ પણ કાર્ય તત્કાળ ન કરવું. તેમાં વિચાર કરવો. થોડી રાહ જોવી. થોડી વાર લગાડવી. થોડા દીર્ઘસૂત્રી થવું.

ઘણી વાર કોઈ કાર્યને સંપન્ન કરવામાં ઓછો સમય લેવાથી તેનું પરિણામ આપણા હાથમાં રહેતું નથી. તે સામેવાળાના હાથમાં સરી જાય છે. બાજી બગડી જાય છે.

સ્ટીવન કોવેએ 'સેવન હેબિટ્સ ઑફ હાઇલી ઇફેક્ટિવ પીપલ' નામનું પ્રેરણાદાયી પુસ્તક લખ્યું છે. તેની લાખો કોપી વેચાઈ છે. તેમાં રહેલા સિદ્ધાંતોએ લોકોને મૅનેજમેન્ટની નવી દૃષ્ટિ આપી છે. તેમને વિચાર

આવ્યો અને પુસ્તક લખી નાખ્યું એવું નથી. તેઓએ ઉતાવળ કર્યા વગર ખૂબ શાંતિથી મનમાં વિચારને પરિપક્વ બનાવ્યો. તેના એક ભાગરૂપે તેમણે છેલ્લાં ઘણાં વર્ષોમાં મૅનેજમેન્ટ પર લખાયેલાં સેંકડો પુસ્તકો શોધ્યાં. તેને ભેગાં કર્યાં. પછી તે અને તેમનાં પત્ની અમેરિકાથી દૂર એક ટાપુ પર ધૂણી ધખાવીને બેઠા. પ્રત્યેક પુસ્તકનું વાંચન કર્યું. તેમાંથી અલગ નોંધો ટપકાવી. તેનો સાર કાઢ્યો. તેમાં પોતાની અનુભૂતિ ઉમેરી લખાણ શરૂ કર્યું. પુસ્તક તૈયાર થયું અને માર્કેટમાં આવતાં જ હિટ થઈ ગયું.

એક સામાન્ય કુંભાર પણ માટીનું કોડિયું બનાવી તેને પાકું કરવા નિભાડામાં શેકે છે. નાનું કોડિયું પણ ઈન્સ્ટન્ટ થતું નથી, તો ઈન્સ્ટન્ટ રસગુલ્લા બનાવવા માટે તેના બનાવનારે કેટલો સમય લીધો હશે તેની ત્રિરાશી માંડી શકાય છે.

માર્કેટમાં કોઈ વસ્તુ ફટાફટ મળે તેનો અર્થ એવો નથી કે તે એક સેકન્ડમાં બની છે. તેની એક પ્રક્રિયા હોય છે જે આપણને દેખાતી નથી.

પરીક્ષામાં વિદ્યાર્થીને પ્રશ્નપત્ર અને સમય દેખાતો હોય છે. ઘડિયાળની ટકટક તેમની ધડકન વધારતી હોય છે. તેમાં ઝડપથી પેપર પૂરું કરવાની લાયમાં પરીક્ષાર્થી 'સિલી મિસ્ટેક' કરી નાખે છે. પરીક્ષા પછી જ્યારે તેનું બીજા મિત્રો સાથે ચેકિંગ થાય છે ત્યારે તે બોલી ઊઠે છે કે અરે ! આ તો મને આવડતું હતું. નકામી ઉતાવળ કરી નાખી.

ઘણી વ્યક્તિ વિચાર્યા વગર કામ કરે છે તેવી રીતે ઘણા વિચાર્યા પહેલાં બોલી નાખે છે. બોલ્યા પછી ખબર પડી. આ તો બફાઈ ગયું ! આ વાત અહીં સુધી બરાબર છે.

શિક્ષાપત્રીની આ વ્યવહારલક્ષી શિખામણ બાદ ઉપદેશના બીજા ચરણમાં એવું કહેવામાં આવ્યું છે કે 'કાર્યો ધર્મસ્તુ સત્વરમ્।' ધર્મનું કાર્ય તત્કાળ કરવું. તેમાં વિલંબ ન કરવો. દાન, તપ, માળા, સ્તવનપાઠ, કથા-શ્રવણ, પ્રદક્ષિણા, યાત્રા વગેરે ધાર્મિક ક્રિયા છે, તેને ઠેલવી નહીં. તેને જો એક વાર ઠેલવામાં આવે તો કદાચ કાયમ માટે તેને ધક્કો લાગી જાય છે. ખરાબ ટેવ પાડવામાં ઓછો સમય અને સારી ટેવ પાડવામાં વધુ સમય લાગી જાય છે.

રાજા યુધિષ્ઠિરનો એવો નિયમ કે રોજ બ્રાહ્મણો, ભિખારીને જરૂરતમંદને દાન આપવું. આ ક્રમ પ્રમાણે તેઓ દાન-દક્ષિણા આપી રહ્યા હતા. તેમાં રોજ

કરતાં વધુ સમય લાગી ગયો. તેમણે વિચાર્યું કે આજે તો આટલું કર્યું છે. બાકીનાને આવતીકાલે આપશું. તેઓ ઊભા થયા.

ભીમે આ જોયું, તેણે તરત વિજય ઢોલ પીટવો શરૂ કર્યો. બધા આ પ્રકારનો કવેળાનો વિચિત્ર ઢોલનાદ સાંભળી તેની આજુબાજુ ભેગા થઈ ગયા. તેને પૂછ્યું કે અત્યારે કોઈ દુશ્મન નથી. કોઈ યુદ્ધ ચાલતું નથી. કોઈ વિજેતા નથી. તો વિજય ઢોલ શા માટે વગાડે છે ?

ભીમે કહ્યું કે મારા ભાઈ યુધિષ્ઠિરે મૃત્યુ પર વિજય મેળવ્યો છે. તેણે નક્કી કર્યું છે કે આવતીકાલે દાન આપીશ. તેમનો મૃત્યુ પરનો વિજય થયો છે માટે હું ઢોલ વગાડું છું.

યુધિષ્ઠિર સમજી ગયા. તેમણે વિચાર્યું કે માળો, જાડો છે પણ જાડી બુદ્ધિનો નથી. ધર્મનું કાર્ય મુલતવી ન રખાય. તેની વાત બરાબર છે. ધર્મનું કાર્ય તત્કાળ કરવું. રખે હમણાં જ દેહ પડી જાય ને પરલોકની સાધના વ્યર્થ જાય.

૧૦

સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું રે...

જેક થોમ્પસન. ફ્લોરિડાના આ વકીલને ઘણા લોકો દુષ્ટ માને છે કારણ કે એ લોકો સ્વાર્થી છે. એની વિરુદ્ધમાં I Hate Jack Thompson લખેલાં ટી-શર્ટ વેચાય છે કારણ કે જેક એ લોકો માટે સમાજમાં વિપરીત ભાવના ઊભી કરી રહ્યો છે. હવે તેને મોતની ધમકીઓ પણ મળે છે કારણ કે એ હિંસક અને અશ્લીલ વીડિયો ગેમ્સના બેફામ વેચાણ સામે આંદોલન જગાવી તેમનું જીવવું હરામ કરે છે. જેક થોમ્પસને વોલ માર્ટ અને બેસ્ટ બાય જેવી માતબર કંપનીઓ સામે કેસ કર્યો છે. તે કહે છે કે વિકૃત વીડિયો ગેમ્સ રમીને નાનાં બાળકો બગડે છે. ગંદી આદતો પડે છે. તેની વાત સાચી છે. જુલાઈ ૨૦૦૪માં ૧૬ વર્ષીય ફોડે ચોસેએ પોતાના કુટુંબના ત્રણ સભ્યોને મારી નાખ્યા. ચોસેના આવા આક્રમક માનસના મૂળમાં છે તેને પડેલું વીડિયો ગેમ્સનું વ્યસન. પણ લેભાગુ વેપારીઓ તેની સામે પડ્યા છે. જ્યારે સત્યનિષ્ઠ વ્યક્તિ ખોટી વસ્તુનો વિરોધ કરે છે ત્યારે તેના પ્રાણ જોખમમાં મુકાય છે. અસત્યને સત્યની અદેખાઈ આવે છે. સ્વાર્થને સત્યની અદેખાઈ આવે છે. આ નિરંતરનો ક્રમ છે. સત્ય કરતાં કઠોર બીજું કશું નથી. સત્ય પચાવવું મુશ્કેલ છે. સત્ય જ્યારે અસત્ય પર આઘાત કરે છે ત્યારે તેને જીરવવું અસહ્ય થઈ જાય છે. આવા સંજોગોમાં સત્યને અને સત્યાન્વેશીને મિટાવી દેવાનાં અમાનવીય કૃત્ય જન્મે છે. યજુર્વેદમાં કહ્યું છે:

'સત્યં સત્યં વદિતં। યથાગ્નિં સમિદ્ધન્તં ધૃતેનાભિગ્યેદેવં હૈનં સ ઉદ્દીપયતિ। તસ્ય ભૂયો ભૂય એવ તેજો ભવતિ। શ્વઃ શ્વઃ શ્રેયાન્ભવતિ, અથ

યોઽનૃતં વદતિ સ યથાગ્નિમ્। સમિદ્ધન્તમ્ ઉદકેનાભિસિંચેદ્। એવં હૈનં સ જાસયતિ તસ્ય કનીયઃ કનીય એવ તેજો ભવતિ। શ્વઃ શ્વઃ પાપીયાન્ ભવતિ।'

જે રીતે સળગતાં અગ્નિમાં હોમાયેલું ઘી અગ્નિને પ્રદીપ્ત કરે છે અને તેનું તેજ વધારે છે તેમ સત્ય બોલનાર દિવસે દિવસે શ્રેય પામે છે, અને જેમ ભભૂકતાં અગ્નિમાં રેડાયેલું પાણી અગ્નિને ઠારે છે ને તેજ ઘટાડે છે તેમ અસત્ય બોલનાર દિવસે દિવસે પાપી થાય છે. આવા નરપશુઓ સત્યનું ગળું કાપે છે.

ડાઉ જોન્સ કંપનીના 'વોલ સ્ટ્રીટ જર્નલ' છાપાંના સાઉથ ઈસ્ટ એશિયાના બ્યુરો ચીફ તરીકે ડેનિયલ પર્લ મુંબઈમાં કાર્યરત હતા. ફરજના ભાગરૂપે તેને સત્ય શોધવાનું, રિપોર્ટિંગ કરવાનું અને લખવાનું થતું. તે અરસામાં આતંકવાદીઓએ ટ્વીન્સ ટાવર તોડી નાખ્યાં. તેમાં ૩,૦૦૦ નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેવાયો, અબજો રૂપિયાનું નુકસાન થયું. આ ઘટના પછી ડેનિયલે આતંકવાદીઓ આવાં પાપ માટે જરૂરી પૈસા કેવી રીતે ઊભા કરી તેની આપ-લે કરે છે તે શોધ્યું, છાપ્યું અને સનસનાટી ફેલાવી દીધી. આ ઉપરાંત એ ષડયંત્રમાં સંડોવાયેલાની માહિતી પણ તેની પાસે હતી. તેને દગો આપી પકડવામાં આવ્યો. આખી દુનિયાએ તેને છોડી દેવા અપીલ કરી. ડેનિયલ થોડા દિવસમાં એક બાળકનો પિતા થવાનો હતો. એડમ (બાળકનું નામ) પોતાના પિતાને જોવા સદ્‌નસીબ ન બન્યો.

ડેનિયલના દસ ટુકડા કરી તેને હંમેશ માટે ચૂપ કરી દેવાયો! વાસ્તવિકતા નવલકથા કરતાં વધુ વેધક હોય છે. ઘાતક હોય છે. સત્ય ક્યારેય જૂઠની લીટીને ભૂંસાડવાનો પ્રયત્ન ન કરે. તે પોતાની ગાથા રજૂ કરે. ભગવાન સ્વયં તેની લીટી લાંબી કરે. કુરાનમાં પણ કહ્યું છે કે ભગવાન પોતાની વાણીથી અસત્યનો નાશ કરે છે ને સત્યને સ્થાપે છે. (૪૨:૨૪) વાસ્તવિકતા ભગવાનની વિભૂતિ છે. તેમાં તેજ છે. એ વ્યક્તિ સત્યદંડ લઈને બહાર પડે છે. સમાજને ખબર પડે છે. અસત્યને ખબર પડે છે. વિરોધ થાય છે. અવરોધ આવે છે. પણ ધીરે ધીરે કાફલો વધવા માંડે છે. *મૈં અકેલા હી ચલા થા જાન કે મંઝિલ લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.* એકમાંથી બે થાય. એકમાંથી અનેક પણ થાય. અનેકથી આકાશ ભરાઈ જાય. ભગવાન સ્વામિનારાયણે પોતાના ઉપદેશગ્રંથ વચનામૃતમાં કહ્યું છે કે

કોઈથી દબાઈને રહેવું તે અતિશય ભૂંડું છે. અર્થાત્ જે વસ્તુ ખરેખર સારી હોય અને મનમાં બરોબર ખાતરી થઈ હોય તે વ્યક્તિ અને સમષ્ટિના શુભાર્થે વ્યક્ત કરવી જોઈએ. અલબત્ત, એના માટે પીઢ વ્યક્તિ સાથે વિમર્શ જરૂરી છે. પછી તેમાં વિઘ્નોની વણજાર આવે તોપણ તેમાં પાછાં પગલાં ન ભરવાં. ભગવાનના વ્યસનમુક્તિ અને જીવનશુદ્ધિનાં સર્વજીવ હિતાવહ વચનો તેમના ત્રણ હજાર પરમહંસોને સર્વથા સત્ય મનાયાં હતાં. તેથી તેમણે તે બોલવામાં કરકસર ન કરી. તેઓ તો ગાતાં *'સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું રે...'* વિચરણ કરી તેઓ લોકો પાસે જતા. તેમનાં જીવન પવિત્ર બનાવી ભગવાનનું ભજન કરવાનું શિખવાડતા. શ્રદ્ધા દૃઢાવતા અને અંધશ્રદ્ધા તોડતા. તેમના અથાક પરિશ્રમથી સમાજમાં દોરા-ધાગા, મેલી વિદ્યા, વહેમ, વ્યસન અને વિષયાસક્તિ નષ્ટ થવાં લાગ્યાં. તેમનો પણ પ્રચંડ વિરોધ થયો. ઈતિહાસ એવું નોંધે છે કે સત્યને રજૂ કરનારા આવા હજારથી વધુ સાધુઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા. તેમ છતાં સત્યનો પ્રકાશ ક્ષીણ ન થયો. તે વધુ પ્રજ્વલિત થયો. દશે દિશામાં ફેલાઈ ગયો.

મધ્યયુગમાં આતંકી ઔરંગઝેબે હિંદુઓ પર અત્યાચાર કરવામાં કંઈ બાકી ન રાખ્યું. મંદિરો તોડ્યાં. શાસ્ત્રો બાળ્યાં. બ્રાહ્મણોને વટલાવ્યા. એમાંનો એક અત્યાચાર એટલે જનોઈ પહેરવા પર પ્રતિબંધ! પોતાનાં હિંદુ ભાઈઓની આવી હાલાકી ગુરુ તેગબહાદુરસિંગ જોઈ ન શક્યા. તેમણે સત્ય વાતનો પક્ષ રાખ્યો. લડત આપી. આખરે તેના માટે પોતાના પ્રાણનું બલિદાન પણ આપ્યું. ટાગોર આવા વિરલાઓ માટે લખે છે: *'જોદિ તોર ડાક શુને કેઊ ના આશે, તોબે એકલા ચોલો રે...' તારી જો હાક સુણીને કોઈ ન આવે તો એકલો જાને, એકલો જાને, એકલો જાને રે...* હવે નવા જમાના પ્રમાણે પૈસા કમાવા લોકો ઔરંગઝેબનાં કાળા કારનામાંઓનું રિમિક્સ કરી તેને સત્યવાદી હરિશ્ચંદ્ર બનાવી દે તો નવાઈ નહીં.

રશિયન જાસૂસી સંસ્થા કેજીબીમાં એલેક્ઝાંડર લેટવિન્કોએ ઘણાં વર્ષો કામ કર્યું. ૨૦૦૬માં તે બ્રિટિશ નાગરિક થાય છે! નવેમ્બર ૨૦૦૬ના રોજ તેને ભોજનમાં પોલોનિયમ-૨૧૦ નામનો અતિ કાતિલ ઝેરીલો રેડિયો એક્ટિવ પદાર્થ આપવામાં આવ્યો. ત્રણ અઠવાડિયામાં તેના બધા જ વાળ ખરી ગયા. વજન ખૂબ ઘટી ગયું. વિષને કારણે તેનું જીવન વિષમ થઈ

ગયું. ૨૩ નવેમ્બર ૨૦૦૬ના દિવસે દમ તોડતા પહેલાં તેણે પોતાને ઝેર આપનારને લખ્યું : 'You may succeed in silencing one man, but the howl of protest from around the world will reverberate in your ears for the rest of your life.'

તમે કદાચ એક વ્યક્તિને (સત્ય બોલતો) ચૂપ કરવામાં સફળ થશો, પણ આખા વિશ્વમાં વિરોધનું આક્રંદ તમારા કાનમાં આખી જિંદગી સુધી ચિત્કારતું રહેશે. સત્ય ક્યારેય શાંત નહીં રહે.

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ શાસ્ત્રીજી મહારાજે પોતાની વિચક્ષણ બુદ્ધિથી અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત તપાસ્યો. એમના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ પણ તેના પર મહોર મારી. આ પછી તેમણે સિદ્ધાંત પ્રવર્તાવ્યો. તે સમયે તેમનો જબરજસ્ત વિરોધ થયો. શાસ્ત્રીજી મહારાજને બોલતા બંધ કરવા અનેક કાવતરાં રચાયાં. છેલ્લા ઉપાય તરીકે તેમને ખીચડીમાં ઝેર અપાયું. તેઓ આ વાત જાણી ગયા છતાં ખીચડી જમ્યા. ભગવાનની કૃપાથી ઝેર પચાવી ગયા. ભગવાન સત્યની રક્ષા કરે છે કારણ કે પદ્મપુરાણમાં કહ્યું છે કે *'સત્યે પ્રતિષ્ઠિતા લોકો ધર્મઃ સત્યે પ્રતિષ્ઠિતઃ ઉદધિ સત્યવાક્યેન મર્યાદાં ન વિલંઘયતિ ।'* સત્ય પર સંસાર ટક્યો છે. સત્યથી ધર્મ રહ્યો છે. આથી સત્ય સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. અલગ અલગ ક્ષેત્રમાં, વિભિન્ન દેશમાં કોઈએ કલ્પના ન કરી હોય ત્યાંથી સત્યનો જ્વાળામુખી ફાટે છે. તેનો અપ્રતિમ ધડાકો, લાવા, ગરમી, તેજ, પ્રવાહ અસત્યવાદીઓનાં કાળજાં કંપાવે છે, પછી સત્ય-અસત્યનો જંગ છેડાય છે, નોંધનીય એ છે કે ઘણી વાર સત્યના પક્ષમાં કોઈ હોતું જ નથી. તેને એકલા લડવું પડે છે, પણ તે ઝીંક લીધે રાખે છે. તેને હારવું પણ પડે છે, પરંતુ તે હારીને જીતી જાય છે. જ્યારે અસત્ય જીતીને હારી જાય છે. જીવીને મરી જાય છે. સત્ય છાતી કાઢી જીવે છે. અસત્ય આંખો કાઢી જીવે છે. અસત્યવાદીને ઊંઘમાં પણ અજંપો છે. સત્યવાદીને ખૂલી આંખે પણ શાંતિ છે. પણ એક વાત છે. થોડું સાચું કહેતાં પહેલાં, થોડું સાચું લખતાં પહેલાં ઘણું સાચું જીવવું પડે છે અને એનું જ મૂલ્ય છે, એ જ અમૂલ્ય છે, એ જ સત્ય છે.

૧૧

હરિ અક્ષર હળવાફૂલ

માણસ સતત ભાર નીચે જીવે છે, તેનાં કારણો ઘણાં હોય છે. ઘરની જવાબદારી, ધંધો-નોકરી, બાળકો, પ્રોફેશન, મંદી... આ બધાનાં મહામોટા ભાર નીચે માણસ પોતાની હળવાશ ખોઈ બેસે છે. હસવાનું, હસાવવાનું ભૂલી જાય છે.

ટેનિસના મહાન ખેલાડી ઈવાન લેન્ડલ જ્યારે કોર્ટમાં રમતા હોય ત્યારે એમના ચહેરા પર એક પ્રકારનો ભાર નિરંતર દેખાયા કરતો. કોર્ટમાં જ નહીં, પરંતુ કોર્ટની બહાર પણ એમની મુખમુદ્રા લગભગ એવી જ રહેતી. તેઓ કહેતા: 'જો મારે હસવું હોય તો મારે તેના માટે વિચાર કરવો પડે.'

માણસ પોતાની સહજતા ખોઈ બેઠો છે. બીજા પક્ષે પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ સહજ છે. એમના સાંનિધ્યમાં પ્રવેશ કરવાથી દિવ્ય હળવાશની અનુભૂતિ થાય છે. એમની બોલીમાં વિશ્વની મહાન વિભૂતિ, દેશવિદેશમાં પથરાયેલી મહામોટી સંસ્થાનાં કર્તાહર્તા કે ઉંમર, અનુભવનો ભાર જણાતો નથી. મન નિરાંત અનુભવે છે. હસી પડાય છે. આપણને થાય કે અરે!... આ તો આપણા જેવા છે. આપણા છે. આવી લાગણી ભારતના ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસને થઈ.

સ્વામીજીની વિશ્વવ્યાપી પ્રશસ્તિ સાંભળી એમનાં દર્શન કરવાની પ્રબળ ઈચ્છા થઈ. એમણે તપાસ કરી તો ખબર પડી કે સ્વામીજી અમદાવાદ નજીક સારંગપુર ગામમાં બિરાજમાન છે. ફર્નાન્ડિસ મિલિટરીના સ્પેશિયલ હેલિકોપ્ટરમાં સારંગપુરમાં આવ્યા. સ્વામીજીએ એમને સત્કાર્યા. ફર્નાન્ડિસે ખૂબ આદર, પ્રેમથી પ્રણામ કર્યા. બધા બેઠા, બે-ચાર વાક્યોની આપ લે થઈ.

સ્વામીજીએ બાજુમાં બેઠેલા સંતને ધીમેથી યાદ કરાવ્યું કે સાહેબને

પૂછો કે કઈ ભાષામાં વાત કરવી અનુકૂળ છે?

સંત થોડી ગડમથલમાં પડ્યા કે પૂછવું કે નહીં?

ફર્નાન્ડિસે આ જોયું. પછી સહસા પૂછ્યું કે સ્વામીજી શું કહે છે?

સંતે કહ્યું કે સ્વામીજી પૂછે છે કે તમને એમની સાથે કઈ ભાષામાં વાતચીત કરવી ફાવશે?

ફર્નાન્ડિસને થયું કે સ્વામીજીને તો ઘણી બધી ભાષા આવડતી લાગે છે. તેઓ થોડા મૂંઝાયા. પછી કહે: 'વૈસે તો મેરી ગુજરાતી અચ્છી નહીં હૈ. થોડી બહોત સમજ સકતા હૂં.' કહેતાં કહેતાં સ્વામીજી કઈ ભાષામાં વાત કરશે તેનો વિચાર કરવા લાગ્યા.

તેમની ચિંતા જોઈ સ્વામીજીએ ધીમેથી કહ્યું: 'સાહેબ! જૈસી આપકી ગુજરાતી હૈ વૈસી હી મેરી હિંદી હૈ!'

ફર્નાન્ડિસ તરત સમજી ગયા અને સૌ સાથે તેઓ પણ હસી પડ્યા.

સ્વામીજીનો આવો આત્મીય વ્યવહાર ફર્નાન્ડિસના દિલમાં ઊતરી ગયો. પછી જ્યારે તે સંતોને મળતા ત્યારે અવશ્ય કહેતા કે સ્વામીજીનું વ્યક્તિત્વ હળવુંફૂલ છે.

ફિલસૂફ લોંગ ફેલો આ સંદર્ભે માર્ગદર્શન આપતાં કહે છે : 'મહાન પુરુષોનું જીવન આપણને યાદ કરાવે છે કે આપણે પણ આપણું જીવન ભવ્ય બનાવી શકીએ તેમ છીએ.'

સ્વામીજી હાર્ટપેશન્ટ છે. એમને એક એટેક આવી ગયો છે. વળી, બાયપાસ ઑપરેશન કરાવ્યું છે. ઉંમર પણ સત્યાશી વર્ષની છે. તેથી સ્વામીજી સામાન્ય રીતે સોફા ચૅર-ખુરશીમાંથી ઊભા થાય છે ત્યારે બે સેવકો એમને હાથથી પકડી ટેકો આપે છે. પછી ધીમેથી ઊભા કરવામાં આવે છે. બેસવું હોય, સૂવું હોય ત્યારે પણ એવી જ રીતે ધીમેથી બેસાડવામાં આવે છે. એક વાર એમણે એમનો પત્રવ્યવહાર સંભાળનાર ધર્મચરણ સ્વામીને બોલાવવા કોઈને મોકલ્યા. પેલા ભાઈ ભૂલી ગયા. ઘણો સમય વીતી ગયો એટલે સ્વામીજી જાતે ઊભા થઈને પોતાના કમરામાં જઈને સૂઈ ગયા. પછી જ્યારે એ જાગ્યા ત્યારે એક સંતે કહ્યું: 'સ્વામી! તમે તો જાતે જ શાલ ઉપાડી સૂઈ ગયા.'

સ્વામીજીએ જવાબ આપ્યો : 'હું પણ 'સ્વયંસેવક' ખરો ને!'

ગયા વર્ષે તા. ૨, જાન્યુઆરીએ જસલોક હૉસ્પિટલમાં સ્વામીજીની

એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. સૌ સ્વામીજીનાં સ્વાસ્થ્ય માટે ચિંતિત હતા. ત્રીજી તારીખે પણ બધા એમના માટે પ્રાર્થના કરતા હતા. તે સવારે સ્વામીજી ભોજન લઈ રહ્યા હતા, પરંતુ ખાસ જમતા ન હતા. ખીચડી-દહીં થોડું જમ્યા. સંતો-ડૉક્ટરો જમવાનો આગ્રહ કરવા લાગ્યા.

સ્વામીજી કહે: 'ખાવું હોય તોપણ મન થતું નથી.' બધા કહે: 'ભલે મન ન થાય, પણ દવાની જેમ ખાઈ તો લેવું જ.' પછી જમવાની વાત નીકળી. બપોરના ૨-૩૦ વાગે સ્વામીજી જાગ્યા. જમવાનું આવ્યું. સંતો અને ડૉક્ટરો આવી ગયા. સ્વામીજીએ ઢીલા મુખે જમવાનું શરૂ કર્યું.

એક સંત કહે: 'ખાતી વખતે આમ ઢીલા ઢીલા કેમ છો?'

સ્વામીજી ઠાવકું મોં કરીને કહે: 'તમે બધા કહો છો ને કે દવાની જેમ જમવું. એટલે દવા લેતી વખતે તો મોઢું બગડી જ જાય ને!'

સ્વામીજીએ ચતુરાઈથી સૌની દલીલ સૌને પાછી સુપરત કરી અને ખૂબ હસ્યા. સંતો પણ હસી પડ્યા. પોતાની બીમારીમાં પણ આમ હળવા રહી શકે, હસી શકે અને હસાવી શકે એવા કેટલા? તેમની આવી હળવાશ પ્રભુદત્ત છે.

ગમે તેવી પ્રતિકૂળ કે ખરાબ પરિસ્થિતિને આમ હળવી કરી દેવી તે સામાન્ય વાત નથી. લોકોને આખી દુનિયાની ચિંતા થાય છે. તે થવી અમુક હદે જરૂરી છે પણ ઘણી વાર એવી બિનજરૂરી બાબત જીવનનો આનંદ છીનવી લે છે. એવી એક આંતરરાષ્ટ્રીય વેદનાને લઈ એક ભાઈ સ્વામીજી પાસે આવ્યા. ઉદાસ મુખે કહે: 'સ્વામી! ત્રીજું વિશ્વયુદ્ધ તો નહીં થાય ને?'

સ્વામીજી એને જોતા રહ્યા. પછી કહે : 'તારા ઘરમાં યુદ્ધ ન થાય તે જોજો!'

પેલા ભાઈથી હસી જવાયું અને ખુશ થઈને જતા રહ્યા. જ્યાં હૃદય હળવું બને તે સાચી સાધુતા.

જ્યાં જીવનની સહજતા હોય તે સાચી દિવ્યતા. સ્વામીજીની આવી સહજ પ્રતિમા સાહિત્યકાર હરીન્દ્ર દવેને ખૂબ ગમતી. તેઓ અવારનવાર પોતાનો ભાર સ્વામીજીનાં ચરણોમાં મૂકી જતા. અને કહેતા: *'હરિ અક્ષર હળવાફૂલ અમે સૌ ભારી...'*

૧૨

શું તમારે અંતર્દૃષ્ટિ કરવી છે ?

એક વાર દસ માણસો તળાવમાં નાહવા પડ્યા. નાહીને બહાર આવ્યા ત્યારે કેટલા બહાર આવ્યા તેની ગણતરી માંડી. જોયું તો નવ જ થયા. બધાએ ફરી ફરી ગણી જોયું. પણ નવ જ થાય. તેથી બધા રડવા લાગ્યા. કહે : 'દસમો કોણ ડૂબી ગયો ?'

'દશમ: ક: ?'

તે સમયે એક સંત ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. આ બધાને રડતા જોઈ રડવાનું કારણ પૂછ્યું. તેઓએ જણાવ્યું કે અમે દસ જણા તળાવમાં નહાવા ગયા. પરંતુ બહાર આવ્યા ત્યારે નવ બહાર આવ્યા. દસમો ડૂબી ગયો. આ દસમો કોણ છે તેની ખબર નથી.

સંતે જોયું તો દસ તો હતા જ. એમણે પુન: ગણતરી કરવા કહ્યું. ગણતરી કરી તો નવ જ થયા. તેણે પૂછ્યું : *'દશમ: ક: ?'*

સંતે કહ્યું : '*દશમસ્ત્વમસિ.* દસમો તું છે !'

આ ફક્ત પેલા દસની નહીં પણ આખી દુનિયાની વાત છે. આપણે દુનિયાને જોઈએ છીએ પણ આપણી જાત સામું ક્યારેય જોતા નથી. પોતાના જીવન સામે જોવું એટલે અરીસા સામે જોવાની વાત નથી. પોતાના જીવન સામે પોતાના આત્મા સામે જોવાની વાત છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ્રંથમાં કહ્યું છે કે જે બહારના અનંત પદાર્થને જુએ છે પણ પોતે પોતાને જોતો નથી એ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની, ઘેલમાં અતિશય ઘેલો, મૂર્ખમાં અતિશય મૂર્ખ અને નીચમાં અતિશય નીચ છે.

સોક્રેટિસે કહી દીધું : The unexamined life is not worth living.

અંતર્દષ્ટિ કર્યા વગરનું જીવન વ્યર્થ છે. આવું વ્યર્થ જીવન આધુનિક માણસની મોટી નબળાઈ થતું જાય છે.

વ્યક્તિ પોતાના જીવન સામે દૃષ્ટિ રાખવાને બદલે બાહ્યદૃષ્ટિ રાખતો થયો છે. બીજાના જીવનને જુએ છે, એમાં મજા માણે છે. જીવન કૃતાર્થ માને છે. આજે આ દૃષ્ટિ રોગચાળા સમાન થઈ ગઈ છે.

રસ્તે ચાલનારા ગાડીમાં કોણ બેઠું છે તે જુએ છે અને ગાડીમાં બેસનારા રસ્તે કોણ ચાલે છે તે જોયા કરે છે. આનાથી વ્યક્તિનો અસંતોષ વધતો જાય છે. કંઈક વધુ પામવાની ઇચ્છા વધતી જાય છે. આ ઇચ્છા જ દુઃખનું કારણ બને છે.

આ દુઃખ નિવારણનો એક અક્સીર ઉપાય જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે ? સિંહ જ્યારે ચાલે ત્યારે એક પગલું ભરી આજુબાજુ જુએ. વિચાર કરે પછી આગળ વધે. મનુષ્યે આવું સિંહાવલોકન કરવું જોઈએ.

શંકરાચાર્યે માનવીય સિંહાવલોકનની દિશા આપતાં જણાવ્યું છે કે *કસ્ત્વં કોઽહં કુત આયાતઃ કા મે જનની કો મે તાતઃ।*

એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છેઃ

પ્રત્યહં પ્રત્યવેક્ષેત નરશ્ચરિતમાત્મનઃ।
કિન્નુ મે પશુભિસ્તુલ્યં કિન્નુ સત્પુરુષૈરિવ ॥

મનુષ્યે રોજ પોતાનું જીવન તપાસવું અને એમ વિચાર કરવો કે શું તે પશુ સમાન છે કે સંત સમાન છે. અંતર્દષ્ટિની આ યથાર્થ વ્યાખ્યા છે.

કઠોપનિષદમાં કહેવામાં આવ્યું છે: *પરાંચિ ખાની વ્યતૃણત્ સ્વયંભૂઃ તસ્માત્ પરાઙ્ પશ્યતિ નાન્તરાત્મન્।* ભગવાને બધી ઇંદ્રિયોનાં દ્વાર બહાર બાજુ બનાવ્યાં છે. તેથી તેનાથી બહારની વસ્તુ દેખાય છે. પરંતુ અંતરાત્મા (ને અંતરની ભાવનાઓ) તરફ દૃષ્ટિ જતી નથી.

જન્મોજન્મથી આપણી દૃષ્ટિ બહાર દૂર-સુદૂર ફેલાઈ છે. તેથી તેને અંતર સન્મુખ કરવી તે શરૂઆતમાં અત્યંત કઠિન છે. તે માટે નિશદિન નિરંતર વિચાર કરવો પડે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ.મ.૬૨માં જણાવે છે કે તે વિચાર જ્ઞાનસ્વરૂપી છે. તે વિચારને જ્યારે જીવ પામે છે ત્યારે તે જીવની વૃત્તિ

કાશી સુધી લાંબી હોય તે ધીમે ધીમે સંકેલાઈને પોતાના દેહમાં આવે પછી દેહમાંથી ટૂંકી થઈને ઇંદ્રિયોનાં ગોલોકમાં પછી ત્યાંથી અંતઃકરણ સન્મુખ થાય છે અંતે આત્મામાં રહે છે. તેથી જીવ સ્વશુદ્ધિ અને સ્વવિકાસ માટે જાગ્રત થાય છે. અંતે તે આત્મામાં ભગવાન પણ દેખાય છે.

બેંજામીન ફ્રેંકલિનને આવી અંતર્દષ્ટિ હતી. તેમણે એક ટેબલ બનાવ્યું હતું. તેમાં તેઓ રોજ પોતાના સ્વભાવ, દોષોનું નામું લખતા. ક્રોધ કેટલો થયો છે. ક્રોધ થયો તો તેને ટાળવો જોઈએ. આમ તેમણે સ્વવિકાસ-સ્વશુદ્ધિ પર ખૂબ ભાર મૂકી પોતાના અંતરને સ્વચ્છ કરવાનો પ્રયત્ન કરે રાખ્યો હતો.

મયારામ ભટ્ટ ભગવાન સ્વામિનારાયણના આવા શિષ્ય હતા. એક વખત સાંજનું ભોજન લઈ તેઓ તેમના ભાઈ ગોવિંદરામ સાથે નવી દુકાન કરવાની ચર્ચા કરવા બેઠા. ઘણો સમય વીતી ગયો. સવાર થયું. કૂકડો બોલ્યો મયારામ ચમક્યા. પૂછ્યું : 'શું થયું ?'

કહે : 'ભાઈ ! કૂકડો બોલ્યો. સવાર થયું છે.'

તેમને આંચકો લાગ્યો. અંતર્દષ્ટિ કરી તેઓ કહે : 'અહો ભાઈ ! દુકાન કરતાં પહેલાં તેની વિચારણામાં જ આપણી ઊંઘ ઊડી ગઈ તો દુકાન કર્યા પછી શું થશે ? માટે આ વિચાર પડતો મૂકો ને ભગવાનનું ભજન કરો.'

વિશ્વના શ્રીમંત-શ્રેષ્ઠ બિલ ગેટ્સને મોડે મોડે આ વાત સમજાઈ. તાજેતરમાં જ તેણે દુઃખિત સ્વરે જણાવ્યું કે 'વિશ્વના સૌથી વધુ પૈસાદાર નથી બનવું. તેનાથી કશું મળતું નથી.' સિવાય કે ઉજાગરો ! પછી જીવનનો ધજાગરો ! આટલું સમજવા માટે શું ૫૦ અબજ ડોલર્સ ભેગા કરવા અનિવાર્ય છે ? શું આટલું બોલવા માટે ઊંઘ ઉડાડવી જરૂરી છે ?

શું આવા અનુભવ માટે બાહ્યદૃષ્ટિ જરૂરી છે ? શું તમારે અંતર્દષ્ટિ કરવી છે ?

૧૩

આ તે કેવી લાચારી ?

અમેરિકાની યેશિવા યુનિવર્સિટી અને તેની મૅડિકલ સ્કૂલ આલ્બર્ટ આઇન્સ્ટાઈન કૉલેજ ઓફ મૅડિસિનના ડૉ. એલિયેઝર અને સિલ્વિયા વેસ્સરથેઈલનું એક નવું સંશોધન એવું જણાવે છે કે ધાર્મિક વિધિઓમાં ભાગ લેનારના મૃત્યુનું પ્રમાણ ૨૦ ટકા જેટલું ઘટે છે.

લંડનમાં થયેલા રિસર્ચ અનુસાર એક દિવસ ઉપવાસ કરવાથી ડાયાબિટીસ અને હૃદયરોગ થવાની શક્યતા ઓછી થાય છે.

ડૉ. ફડેલ ઝેડને કરેલા મૅડિટેશનના પ્રયોગથી એવું સાબિત થયું છે કે મૅડિટેશન કરનારાને દુખાવામાં ૪૦% રાહત થાય છે, તેમ જ તેનાથી દુખાવાથી થતી અકળામણમાં ૫૭%નો ઘટાડો થાય છે.

મોર્ફિન અને બીજી પેઇનકિલર દવાઓ કરતાં મૅડિટેશનથી વધુ ફાયદો થાય છે. સૂર્ય નમસ્કારથી શરીરને સર્વાંગી ફાયદો થાય છે. આવી અનેક નાની બાબતોથી વ્યક્તિ નીરોગી ને ફિટ રહી શકે છે, પણ કરે કોણ? લોકોને આવી થોડી ઘણી ખબર છે ને તેમાંના થોડા ઘણા કરે પણ છે, પરંતુ મોટો વર્ગ તેમ કરવામાં અનેક પ્રકારની (સમય, જગ્યા વગેરેની) લાચારી દેખાડે છે.

આ તે કેવી લાચારી? સારું અને સાચું સમજાય છતાં તે માર્ગે ન ચલાય?

દુર્યોધન પણ આવા લાચાર સમૂહનો સભ્ય હતો. તેના નામ પ્રમાણે તેને યુદ્ધમાં હરાવવો ઘણો દુર્લભ હતો, પરંતુ તે પોતાની જાત સામે જ હારી જતો. તે કહેતો –

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ।

ધર્મ જાણવા છતાં હું તેને પાળી શકતો નથી ને અધર્મ જાણવા છતાં તે

માર્ગેથી પાછો વળી શકતો નથી.

જાત સામે માણસની હારવાની નબળાઈ છે. એક સુખી કુટુંબના યુવાનને સિગારેટનું વ્યસન છે. તેને ખબર છે કે આ ખરાબ છે પણ તે તેને મૂકી શકતો નથી. વિકારોના વંટોળ સામે વ્યક્તિ વિવશ થઈ જાય છે. તે તેની પક્કડમાંથી છૂટવા અસમર્થ પુરવાર થાય છે.

યુધિષ્ઠિર કદાચ યુદ્ધમાં સ્થિર રહી શકતા હતા, પરંતુ જુગાર રમવો તે તેમની લાચારી હતી. કોઈ તેમને જુગાર રમવાનું આહ્‌વાન કરે તો તેઓ ના પાડી શકતા નહીં. તેઓ ઝંપલાવી જ દેતા.

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જુગારમાં સાક્ષાત્ કળિનો વાસ છે તેવું જાણવા છતાં - અધર્મ જાણવા છતાં તે રમવા બેસતા તે તેમની લાચારી નહીં તો બીજું શું કહેવાય? તેમની આવી બિનજરૂરી લાચારી દ્રૌપદીનાં ચીરહરણ જેવી અઘટિત ઘટનાના મૂળમાં હતી.

લાચારી વ્યક્તિ માટે તો ખરાબ છે, પરંતુ તે બીજા માટે પણ આફત સર્જી શકે છે.

જેમ દારૂડિયા, સિગારેટિયા, સટોડિયા વગેરેને સુધારવા સમાજમાં રિહેબ સેન્ટર હોય છે તેમ આવા લાચારિયાઓને મજબૂત બનાવવા રિહેબ સેન્ટર હોવાં જોઈએ. શ્રીહરિએ તેનો ઉપાય બતાવતાં કહ્યું કે ભગવાનનું માહાત્મ્ય સમજવાથી, ફાટી પડેલી ઇંદ્રિયોને ભગવત્ સન્મુખ રાખવાથી ને સારી સોબત રાખવાથી વ્યક્તિ આવી લાચારી-નાદારીથી મુક્ત થઈ શકે છે.

માણસ પોતે પોતાનું રિહેબ સેન્ટર ચલાવે તે વધુ યોગ્ય છે. તેવું કરવાથી તે અનેક પ્રકારની લાચારીથી છૂટી શકે છે.

૧૪

કુશાગ્રબુદ્ધિ

અત્યારે વિશ્વમાં આઈ.ટી. ફિલ્ડમાં ત્રાસ આપતા અને ભાંગફોડ કરતા હજારો ને લાખો હેકર્સ પથરાયેલા છે. તેમનું ભણતર સારું હોય છે. તેઓ ખૂબ બુદ્ધિશાળી પણ હોય છે. પ્રોગ્રામિંગમાં તેમની માસ્ટરી હોય છે. તેમની બુદ્ધિ બીજાને હેરાન કરવા વેડફાય છે.

આ વર્ષે જાન્યુઆરી માસમાં ગૂગલ અને અન્ય વીસ મોટી કંપનીનાં કમ્પ્યુટર્સમાં હાઈડ્રાક્યુ નામના વાયરસે ધમાલ મચાવી હતી. તે ઈન્ટરનેટ એક્સપ્લોરર બ્રાઉઝર દ્વારા સિસ્ટમમાં આવી જતો. એક વાર આમાં પ્રવેશ મેળવ્યા બાદ તે ઈન્ફર્મેશન ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફરે અને કંપનીનો કિંમતી ડેટા જાણી લે. પછી કોઈને ખબર ન પડે તેમ તેને હેકર્સને પહોંચાડી દે. આ એક જાતની ચોરી છે. આને બુદ્ધિનો નકારાત્મક ઉપયોગ કહી શકાય. (ગયા વર્ષે ચીન અને બીજાઓએ અમેરિકાની કોંગ્રેસ અને અન્ય સરકારી એજન્સી પર એક મહિને ૧.૬ બિલિયન એટેક કર્યા હતા.) હાઈડ્રાક્યુને સાફ કરવા માટે સિમેન્ટેક જેવી કંપનીને ઘણાં અઠવાડિયાં લાગ્યાં હતાં.

સિમેન્ટેક એન્ટીવાઈરસ બનાવતી કંપની છે. તેના સીઈઓ એન્રિક સલેમે એવું કહ્યું છે કે અમારે અમારી કંપનીને સુરક્ષિત રાખવા તથા બીજા પ્રોજેક્ટ માટે નવા કોડ બનાવવા વર્ષે લગભગ ચારસો પચાસ અબજ રૂપિયા ઈન્વેસ્ટ કરવા પડે છે. ચોરી કરવા માટે બુદ્ધિનો ઉપયોગ થાય છે, પરંતુ તે યોગ્ય ન કહેવાય, કારણ કે આવી રીતે થતાં કાર્યોથી દુનિયાને અબજો રૂપિયાનું નુકસાન ભોગવવું પડે છે. વધુમાં, તેની સામે લડવા માટે બનાવાતા એન્ટિવાઈરસ પ્રોગ્રામમાં બીજા અબજો રૂપિયાનું આંધણ થાય છે.

આ ઉપરાંત જ્યારે કમ્પ્યૂટર સ્ટાર્ટ થાય ત્યારે તેમાં વાઈરસ છે કે નહીં તેનું સ્કેનિંગ કરવું પડે છે. તે કરવામાં પણ પાવરનો, સમયનો અને માનવશક્તિનો બગાડ થાય છે. અમુક વ્યક્તિઓ બુદ્ધિનો દુરુપયોગ કરે તો તેના ખરાબ પરિણામથી બચવા અન્યનાં સમય, શક્તિ વગેરે નકારાત્મક રીતે વપરાય છે. ન્યુયોર્કના ઝીરો ગ્રાઉન્ડમાં બુદ્ધિના બગાડને પ્રત્યક્ષપણે જોઈ શકાય છે. કલ્પનામાં ન આવે તેવો આતંક દુનિયાએ જોયો છે.

નિર્દોષને મારવામાં બળ, બુદ્ધિ ને ધર્મ કોઈપણ રીતે વપરાવાં જોઈએ નહીં, એવી બુદ્ધિ શાપિત બુદ્ધિ કહેવાય. શ્રીજીમહારાજે કુશાગ્રબુદ્ધિનો સારામાં સારો ઉપયોગ કોને કહેવાય તે વાત કઠોપનિષદના શ્લોકથી સુંદર રીતે સમજાવી છે. તે શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે –

એષ સર્વેષુ ભૂતેષુ ગુઢાત્મા ન પ્રકાશતે । દૃશ્યતે ત્વગ્રયા બુદ્ધ્યા સૂક્ષ્મયા સૂક્ષ્મદર્શિભિઃ । પરમાત્મા બધાને દેખાતા નથી. તે તો સૂક્ષ્મ દૃષ્ટિવાળાને જ દેખાય છે. અર્થાત્ કુશાગ્ર બુદ્ધિવાળાને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, માટે મનુષ્યે પોતાની બુદ્ધિનો ઉપયોગ ભગવાનના સાક્ષાત્કાર માટે કરવો જોઈએ.

શાસ્ત્રોનાં આવાં વચનોથી જાણવા મળે છે કે ભગવાન બુદ્ધિથી પણ મળે છે ખરા. ભક્તિની આવશ્યકતા છે, તેનાથી બુદ્ધિની સિદ્ધિ થાય છે. આવો બુદ્ધિશાળી ભગવાનને ગમે છે. મનુષ્યનો પ્રયત્ન તે દિશામાં ઓછો થાય છે.

શેરબજારના એક સફળતમ કહી શકાય એવા બિલિયોનેર ઇન્વેસ્ટર વોરેન બફેટે અગિયાર વર્ષની નાની ઉંમરે સૌ પ્રથમવાર શેર ખરીદેલા. તેણે તેનો વસવસો વ્યક્ત કરતાં કહેલું કે તેણે સ્ટોક માર્કેટમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાની શરૂઆત મોડેથી કરેલી. અગિયાર વર્ષ થયાં તેની પહેલાં રોકાણ કરવું જોઈતું હતું. પૈસા કમાવા માટે આ વાત સાચી છે તો ભગવાનને પામવા માટે પણ તે વાત સાચી છે. બુદ્ધિનો ઉપયોગ કે દુરુપયોગ બીજે-ત્રીજે કરવા કરતાં અધ્યાત્મને માર્ગે નાનપણથી કરવામાં આવે તો પોતાને, કુટુંબને, સમાજને અને વિશ્વને બીજાં ઘણાં સારાં સંશોધનો મળી શકે તેમ છે.

૧૫

બાળકબુદ્ધિ

'એની તો હજી બાળકબુદ્ધિ છે...'

ઘણી વાર કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને ઉતારી પાડવા અથવા તેના પ્રત્યેનો અણગમો દેખાડવા આવું કહે છે. તેના કહેવાનો અર્થ એ છે કે તે હજી બાળક જેવો છે. તેને બહુ સમજ પડતી નથી. તેનો વ્યવહાર બાલિશ છે. તે નાસમજ છે. તે અબુધ છે, પરિપક્વ નથી. અંગ્રેજીમાં તેના માટે ચાઇલ્ડિશ શબ્દ વપરાય છે.

કહેવાનું અહીં એ છે કે બાળક માટે બહુધા લોકો મોટાની સરખામણીઓ નીચો ખ્યાલ ધરાવે છે. તેને મોટું કામ સોંપતાં પણ સો વાર વિચાર કરવામાં આવે છે. તેના બોલવા પર ધ્યાન અપાતું નથી. તે બોલે તો વચ્ચેથી બંધ કરવામાં આવે છે. અટકાવવામાં આવે છે. પરંતુ ખલીલ જિબ્રાન કહેતા કે બાળકો તો ભગવાનના છે. તેથી એમ સમજવું રહ્યું કે જે ભગવાનના હોય તે નાંખી દેવા જેવા ન હોય. તે સામાન્ય ન હોય. બાળક તો માણસનો પાયો છે.

જ્હોન ડ્રાયડને કહ્યું છે કે Men are but children of a larger growth. માણસ એટલે ઉંમરલાયક બાળક.

બીજું એક સત્ય એ છે કે બાળક ન હોય તો માબાપ, દાદા-દાદી વગેરે શબ્દો ન હોત, એવા સંબંધો ન હોત ને માનવજાતની વૃદ્ધિ પણ ન થઈ હોત.

બાળકનું મહત્ત્વ દેખાડતાં મનોશાસ્ત્ર કહે છે કે માણસનું ઘડતર તેના જન્મના અઢીથી ત્રણ વર્ષના ગાળામાં જ થઈ જાય છે. બાસ્કેટ બોલની બહુ પ્રખ્યાત ટીમ લોસ એન્જલસ લેકર્સના સુપર સ્ટાર કોબે બ્રાયરન્ટનો દાખલો લો. છ ફૂટ છની ઊંચાઈ ધરાવતા અને બ્લેક મામ્બા (ઝેરીલા સાપ)ના ઉપનામે ઓળખાતા કોબેએ ત્રણ વર્ષની ઉંમરે પહેલીવાર બોલ હાથમાં

પકડેલો, તો સચિને પાંચ વર્ષે પ્રથમ વખત બેટ પકડેલું!!

દુષ્યંત અને શકુંતલાનો પુત્ર સર્વદમન નાનો હતો ત્યારે સિંહની સાથે બથંબથા કરતો ને તેનું મોઢું ફાડી દાંત ગણતો! નાનો પણ રાઈનો દાણો જેવી કહેવતો આવાં બાળકોને જોઈને જ પડી હશે.

વિવિધ ક્ષેત્રોમાં શક્યતાની શોધ નાનપણમાં થાય છે. નિષ્ણાતને બીજમાં વટવૃક્ષ દેખાય છે. અમુક કંપનીઓએ આ ક્ષેત્રમાં થોડું ઘણું ખેડાણ કર્યું હોય એવું લાગે છે. તેઓ નાનાં બાળકો પાસેથી ડિઝાઇનો મગાવે છે. તેમાંથી પસંદ કરાયેલી ડિઝાઇનો મેગેઝિનોમાં છપાવી તેમને પારિતોષિક અને પ્રોત્સાહન આપે છે.

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનું પણ આવું હતું. તેમને એવી ઇચ્છા રહે છે કે દેશના એક લાખ બાળકોને મળવું. તેમની સાથે વાતચીત કરવી. તેથી તેમનાં બાલમાનસમાં દેશનાં ભાવિ અને બીજી બાબતો અંગે શું વિચારો છે તે જાણી શકાય. દેશને બદલી શકાય.

સ્વામી વિવેકાનંદે આવા પરિવર્તનના સંદર્ભમાં ઇચ્છા વ્યક્ત કરતાં કહ્યું હતું કે Give me a hundred Nachiketas and I will change the world.

બાળકોની બુદ્ધિ કેવી સતેજ છે એ પણ જોવું જોઈએ.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું જન્મસ્થાન ભાદરા. પૂર્વાશ્રમનું એમનું નામ હતું મૂળજી ભક્ત. તેઓ નાના હતા ત્યારે ગામમાં એક બાવો આવ્યો. તે કથામાં જાતજાતની વાતો કરે. નાનકડા મૂળજીએ તેને સભામાં પ્રશ્ન પૂછ્યો : 'બાવાજી તમે મને કહો કે કાર્ય શું અને કારણ શું?'

બાવાજીને આ પ્રશ્ન અઘરો પડી ગયો. તે ગૂંચવાયો. કહે: 'તું જ કહે.'

મૂળજી કહે: 'આ દુનિયા કાર્ય છે અને ભગવાન તેનું કારણ છે.' એમ બાળ મૂળજીએ સભા જીતી.

બાળકના પ્રશ્નની જેમ તેના ઉત્તર પણ અદ્‌ભુત હોય છે. શિક્ષકે ક્લાસમાં બાળકોને પ્રશ્ન પૂછ્યો: 'માનો કે દુનિયામાં સારા માણસો સફેદ હોત અને ખરાબ માણસો કાળા હોત તો આપણે કેવા હોત?' તરત એક નાની આંગળી ઊંચી થઈ. શિક્ષકે તેને ઊભા કરતાં કહ્યું: 'ચાલ તું બોલ.'

બાળકે જવાબ આપ્યો: 'સર! હું તો ઝેબ્રા જેવો હોત!' સારું છે કે

તેના ઉત્તર પ્રમાણે માણસનું થતું નથી નહીં તો બહુ ઓછા માણસો સફેદ દેખાત. બાળકમાં ભગવાન છે.

એક વાર ઘરમાં દીવો ટમટમી રહ્યો હતો. નાનું બાળક તેને ટગર ડગર જોઈ રહ્યું હતું. તેને મજા આવતી હતી. ઘરે મહેમાન આવ્યા. તેણે કુતૂહલથી દીવાને જોઈ રહેલા બાળકને પૂછ્યું: 'આ પ્રકાશ ક્યાંથી આવ્યો?'

તેણે દીવા સામું જોઈ કહ્યું: 'ભગવાનના ઘરેથી.'

મહેમાને ફરી પૂછ્યું: 'તને ખબર છે ભગવાન ક્યાં રહે છે?'

બાળકે દીવો ઓલવતાં કહ્યું: 'આ પ્રકાશ જ્યાં જતો રહ્યો ત્યાં!'

બાળકની કિંમત ઓછી આંકવી નહીં. તેઓ દેખાય છે નાના પરંતુ નગણ્ય નથી. નકામા પણ નથી. માટે સંસ્કૃતમાં કહ્યા પ્રમાણે – 'બાલાત્ અપિ સુભાષિતં ગ્રાહ્યમ્।' બાળક પાસેથી પણ સુભાષિત ગ્રહણ કરવું.

૧૬

તુલસી હાય ગરીબ કી...

'તારી પાસે ગન નથી એ સારું છે.'

૧૯૯૪માં રિચાર્ડ ફુલ્ડે લેહમેન બ્રધર્સને ચલાવવાની જવાબદારી સ્વીકારી. તે વખતે કંપની મુશ્કેલીમાં હતી. તેણે મહેનત કરી અને કંપની અમેરિકાની ઇન્વેસ્ટમેન્ટ કરનારી ચાર મોટી કંપનીમાંની એક બની ગઈ. પણ પછીનાં વર્ષોમાં ફુલ્ડના આપખુદી નિર્ણયોથી લેહમેનની પડતી શરૂ થઈ. ધીમે ધીમે એકસોને અઠ્ઠાવન વર્ષની કંપની તૂટવા લાગી. છેલ્લે ભાંગીને ભુક્કો થઈ ગઈ. તે ડૂબી અને હજારોને ડુબાડતી ગઈ તે વાતને હમણાં વર્ષ થયું છે.

લોકો કહેવા લાગ્યા કે ખરાબ સમયમાં ફુલ્ડે બ્રેકને બદલે એસ્કેલેટર પર પગ મૂક્યો હતો. આવું થયું છતાં ફુલ્ડને આર્થિક રીતે ઊની આંચ પણ આવી નથી. તેના પરિવાર પાસે પુષ્કળ પૈસા છે. અલબત્ત, ફુલ્ડ હવે જાહેરમાં આવવાનું ટાળે છે. તેને ડર છે કે જાહેરમાં ક્રુક કહેનારા તેને છોડશે નહીં. તેના પર અત્યારે ચાળીસ કેસ થયા છે. લોકો તેને શોધે છે. તેમાંનો એક એવો રોઇટરનો રિપોર્ટર તેને શોધતો શોધતો તેના ઘરે પહોંચી ગયો.

ફુલ્ડે રિપોર્ટરને આવકાર્યો અને કહ્યું: 'તારી પાસે ગન નથી એ સારું છે.' ફુલ્ડને હવે કોઈ તેના પર ચંપલ ફેંકે તેનો ડર નથી. તેને ડર છે કે હવે કોઈ તેના પર બુલેટ ફાયર કરશે. તે હજી પણ મેનહટ્ટનમાં જાય છે. ઇન્વેસ્ટમેન્ટ કરે છે. પોતાની કંપની ચલાવે છે, પણ સતત ડરમાં રહે છે.

રાવણને પણ સતત ડર લાગતો હતો. તે જન્મથી બ્રાહ્મણ હતો. વિદ્વાન હતો. શક્તિશાળી હતો. શિવભક્ત હતો. તપસ્વી હતો. તેની આખી લંકા નગરી સોનાની હતી. પ્રજા સુખી હતી. મંદોદરી જેવી પતિવ્રતા પત્ની હતી. વિભીષણ જેવો નીતિમાન ભાઈ હતો. યુદ્ધમાં ઇંદ્રને હરાવે તેવો મેઘનાદ

નામનો પુત્ર હતો. નીતિપૂર્ણ સલાહકારો હતા. તેની પાસે શું ન હતું? બધું જ હતું, પરંતુ તેણે એક ખોટું કાર્ય કરી નાખ્યું. મર્યાદા પુરુષોત્તમ રામ ભગવાનનાં પત્ની સીતામૈયાનું તેણે બળજબરીથી અપહરણ કર્યું. બસ! તેના સમગ્ર પુણ્યને ભસ્મીભૂત કરવા માટે તે દુષ્ટ કર્મ પૂરતું હતું. સીતાજીનાં અપહરણ બાદ તો તે રાત-દિવસ ભયભીત અવસ્થામાં કાઢતો. તે શાંતિથી સૂઈ શકતો પણ નહીં.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે જેણે આતતાયી કર્મ કર્યું હોય તે શાંતિથી સૂઈ શકે નહીં. જે શાંતિથી સૂઈ શકે નહીં તે શાંતિથી જાગી શકે પણ નહીં. જે શાંતિથી જાગી શકે નહીં તે શાંતિથી જીવી શકે પણ નહીં. આ સૈદ્ધાંતિક વાત છે. વધુમાં જે શાંતિથી જીવી શકે નહીં તે શાંતિથી મરી શકે પણ નહીં. આવી વ્યક્તિનું પૃથ્વી પરનું અસ્તિત્વ નકામું થઈ જાય છે.

રાવણનું જીવન હરામ થયું હતું. તે જીવતાં જ મૂઓ હતો. તે મૂઓ અને આખી લંકા બળીને ખાખ થઈ ગઈ. માટે કોઈનું બગાડશો નહીં. રખે કોઈ પવિત્ર કે ભગવદીય ઝપટમાં આવી જાય તો ખરાબ કરનારનું ખરાબમાં ખરાબ થાય છે. તુલસીદાસે તેથી જ કહ્યું છે કે –

તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય,
મૂએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય.

ગરીબ એટલે પૈસા વગરનો નહીં, પરંતુ જે કંઈ કરી શકતો નથી, જે સાત્ત્વિક છે, સજ્જન છે જેને ભગવાન પર ભરોસો છે તેની વાત છે. કોઈ પણ વ્યક્તિ લાઇવ વાયરને અજાણતાં પણ અડી જાય તો તેનો પ્રાણઘાતક કરંટ લાગે જ.

૧૭

છેલ્લા શ્વાસ સુધી...

માણસને જે કરવું હોય તે છેલ્લા શ્વાસ સુધી પણ કરે છે. ઇચ્છાની વાત છે. ઇશકની વાત છે. તેમાં ગમે તેટલાં વિઘ્ન આવે પણ તે કરે જ. ભલે તેમાં સમાજ, સગાં કે શરીર સાથ ન આપે, પરંતુ મનમાં હોય તે થાય જ.

ડોમિનિક બોઉબી એવી વ્યક્તિ હતો. તે એક ફ્રેંચ પત્રકાર-લેખક હતો. ૧૯૯૧માં તે પેરિસના વિશ્વવિખ્યાત ફેશન મૅગેઝિન 'એલ'નો તંત્રી બન્યો હતો. તંત્રી તરીકેની તેની જવાબદારી ખૂબ મોટી હતી, પરંતુ તે કુશળતાથી સંચાલન કરતો હતો.

બધું બરાબર ચાલતું હતું ત્યાં જ ૧૯૯૬ની સાલમાં તેને સ્ટ્રોક આવ્યો. આ એક અલગ પ્રકારનો સ્ટ્રોક હતો. તેને જે થયું હતું તેને મૅડિકલ ટર્મમાં વેન્ટ્રલ પોન્ટિન સિન્ડ્રોમ અથવા સુડોકોમા કહેવામાં આવે છે. સામાન્ય રીતે કોમામાં ગયેલી વ્યક્તિ જીવતી હોય છે. તેના શરીરની સિસ્ટમ બરાબર કામ કરે, પરંતુ તેની આજુબાજુ શું ચાલે છે તેની ખબર તેને ન પડે. સુડોકોમામાં દર્દીને ભાન હોય કે તેની આસપાસ શું થઈ રહ્યું છે. ડોમિનિકને જાણ હતી કે પરિસ્થિતિ કેવી છે. તેનું શરીર પથારીવશ હતું. તેનું હૃદય ચાલે. મગજ ચાલે. શ્વાસ ચાલે. શ્વાસ ચાલે તે અગત્યનું છે.

સ્ટ્રોકનાં ત્રણ અઠવાડિયાં પછી ડોમિનિક જાગ્યો. તે પોતાની પથારીમાં લોક થઈ ગયો હતો. પહેલાં તો તે દુઃખી થયો, પરંતુ તેણે નક્કી કર્યું કે છેલ્લા શ્વાસ સુધી કશું કરવું છે. તે ફક્ત ડાબી આંખના પોપચા પર કાબૂ ધરાવતો હતો.

પથારીમાં પડ્યા પડ્યા તે મિત્રોને મળતો. મિત્રો તેની આંખ સામે આલ્ફાબેટ મૂકે. તે ડાબી આંખના ઇશારે ધીમે ધીમે એક પછી એક અક્ષર

પસંદ કરે. તેમાંથી એક શબ્દ બને. એવા થોડા શબ્દોમાંથી એક વાક્ય બને. આવાં વાક્યોમાંથી એક ફકરો તૈયાર થાય. આવા થોડા ફકરામાંથી એક પાનું લખાય. તે થાકી જાય પણ મૂકે નહીં. કળ વળતાં ફરી એ જ પ્રક્રિયા શરૂ થાય. આમાંને આમાં એક વર્ષ વીતી ગયું. આંખના પલકારે, આંખની કલમે તેણે એકસો અઠ્ઠાવીસ પાનાં લખ્યાં. તે પુસ્તકનું નામ હતું : 'ડાઈવિંગ બેલ ઍન્ડ બટરફ્લાય.'

ડોમિનિકના આવા જીવન પરથી ૨૦૦૮માં 'ધ ડાઈવિંગ બેલ ઍન્ડ ધ બટરફ્લાય' નામનું પિક્ચર પણ બન્યું હતું. ડોમિનિકને કરવું હતું તો તેણે છેલ્લા શ્વાસ સુધી કરે રાખ્યું.

માણસ જન્મે છે ત્યારે તે કેટલા શ્વાસ સુધી જીવશે તે નક્કી કરેલું હોય છે. ઘણા શ્વાસ રોકી જીવન લંબાવતા હોય છે, તો ઘણાના શ્વાસ બેલેન્સમાં હોવા છતાં છેલ્લો શ્વાસ લઈ લેતા હોય છે. છેલ્લા શ્વાસો દરમ્યાન શું કરવું તે વ્યક્તિના પોતાના હાથમાં છે.

ગુણાતીતાનંદ સ્વામી ગોંડલમાં હતા. એમને બ્યાંસી વર્ષ થયાં હતાં. તેઓ બીમાર હતા. અશક્ત હતા. એમની અંતિમ અવસ્થા હતી. આમ છતાં તેઓ ભક્તોને રાજી રાખતા. એમના જીવનની છેલ્લી રાત પડી. તેમના છેલ્લા શ્વાસ ચાલતા હતા. માધવજી દવે નામના હરિભક્ત તેમનાં દર્શને આવ્યા. કહે : 'સ્વામી ! મારા ઘરે પધરામણી કરાવવી છે, પણ કાલે રાખીએ.'

સ્વામી કહે : 'ના. કાલે મોડું થશે. આજે જઈએ.'

રાતના તેમના ઘરે પધરામણી કરી સ્વામી મંદિરે આવ્યા ત્યારે દસ વાગી ચૂક્યા હતા. તેઓ આરામમાં પધાર્યા. પોણા એક વાગે એમણે અંતિમ શ્વાસ લીધો. દેહલીલા સંકેલી લીધી.

પહેલા શ્વાસથી છેલ્લા શ્વાસ સુધીનું જીવન તમારું છે. માણસ નાનો હોય ત્યારે તેના શ્વાસનું એકાઉન્ટ બીજાના હાથમાં હોય છે. મોટા થયા પછી તે પોતે પોતાનું એકાઉન્ટ સંભાળતો હોય છે. વ્યક્તિએ ધારવું જોઈએ કે ખરેખર જીવવું છે. કામ કરવું છે. કંઈક સારું કરવું છે. તે પણ છેલ્લા શ્વાસ સુધી.

૧૮

આદરણીય થવાની રીત

એકસો તેર વર્ષના હેન્રી વિલિયમ અલિંઘામનું હમણાં મૃત્યુ થયું. છાપામાં તેની નોંધ લેવાઈ તેનું કારણ બીજું કંઈ નહીં, પણ ઉંમર હતી. તે વિશ્વની સૌથી વધુ આયુષ્ય ભોગવનારી વ્યક્તિ હતા.

પરંતુ તાજેતરમાં ટીવીના એન્કર વૉલ્ટર ક્રોન્કાઇટનું બાણું વર્ષે નિધન થયું તેનો ઉલ્લેખ લગભગ દુનિયાભરનાં છાપાંમાં આવ્યો, તે પણ માન સાથે.

મીડિયા વર્લ્ડમાં વૉલ્ટર જેવા સેંકડો એન્કર હશે અને એમાં બાણું વર્ષ કરતાં વધુ જીવનારા પણ હશે, તો પછી વૉલ્ટરને આટલું બધું મહત્ત્વ શા માટે ?

વૉલ્ટર ૧૯૬૨ થી ૧૯૮૧ સુધી એન્કર હતા. તેઓ પોતાની પ્રામાણિકતાથી મીડિયાની દુનિયામાં માનનીય થયા હતા અને ટીવી રસિકોના દિલમાં સ્થાન ધરાવતા હતા. સમાચાર પૂરા થાય ત્યારે તેઓ એવું કહેતા કે And that's the way it is અને કરોડો દર્શકો તે કબૂલ કરતા. બે સર્વેક્ષણોના આધારે તેમના માટે એવું જાહેર કરવામાં આવ્યું કે તેઓ most trusted man in America છે.

આવી જ એક વ્યક્તિનો પરિચય કરીએ : તેનું નામ છે બ્રાયન હો. તેની ઉંમર છે સાઠ વર્ષ. તેનો ધંધો છે સુથારીકામનો. બ્રિટિશ લશ્કર ઇરાક ગયું તે તેને ગમ્યું નહીં. તેથી તેણે તેનો જોરદાર વિરોધ કર્યો. લંડનના હાર્દ સમા બિગ બેન અને પાર્લમેન્ટ હાઉસની સામેના પાર્લમેન્ટ સ્ક્વેરના નાના બગીચામાં તેણે ધામા નાખ્યા.

તે ફૂટપાથ પર આવતા-જતા લોકોને સમજાવતો કે આપણા સૈનિકો આમ મરે તે યોગ્ય નથી. મેં નક્કી કર્યું છે કે જ્યાં સુધી આપણો છેલ્લો સૈનિક

ત્યાંથી પાછો ન આવે ત્યાં સુધી સરકારની નીતિનો વિરોધ કરવો. ફૂટપાથ પર અડ્ડો જમાવવા બદલ વેસ્ટ મિનિસ્ટર કાઉન્સિલે તેના પર કેસ પણ કર્યો હતો. તે સિવાય બીજાં વિઘ્નો પણ આવ્યાં, પરંતુ બ્રાયન હઠ્યો નહીં. લાઉડ સ્પીકર પર પોતાની વાત રજૂ કરતો રહ્યો. તેનું કામ સાચું હોવાથી તેને મળવા લોકો આવ્યા કરતા.

એના માટે એવું કહેવાય છે કે he is the most respected man in the UK. ૨૦૦૭માં તેને મોસ્ટ ઇન્સ્પાયરિંગ પોલિટિકલ ફિગરનો પ્રતિષ્ઠિત એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો!

કોઈ વ્યક્તિ નાની અમથી ક્રિયા પણ જો ખૂબ ખંતથી, ખૂબ પ્રામાણિકતાથી ભગવાનને સંભારીને કરે છે તો તેમાંથી દૈવત્વ પ્રગટ થાય છે, ને ત્યારપછી તે વ્યક્તિને પણ ફાયદાકારક થાય છે. ક્રોન્કાઇટ અને બ્રાયન અબજોપતિ નથી. તેઓ ફિલ્મસ્ટાર નથી. કોઈ કંપનીના પ્રાઈવેટ પ્લેનમાં ઈધરઉધર ઊડ્યા કરતા માલિક, સીઈઓ કે ચૅરમેન નથી. ક્રોન્કાઇટ કૉલેજ ડ્રોપઆઉટ છે, તો બ્રાયન સુથાર છે, પરંતુ તેમની ક્રિયા કરવાની રીત સત્યના માર્ગે છે.

લોક હૃદયમાં સ્થાન મેળવવા માટે પાયાની બાબત છે હૃદયની સત્યતા. કાર્યની શુદ્ધતા. અભિવ્યક્તિની પારદર્શકતા. પ્રભુ તન્મયતા.

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન જ્યારે પ્રમુખસ્વામી મહારાજને માયામીમાં સૌપ્રથમ વાર મળ્યા ત્યારે તેમને સ્વામીજીની આંખોમાં ચમકતી પવિત્રતા સૌથી વધુ સ્પર્શી હતી.

લોકો વ્યક્તિને જેવી છે તેવી જોવા માગે છે, કારણ કે તેમને પણ સારા, સરળ અને શાલીન થવું ગમે છે. તેઓ પોતાનામાં જે નથી તે બીજામાં જુએ છે ત્યારે તેને આદરણીય બનાવે છે. લોકોમાં આદરણીય થવા માટેની આ સીધી રીત છે અને તે જ સૌથી વધુ મુશ્કેલ છે.

૧૯

બંધન તૂટી શકે છે

જન્મ વખતે માણસને એક બંધન હોય છે, જે જીવન માટે જરૂરી છે. તે બંધન કપાતાં તેના જીવનનો બીજો ભાગ શરૂ થાય છે. માણસ જ્યારે આ દુનિયામાંથી જાય છે ત્યારે તે અનેક બંધનમાં બંધાયેલો હોય છે. તે બંધનો કપાતાં મુક્તિની શરૂઆત થાય છે.

બંધન અલગ અલગ પ્રકારનાં હોય છે. તેનું બંધારણ સમજાવું જોઈએ.

ચાર્લ્સ ડિકન્સે પોતાની વાર્તામાં તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એક ગુનેગાર હતો. જેલની અંધારકોટડીમાં તે વર્ષો સુધી રહ્યો. તેમાં તેનો બહારના જગત સાથે કોઈ સંબંધ ન રહ્યો. વર્ષો પછી સજા પૂરી થતાં તેને મુક્ત કરવામાં આવ્યો.

તે જેલની બહાર આવે છે. સૂર્યપ્રકાશ આંખોમાં પડતાં આંખો અંજાઈ જાય છે. તેને ખૂબ અકળામણ થાય છે. શરીર કંપી ઊઠે છે. તેનું મન મુક્તિને પચાવી શકતું નથી. જેલર અને સિપાઈઓ તેની આવી હાલત જોઈ નવાઈ પામ્યા.

કેદીની આંખોમાં આંસુ આવી ગયાં. તેને કેદ જોઈતી હતી. બંધન જોઈતું હતું. તેણે આજીજી કરી: 'જેલર સાહેબ મને ફરીથી જેલમાં પૂરી દો. મને બહાર નહીં ફાવે.'

જેલર તેને જોઈ રહ્યા. લોકો જેલમાંથી છૂટવા કાકલૂદી કરતા હોય છે. જ્યારે આને જેલમાં જવું છે? હા. કારણ કે તે જેલમાં બંધાઈ ગયો હતો.

જેલ અને જંજીર તેના સુખનો આધાર હતા. બંધનો તેની મુક્તિ હતાં.

એમ ન વિચારો કે આ તો વાર્તા છે, વાસ્તવિકતા જુદી હોય છે. વાર્તા વાસ્તવિકતાનું શબ્દ સ્વરૂપ છે.

આપણે દક્ષિણ ભારતના એક ચોરની વાત કરીએ. તેને જેલ ફાવી ગઈ છે. બંધન ગોઠી ગયું છે. તે લગભગ ચાળીસ વર્ષથી એકની એક જેલમાં રહે છે. કોઈ ગુનામાં તે પકડાય, જેલમાં જાય, સજા પૂરી થતાં તેને છોડવામાં આવે. તે ફરી નાની મોટી ચોરી કરે. તેને પાછો પકડવામાં આવે અને જેલમાં તેના જૂના સ્થાને આવી જાય. જેલર અને પોલીસ તેને બરાબર ઓળખે છે. ચોર જેલનો સભ્ય થઈ ગયો છે. લોકોને આમ જેલ અને બંધન ગમતાં હોય છે.

લાટવિયામાં આ વિચાર પરથી એક આશ્ચર્યજનક ટૂરિસ્ટ એટ્રેક્શન ઊભું કરવામાં આવ્યું છે. વર્ષો પહેલાં અહીં રશિયાની હકૂમત ચાલતી હતી. તે સમયે રશિયનોએ એક મોટી જેલ બનાવી હતી. રશિયનો ગયા પણ જેલ રહી ગઈ.

આ જેલનો હવે ટૂરિસ્ટો લાભ લે છે. તેમાં આવનારા ટૂરિસ્ટ સાથે કેદી જેવો વ્યવહાર કરવામાં આવે છે. તેને સાંકળથી બાંધવામાં આવે છે. જેલમાં ધકેલવામાં આવે છે. સજા ફટકારવામાં આવે છે.

જો ટૂરિસ્ટ વધારે ફી આપે તો તેને તેની હોટેલથી ધરપકડ કરી હાથકડી પહેરાવીને જેલમાં લાવવામાં આવે છે. આવી બંધનવાળી પીડાદાયક મજાનો લાભ લેવા દુનિયાભરમાંથી ટૂરિસ્ટો આવે છે.

હા, રશિયન પણ આવે છે. માણસના માનસમાં બંધનથી જકડાઈને રહેવાની વૃત્તિ ભરેલી છે.

જીવ બદ્ધ છે. તેને જ્યાં ત્યાં બંધાવાની ટેવ છે.

ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણી સ્વરૂપે વિચરણ કરતાં કરતાં એક ઘનઘોર વનમાં આવે છે. અહીં એમણે ઘેઘૂર વડ નીચે વૃદ્ધ મુનિને જોયા. તેઓ બીમાર હતા. અશક્ત હતા.

વર્ણીએ કહ્યું : 'મુનિ ! તમે વૃદ્ધ થયા છો, તો હવે આ સ્થાન છોડી બાજુના ગામમાં પધારો તો સારું. ત્યાં આપની સેવા કરનારું કોઈ મળી રહેશે.'

મુનિ કહે : 'બ્રહ્મચારી ! આ વડનું બીજ મેં વર્ષો પહેલાં વાવ્યું હતું. તે નાનું હતું ત્યારથી હું તેને સંભાળતો આવ્યો છું. પાણી પાતો રહ્યો છું. તે મારી આંખ સામે મોટું થયું છે. હું તેના પત્તાં પત્તાંને ઓળખું છું. તેને હવે કેમ મુકાય ?'

મુનિના મોહનાં મૂળિયાં વડની વડવાઈ સાથે ગૂંથાઈ ગયાં હતાં.

આવાં બંધનો એક જ દિવસમાં નથી સર્જાતાં. તે ધીમે ધીમે જીવને બાંધે છે. માણસ જો વિચારે તો આવાં બંધનોમાંથી છૂટી શકે છે. વિચાર કરવો અગત્યનો છે.

ઘણી વાર સાવ સામાન્ય જણાતી બાબત પણ બંધન થઈ શકે છે. સ્ટીલમેન લક્ષ્મી મિત્તલ પોતાની વાત કરે છે. તેમણે ગોલ્ફ રમવાની શરૂઆત કરી. તેમાં થોડું સારું લાગતાં તેઓ રોજ ગોલ્ફ રમવા લાગ્યા. એક દિવસ તેઓ કારમાં ગોલ્ફ ક્લબ જઈ રહ્યા હતા. તેમણે વિચાર્યું કે આમ હું રોજ ગોલ્ફ રમવા જાઉં છું, લાગે છે મને એનું બંધાણ થયું છે. બંધાણ થવું એ ખોટું છે. એમ વિચારી તરત ગાડી પાછી વાળી તેઓ ઘરે આવી ગયા. પછી તેઓ ક્યારેય ગોલ્ફ રમ્યા નહીં.

ભગવાનની કૃપા તો બધા પર હોય છે, પરંતુ જો આમ પોતાનો વિચાર પણ હોય તો બંધન તૂટી શકે છે, તે મુક્તિની શરૂઆત છે.

૨૦

દિલમાં જગ્યા થવી જોઈએ

ટ્રેન મુંબઈથી દિલ્હી જઈ રહી હતી. મુસાફરો પોતાની સીટ પર ગોઠવાતા હતા. રોજ થાય છે એવું આજે પણ થયું. આર.એ.સી અને વેઈટિંગ લિસ્ટના અમુક મુસાફરોની ટિકિટ કન્ફર્મ થઈ હતી પણ સીટ નંબર વિશે મૂંઝવણ હતી. પરિણામે તેઓ ખાલી સીટ શોધવા આમ તેમ ફાંફાં મારતા હતા. ટીસી આવશે અને બધું બરાબર કરશે એવું તેઓ માનતા હતા.

એક સજ્જન આવો પ્રયત્ન કરતાં એક કમ્પાર્ટમેન્ટમાં આવ્યા. બેઠેલા મુસાફરને જરા જગ્યા કરવા ને થોડી વાર બેસવા દેવા વિનંતી કરી. નિરાંતે પહોળો થઈ બેઠેલો પેલો મુસાફર જરા ગરમી સાથે કહે: 'દેખતે નહીં! યહાં બૈઠને કી જગા કહાં હૈ? આગે જાઓ...'

પેલા સજ્જન તેને જોઈ રહ્યા. પછી ધીમેથી પોતાની છાતી પર હાથ લગાડી નમ્ર ભાવે કહે: *'સા'બ! દિલ મેં જગા હોની ચાહિયે. વહાં રહેગી તો બાહર ભી જગહ હો જાયેગી.'*

પેલા મુસાફરને આ શબ્દોની ચોટ લાગી. વાત સમજાઈ. દિલમાં જગ્યા થઈ. તે થોડો આઘોપાછો થયો. સજ્જનને બેસવા જગ્યા મળી ગઈ.

ઘરમાં પણ આવું થાય છે. વડીલો માટે દિલમાં જગ્યા હોવી જોઈએ. જો દિલમાં જગ્યા હશે તો દસ બાય દસની ઓરડીમાં પણ માતાપિતા માટે જગ્યા થઈ જાય. તેમ નહીં હોય તો થ્રી-બીએચકે અથવા વિશાળ બંગલામાં મા-બાપ માટે પૂરતી જગ્યા હોતી નથી.

અલબત્ત, એવાં ઘરોમાં ઘર-નોકર, આયા કે પાળેલાં પ્યારાં કૂતરાં-બિલાડાંનો સમાવેશ સારી રીતે થતો હોય છે. વધી પડે છે વડીલો.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા હોય છે કે જેમ માબાપ સંતાનના પહેલા

શ્વાસ વખતે હાજર હોય છે તેમ સંતાને પણ માબાપ, વડીલોના પ્રત્યેક શ્વાસે તેમનો સાથ નિભાવવો જોઈએ.

સ્વામીજી અટલાદરામાં હતા. એમની સાથે આ સંદર્ભમાં વાતો થઈ રહી હતી. તેઓ કહે: 'આપણી સંસ્કૃતિમાં માબાપની સેવા કરવાનું લખ્યું જ છે. એટલે તેમને વૃદ્ધાશ્રમમાં મોકલવાની જરૂર નથી. તેઓને ઘરમાં જીવનપર્યંત સાચવવાં જોઈએ.'

પછી બીજી એક મુદ્દાની વાત કરતાં કહે: 'ઘણી વખત તેમને વૃદ્ધાશ્રમમાં મોકલવાં પડે તો એમાં ઘરડાંનો પણ વાંક હોય છે. ઘરડાં ઘરમાં બેઠાં બેઠાં ટક-ટક કર્યા કરે. બૈરાં-છોકરાંને એવું પોષાય નહીં. તેથી એમને ફાવે નહીં. વૃદ્ધોએ તો બેઠાં બેઠાં ભોજન કરી જરૂર પૂરતી મદદ કરીને ભગવાનનું ભજન કરવું જોઈએ. એટલે લોકો તેમનાથી કંટાળે નહીં.'

સ્વામીજીએ સમાજની રગ પકડી સત્યતમ વૃદ્ધ જીવનરેખા દોરી આપી છે, પરંતુ જે હાથથી વર્ષો સુધી વહીવટ કર્યો હોય, જે હાથથી વર્ષો સુધી હકૂમત કરી હોય, જે હાથથી વર્ષો સુધી રિમોટ કંટ્રોલ દબાવ્યે રાખ્યું હોય તે હાથથી માળા ફેરવવી અઘરી થઈ પડે છે. જે મોઢાથી વર્ષો સુધી આદેશો આપ્યા હોય, જે મોઢાથી વર્ષો સુધી તીખાં બાણ જેવા શબ્દો નીકળ્યા હોય, જે મોઢામાંથી વર્ષો સુધી આક્રમક દલીલો નીકળી હોય તે મોઢાથી ભગવાનનું રટણ કરવું અઘરું થઈ પડે છે, પણ આટલું જો થઈ જાય તો ટક ટક, ટોક ટોક ને ટક્કર ટળી જાય છે, પરંતુ તેમ કરવું અઘરું છે, કારણ કે આમ કરવું તે રિવર્સ પ્રોસેસ જેવું છે. ખરી વાત તો એ છે કે જે દિવસે આવું થશે તે દિવસે શાંતિ થશે.

જમાના પ્રમાણે, ઉંમર પ્રમાણે ઘરના બદલાતા પ્રવાહને વડીલોએ પારખવો જોઈએ. જો તે ન સમજાય તો પછી ઘરમાં રીતસરના બે પક્ષ પડી જાય છે. ત્યારબાદ શરૂ થાય છે દોરડાખેંચ! ઘરની દોરડાખેંચ સ્પર્ધામાં એટલું સમજવું જોઈએ કે આમાં પણ બળીઆના બે ભાગ છે.

એક પરિવારની વાત જોઈએ. તેમાં વડીલોને મોળું ખાવાની આદત. નવા આવેલા તીખું તમતમતું ખાય. તેથી તે તેની રુચિ પ્રમાણે તીખું ભોજન બનાવે. વડીલને આવું અનુકૂળ ન આવે. તેથી મતભેદ થયા કરે.

બીજું, તેમણે આટલાં વર્ષો સુધી ભોગવેલો રસોડાનો અધિકાર પણ

હાથમાંથી સરતો દેખાયો. તેથી ઘરમાં થાય દલીલોની અફડાતફડી. અંતે થાય વૃદ્ધાશ્રમના વિકલ્પ પર વિચારણા અથવા નોખો પડવાનો વિચાર.

તેના બદલે થોડું સમજાવટથી કામ લીધું હોય તો? થોડું જતું કર્યું હોય તો? બીજાને દુ:ખ પહોંચાડવાની ભાવના પહેલા દિવસથી કોઈને હોતી નથી. પરિસ્થિતિ બદલાતાં માનસ બદલાય છે. બીજાને બદલવા કરતાં વડીલ જો પોતે જ બદલાઈ જાય તો ઘર શાંતિનું સદન થઈ જાય છે.

જીવનની ઢળતી સંધ્યાએ માણસે કર્મઠ, આત્મનિર્ભર રહેવું જોઈએ તેમાં બેમત નથી. વ્યક્તિ જો તેમ ન કરે તો તે કટાઈ જાય. તેથી પ્રવૃત્તિ રાખવી જોઈએ.

પ્રવૃત્તિ કરવી જોઈએ. પરંતુ મનોવૃત્તિ ભગવાનમાં દૃઢ કરવી જરૂરી છે. વડીલોએ ઘર, ઑફિસ અને વ્યવહારની ઓરિજિનલ ચાવી નવી પેઢીને સોંપી પોતાની પાસે ડુપ્લિકેટ ચાવી રાખી ભગવાનનું ભજન કરવું જોઈએ.

આટલું કરવાથી કોઈના પણ દિલમાં સહેજે જગ્યા થઈ જાય છે.

૨૧

સો ફાર સો ગુડ !

એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની અગાસી પર એક વ્યક્તિએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી. ખીચોખીચ બેઠેલા પત્રકારો સમક્ષ એણે જાહેરાત કરતાં કહ્યું,

'જુઓ મિત્રો! હું ગુરુત્વાકર્ષણના નિયમને માનતો નથી. તેથી તે મને લાગુ પડતો નથી. તમે તમારી સગી આંખે તે જોઈ શકશો.' એમ કહી અગાસીની પાળી પર ઊભેલા આ ભાઈએ નીચે પડતું મૂક્યું. બધા એને જોઈ રહ્યા. પેલો માથાફરેલ માણસ નીચે પડતો હતો. ચુમ્માળીસમાં માળે એનું ઘર હતું. હવામાં પડતો પડતો એ એના ઘરની બારી સામેથી પસાર થયો.

બારીમાંથી જોઈ રહેલા પરિવારને જોતાં એણે હાથ હલાવ્યો અને કહ્યું: 'સો ફાર સો ગૂડ!' અર્થાત્ મને હજી સુધી વાંધો નથી આવ્યો.

આપણે કલ્પી શકીએ છીએ કે એક મિનિટ પછી એ કશું બોલતો નહીં હોય. કારણ કે એક મિનિટ પછી એને પણ ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડી ગયો હશે.

સમાજમાં આવા ઘણા માણસો છે જે એવું માને છે કે સો ફાર સો ગુડ. અમને વાંધો આવ્યો નથી અને અમને વાંધો આવશે પણ નહીં, પરંતુ વિચારો તો ખરા ભગવાનના નિયમથી કોણ બચી શક્યું છે?

બેરિંગ્સ બેંક, એન્રોન, ઝેરોક્ષ અને વર્લ્ડકોમના નિકસીસોન, જેફરી સ્કિલિંગ, પાઉલ એલાયર, સ્કોટ સુલીવન વગેરે અને એમના જેવા કેટલાય સત્યમ્-અસત્યમ્ ભારતીય કૌભાંડકારોને એવું લાગતું હોય છે કે અમને કોઈ વાંધો આવ્યો નથી. અત્યાર સુધી બધું બરોબર છે. ભવિષ્યમાં પણ કશું થશે નહીં, પણ એક પથરો વાગે છે અને ભાંડો ફૂટી જાય છે અને થઈ જાય છે દૂધ કા દૂધ ઔર પાની કા પાની! કંપનીઓ બંધ થઈ જાય છે. બધું છિન્નભિન્ન

થઈ જાય છે.

ખોટું કરનારા પૈસા ગણવાને બદલે જેલના સળિયા ગણતા થઈ જાય છે.

મેનહટ્ટનના થર્ડ એવન્યૂમાં લિપસ્ટિક બિલ્ડિંગના સત્તરમાં માળે બર્નાડ એલ. મડોફ ઇન્વેસ્ટમેન્ટ સિક્યુરિટીઝની ઑફિસ હતી. હવે નથી, કેમ નથી? સિત્તેર વર્ષના મડોફના સો ફાર સો ગૂડ વિચારને કારણે. એણે વોલ સ્ટ્રીટના ઇતિહાસનું મોટામાં મોટું એવું એક નાણાંકૌભાંડ કર્યું. લગભગ પચાસ બિલિયન ડોલર. એણે વર્ષો પહેલાં નાણાંની પિરામિડ સ્કીમ શરૂ કરી. તેમાં એ નવા રોકાણકારોના પૈસાથી જૂના ગ્રાહકોને દસથી બાર ટકાનું વળતર આપતો, જે નવાઈ પમાડે એવું હતું. એનું ડીંડક ચાલ્યું. એના ગ્રાહકો શ્રીમંત સેલિબ્રિટી જ હતા, તુકારામ, પોપટલાલ નહીં. તે સિવાય એચ.એસ.બી.સી, નોમુરા, આર.બી.એસ. વગેરે જેવી બેંકોના પૈસા પણ તેમાં રોકાયેલા હતા. વૈશ્વિક નાણાંભીડને કારણે એને નવા ગ્રાહકો મળતા બંધ થયા. તેમાં મેડોફકાકાની ગરબડ બહાર આવી. સરકારે પકડ્યા. અત્યારે તે દસ મિલિયન ડોલરના બોન્ડ પર છે.

આ પોન્ઝી સ્કીમ ચાર્લ્સ પોન્ઝી નામના ઇટાલિયનના ભેજાની નીપજ છે. એ વીસમી સદીની શરૂઆતમાં પૈસા કમાવા માટે પોસ્ટલ કૂપનના વેચાણમાં પડ્યો. લોકોને મૂર્ખ બનાવી તે ખૂબ કમાયો. મિલિયોનેર થયો. છેવટે સરકારે એનું કૌભાંડ પકડી પાડ્યું. એને જેલભેગો કર્યો. પોન્ઝીનું મૃત્યુ અત્યંત ગરીબીમાં થયું!

ઇતિહાસ અને અર્થતંત્રમાંથી માણસ કશું શીખતો નથી. ઘણી વાર એવું પણ જોવા મળે છે કે અનૈતિક ને ભ્રષ્ટાચારી જીવન જીવનાર ખૂબ એશઆરામની જિંદગી જીવે છે. એનો વાળ વાંકો થતો નથી. તેથી કોઈના મનમાં પ્રશ્ન થઈ આવે કે ભગવાનની કોર્ટમાં અંધારું તો નથી ને? ના. ભગવાનની કોર્ટમાં અંધારું નથી, પરંતુ એમના ન્યાયની મોડસ ઓપરેન્ડી જુદા પ્રકારની છે. જીવ જ્યારથી ગુનો કરે ત્યારથી એમની કાર્યવાહી શરૂ થઈ જાય છે. તેઓ ધીમે ધીમે કાર્ય કરે છે, પણ પાકું કરે છે.

એટલે કહ્યું છે કે ભગવાનની ઘંટી હળવે હળવે ચાલે છે, પરંતુ એનું દળણું અતિ ઝીણું હોય છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે તેમ આ તો પુરબિયો બેઠો છે. પોપાબાઈનું રાજ નથી. રાઈ રાઈનાં લેખાં લેશે.

મેક્સિકોમાં રહેતો મેઝા નામનો શખસ ટીઓડોરો સિમેન્ટલ માટે કામ કરતો. ટીઓડોરો ડ્રગ્સની હેરાફેરીના ધંધામાં હતો. તેમાં નડતી વ્યક્તિઓને એ મારી નાખતો પછી તેની વ્યવસ્થા કરવાનું કામ મેઝાનું હતું. એ શબને જલદ એસિડમાં નાખતો. વર્ષોથી એ આ કૃત્ય કરતો હતો. એણે લગભગ ત્રણસો શબનો આ રીતે નિકાલ કર્યો હતો. હમણાં મેક્સિકોની મિલિટરીએ એનું પાપ પકડી પાડ્યું છે.

ચીનમાં એક એરલાઈન્સના અધિકારીને મૃત્યુદંડની સજા થઈ. એણે પોતાની સત્તાનો દુરુપયોગ કરી વર્ષો સુધી કટકીઓ અને કટકાઓ ખાધાં. હવે એને ગોળી ખાવાનો વખત આવ્યો છે. દુર્ભાગ્ય એ છે કે આ ગોળી બંદૂકની છે, ત્યાં તો આવું કાર્ય કરનારને જાહેરમાં સજા થાય છે.

સમાજના કોઈપણ સ્તરનો તમે અભ્યાસ કરો. જે વ્યક્તિ ખોટી રીતે લાભ ઉઠાવે છે, ભગવાનના નિયમોનો ભંગ કરે છે ત્યારે એનું પતન અવશ્ય થાય છે. ખોટું કરનારો કદાચ પકડાય નહીં. એનું પતન ન થાય પરંતુ તેના ઘરમાં તો પવિત્રતા રહેતી નથી. એના કુટુંબીઓને કોઈ ને કોઈ રોગ, અકસ્માત, નુકસાન વગેરે થયાં કરે છે અથવા એનાં સંતાનો કુળકલંક થાય છે. વ્યસની, વ્યભિચારી થાય છે.

તમે એવું પણ જોયું હશે કે જીવનભર ખોટું કરનારો બધી રીતે સુખી છે. પત્ની, છોકરાં બધું બરાબર છે પણ એને અંતરમાં શાંતિ ન હોય, એના હૈયે દાવાનળ હોય.

તમે એવું પણ નોંધ્યું હશે કે અવળે માર્ગે ચાલનારને અંતરમાં પણ સુખ છે, પરંતુ ભગવાનની એકાઉન્ટ બેલેન્સ કરવાની રીત ન્યારી છે. તેઓ તેનું ફળ આવતા જન્મે પણ આપે છે. હિસાબ ચૂક્તે કરે છે. સર્કલ પૂરું થાય છે. અને લોકો કહે છે : 'જસ્ટિસ ઈઝ ડન.' એને ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડી ગયો.

૨૨

પરસાદનો વરસાદ !

ફિલસૂફ એપિક્ટેટસ શીખવે છે કે Men are disturbed not by things, but by the view which they take of them. માણસની પરેશાની વસ્તુ-પરિસ્થિતિ પર આધારિત નથી, પરંતુ એ તેને કેવી રીતે સમજે છે તેના પર નિર્ભર છે, જો એ તેને સહજ ભાવે જુએ ને સ્વીકારે તો મન શાંત રહે. અને જો તેને સ્વીકારી ન શકે તો અંત ડહોળાઈ જાય અને મન અશાંત થઈ જાય.

થોડા દિવસ પહેલાં મુંબઈથી જેટ ઍરવેઝનું પ્લેન નાગપુર જઈ રહ્યું હતું. પ્રવાસીઓ આવતા હતા. પ્લેનમાં ગોઠવાતા હતા. બધું બરાબર ચાલતું હતું. કોઈને કંઈ મુશ્કેલી ન હતી. તેવામાં એક ભાઈ આવ્યા. ખુશ દેખાતા હતા. સીટ પર બેસવાનું થયું. એમણે જોયું તો એમની સીટ બારીની બાજુમાં ન હતી. એમને થયું મને વિન્ડો સીટ નહીં? મારી કોઈને પરવા નથી! એમનો મૂડ ખરાબ થઈ ગયો. તેઓ ધૂંધવાઈ ગયા. શું કરવું તેની એમને ખબર ન પડી. એમની આવી હાલત જોઈ એક સજ્જને પોતાની બારીની સીટ એમને આપી દીધી.

પેલા ભાઈને લાગેલું 'નોનવિન્ડો સીટ'નું ગ્રહણ તરત છૂટી ગયું. તેઓ ખુશખુશાલ થઈ ગયા. વીંટળાઈ વળેલા પ્રશંસકો સાથે વાતચીત શરૂ કરી. કેમ છે દોસ્ત? શું ચાલે છે? પ્લેનની સર્વિસ બહુ સરસ છે કે નહીં?!... એમ વાતો કરવા લાગ્યા અને માગે તેને ઓટોગ્રાફ આપવા લાગ્યા.

માણસને નજીવી વાતમાં દુઃખ કેમ થાય છે? થોડુંક બદલાય તેમાં એ અપસેટ કેમ થઈ જાય છે? આંખમાં આંસુ કેમ આવી જાય છે? જરાક અમથી વાત ને નયન પિયાલી ઢળે... નાની વાતો, બાબતો, ઘટના વ્યક્તિનું જીવન

હણી લે છે. જીવનની મજા મારી નાખે છે.

પ્રખ્યાત સાઈકોથેરાપિસ્ટ, મોટિવેશનલ સ્પીકર અને ત્રીસ પુસ્તકો લખનાર ડૉ. રિચાર્ડ કાર્લસનને એવું થયું. એમનું પહેલું પુસ્તક 'You Can Feel Good Again' વાચકોને ગમ્યું.

પ્રખ્યાત લેખક ડૉ. વેન ડાયરે પણ તેના વખાણ કર્યાં. ડૉ. રિચાર્ડે એમના અભિપ્રાયનો એમની અનુમતિ લઈ પુસ્તકમાં સમાવેશ કર્યો. સમય જતાં પ્રકાશકે તે પુસ્તકની વિદેશી આવૃત્તિ બહાર પાડવાની તૈયારી કરી. તેના માટે એમણે ડૉ. રિચાર્ડને જણાવ્યું કે આ બીજી આવૃત્તિ માટે ડૉ. ડાયરનો અભિપ્રાય ફરી મળે તો સારું. ડૉ. રિચાર્ડે એમને જણાવ્યું કે ડૉ. ડાયરે પહેલા પુસ્તક માટે તો સહકાર આપ્યો છે. હવે આના માટે તેઓ ફરી લખશે કે કેમ એની ખબર નથી. હું પ્રયત્ન અવશ્ય કરીશ.

ડૉ. રિચાર્ડે ડૉ. ડાયરને આના માટે વિનંતી કરી. પરંતુ ઘણી વાર બને છે તેમ તેઓ તરફથી કોઈ પ્રતિસાદ ન મળ્યો. ડૉ. રિચાર્ડે માન્યું કે તેઓ વ્યસ્ત છે અથવા એમની ઈચ્છા લખવાની નથી. એમણે આ વાત પ્રકાશકને પણ જણાવી દીધી.

છ મહિના પછી પ્રકાશકે ડૉ. રિચાર્ડને તે પુસ્તકની વિદેશી આવૃત્તિની એક નકલ મોકલાવી. એમણે જોયું કે પ્રકાશકે નવા પુસ્તક પર જૂના પુસ્તક માટે ડૉ. ડાયરે લખેલો અભિપ્રાય છાપ્યો છે. આ એકદમ અયોગ્ય વાત હતી. ડૉ. રિચાર્ડ મૂંઝવણમાં પડી ગયા. એમણે પોતાના એજન્ટને કહી પ્રકાશિત થયેલી તમામ પ્રતો બજારમાંથી પાછી ખેંચી લેવા પ્રકાશક પર દબાણ કર્યું.

આ દરમ્યાન અપસેટ થયેલા ડૉ. રિચાર્ડે ડૉ. ડાયરને પત્ર લખ્યો. તેમાં થયેલી ભૂલ બદલ ક્ષમા માગી અને જણાવ્યું કે આ ભૂલ સુધરી જશે.

થોડાં અઠવાડિયાં પછી ડૉ. ડાયરનો પત્ર તેમને મળ્યો. તેમાં લખ્યું હતું કે રિચાર્ડ ! શાંતિથી જીવવા માટેના બે નિયમો છે. (1) Don't sweat the small stuff (2) It's all small stuff. Let the quote stand. મારા લખાણને કાઢવાની જરૂર નથી. પરિસ્થિતિને હળવાશથી લેવાની આ બે ભલામણ ડૉ. રિચાર્ડ કાર્લસનના નવા પુસ્તકનું શીર્ષક બની ગઈ. ડૉ. ડાયરે ચલાવી લીધું તો એમને શાંતિ રહી અને ડૉ. રિચાર્ડને પણ નિરાંત થઈ.

તમને કદાચ ખબર નહીં હોય કે તમારું શાંતપણું બીજાને પણ શાતા

આપે છે. વ્યક્તિ જો આવી પડેલા સંજોગોમાં સેટ થઈ જાય તો જિંદગી વાહ! થઈ જાય છે. ઘરમાં થતી તકરાર, લગ્નજીવનમાં પડતી તડ અને સંબંધોમાં આવતી ઓટનું કારણ મોટા ભાગે બહુ નાનું હોય છે. એમાં નસકોરાં બોલવાં, ભાઈનું મોડું ઊઠવું, છોકરાઓનું ટી.વી. ચેનલને વારેવારે બદલવું, મોબાઈલની રિંગ વાગવી, લોકલ ટ્રેનમાં આગળવાળાનું તેલવાળું માથું નાકને અડવું, શર્ટનું બટન તૂટી જવું, કૂતરાનું ભસવું, કેળાંની છાલ, માથા પર કાગડાનું ચરકવું, લગ્ન-સગાઈમાં ન બોલાવવા... આવી અનેકાનેક ક્ષુલ્લક બાબતોથી વ્યક્તિ હેરાન થઈ જાય છે. વ્યક્તિ અસહ્ય, અણગમતી ઘટનાઓને હળવાશથી લે તો એને પરમશાંતિ રહે છે.

અમુક વાર માણસનું મન પારા જેવું અત્યંત સંવેદનશીલ થઈ જાય છે. આવી બિનજરૂરી સંવેદનશીલતા એની શક્તિ હણી લે છે. કાયમી નુકસાન કરે છે. મનમાં દુઃખ રહી જાય છે.

થોડાં વર્ષો પહેલાની વાત છે. એક રાત્રે દાદરના શ્રી સ્વામિનારાયણ મંદિરથી સંતો જોગેશ્વરી જવા ટ્રેનમાં ચઢ્યા. એમની પાછળ એક માણસ ચઢ્યો. ચઢ્યા બાદ એ અંદરના ભાગમાં ગયો. અહીં એના અન્ય મિત્રો પત્તાં રમતાં હતા. એણે જોયું તો એની રોજની સીટ ઉપર બીજો કોઈ ભળતો માણસ ગોઠવાઈ ગયો હતો. પેલો અપસેટ થયો.

અકળાઈને પેલાને ઊભા કરતાં કહ્યું કે ચલ જગ્યા ખાલી કર. અહીં રોજ બેસું છું ને પત્તાં રમું છું.

બેઠેલાએ આનાકાની કરી: 'હું તારા કરતાં પહેલાં આવ્યો છું. શું કામ ઊભો થાઉં?'

પેલો જબરો હતો. એણે પેલાની ફેંટ પકડી પરાણે ઊભો કર્યો અને જોરથી બે તમાચા ઠોકી દીધા. સટાક... સટાક...

પેલો તો બાપડો હેબતાઈ ગયો. તરત એણે સીટ આપી દીધી. અને બહાર આવી ગયો.

માર્કસ ઓરેલિયસ કહે છે : If you are pained by external things, it is not they that disturb you, but your own judgement of them. And it is in your power to wipe out that judgement now.

'જો તમે બાહ્ય પરિબળોથી દુઃખી થાવ છો તો યાદ રાખો કે તે તમને હેરાન નથી કરતાં, પરંતુ તેના માટેનો તમારો નિર્ણય તમને અસ્વસ્થ કરે છે.'

પછી તે સરસ સૂચન કરતાં કહે છે : 'તેવા નકારાત્મક નિર્ણયનો સફાયો કરવો તમારા હાથમાં છે.'

બીજું કોઈ નહીં, બલકે તમે જ તમારી અસ્વસ્થતા દૂર કરી શકો છો. તમે જ સ્વયંને અને અન્યોને હાલાકીમાંથી, ઠપકામાંથી, દુઃખમાંથી ઉગારી શકો છો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સંતો સાથે એક હરિભક્તના ઘરે પધરામણીએ ગયા. અહીં યજમાને તથા એમના મહેમાનોએ ઠાકોરજીનું પૂજન કર્યું. ત્યારબાદ આરતી થઈ. ઠાકોરજીને પ્રસાદ ધરાવાયો. એક હરિભક્ત પ્રસાદનો થાળ લઈ અન્ય હરિભક્તોને વહેંચવા લાગ્યા.

અચાનક એક નાનકડો બાળક ઊભો થયો. તે વખતે પ્રસાદનો થાળ બરાબર એના માથાં પર હતો. ઊભા થતાં જ એનું માથું થાળને ભટકાયું. થાળ હરિભક્તનાં હાથમાંથી છટક્યો. ધડીમ્ દઈને પડ્યો ને ચારે બાજુ પ્રસાદ વેરાઈ ગયો. બધા અવાક્ થઈ ગયા. તે જ ક્ષણે યોગીજી મહારાજ હસતાં થકા બોલ્યા : 'અહોહો ! પરસાદનો વરસાદ થયો !'

બેઠેલા ભક્તોનાં મનમાં ગુસ્સો આવે કે કેવો મૂર્ખ છોકરો છે... ભાન નથી પડતું... પ્રસાદ ઢોળી નાખ્યો... એક તમાચો મારવો જોઈએ... એટલામાં યોગીજી મહારાજના આ એક વાક્યે સૌને આનંદિત કરી દીધા. વળી, યોગીજી મહારાજની આવી સંજીવની સમી વાણી સાંભળી કોઈને ગુસ્સાનો અવકાશ જ ન રહ્યો ! સૌ એકદમ ઠંડા થઈ ગયા. વાતાવરણમાં અજબની હળવાશ છવાઈ ગઈ. બાળકને પણ હાશ ! થઈ.

૨૩

પ્રશ્નોપનિષદ

યમરાજા કંટાળી ગયા. તેણે કહ્યું: 'નચિકેતા! તું પ્રશ્ન બહુ પૂછે છે.' અક્ષરધામ-ગાંધીનગરમાં અદ્‌ભુત સચ્ચિદાનંદ, વોટર શોમાં યમરાજા અને નચિકેતાનો મનનીય-ચિંતનીય સંવાદ આવે છે. તેમાં નાનકડો નચિકેતા યમરાજાને પ્રશ્ન પૂછી પૂછીને થકવી નાખે છે. યમરાજાને દેખીતી રીતે યમદ્વારે સદેહે આવેલા નચિકેતાની જિજ્ઞાસા પર માન થયું હોય છે. તેમાં વળી તેની અસામાન્ય પ્રશ્નાવલીએ તેના આદરમાં વધારો કર્યો હતો.

અહીં કહેવાનું છે કે પ્રશ્નથી મનુષ્યની જિજ્ઞાસા વ્યક્ત થાય છે. પ્રશ્નના યથાર્થ ઉત્તરથી તેની બુદ્ધિ ખીલે છે. પ્રશ્નના સમાધાનમાંથી બીજો સવાલ જન્મે છે.

ભારતીય શાસ્ત્રોમાં દસ ઉપનિષદ મુખ્ય ગણવામાં આવ્યા છે. તેમાં ઈશ, કેન, કઠ, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, બૃહદારણ્ય ને છાંદોગ્યની સાથે પ્રશ્ન ઉપનિષદનો પણ સમાવેશ થાય છે. પ્રશ્નોનિષદમાં ભારદ્વાજનો પુત્ર સુકેશા, શિબિકુમાર સત્યકામ, ગર્ગગોત્રમાં જન્મેલો સૂર્યનો પૌત્ર સૌર્યાયણિ, અશ્વલકુમાર, કૌશલ્ય, વિદર્ભ દેશનો ભાર્ગવ, કત્યમુનિનો પ્રપૌત્ર કબંધી પિપ્પલાદ ઋષિ પાસે આવે છે. આ છ ઋષિઓ વેદપરાયણ અને તપોનિષ્ઠ હતા. તેઓ બધા પરબ્રહ્મની શોધ કરતાં કરતાં હાથમાં સમિધ લઈને પિપ્પલાદ ઋષિ પાસે પ્રશ્ન પૂછવાની ઇચ્છા રાખીને ગયા હતા.

કબંધીએ પૂછ્યું કે આ પરિદૃશ્યમાન દેવમનુષ્યાદિક પ્રજાઓ કોનાથી ઉત્પન્ન થાય છે?

ભાર્ગવે પૂછ્યું કે બધા મળી કેટલા દેવતા પ્રજાને ધારણ કરે છે અને એ બધામાં કોણ શ્રેષ્ઠ છે?

આશ્વાલાયને પ્રાણ સંબંધી પ્રશ્ન પૂછ્યો.

આ પ્રમાણે બીજા ઋષિઓએ પણ પ્રશ્નો પૂછ્યા. પિપ્પલાદ ઋષિએ તેમની મુમુક્ષુતા જોઈ તેમને સંતોષકારક ઉત્તર આપ્યા.

શંકરાચાર્ય કૃત મણિરત્નમાલા પણ પ્રશ્નોત્તર આકારમાં ગૂંથવામાં આવી છે. ભગવાન સ્વામિનારાયણ પોતાના પરમહંસો અને ભક્તો સાથે અવારનવાર પ્રશ્નોત્તરી કરતા. તેઓ કહેતા કે તમે અમને પ્રશ્ન પૂછો અથવા અમે તમને પ્રશ્ન પૂછીએ. તે દ્વારા તેઓ સંતોની વિચક્ષણતાનું પરીક્ષણ કરતા.

એક વાર તેઓ માંડવીમાં હતા. ત્યાં ખૈયા ખત્રી નામનો રંગારો રહેતો હોય છે. તે પ્રખર વેદાંતી હતો. ભલભલા પ્રકાંડ પંડિતો તેની સાથે પ્રશ્નોત્તરી કરતા ડરતા. ખૈયાએ સાંભળ્યું કે સહજાનંદ સ્વામી આવ્યા છે. તે તરત એમની પાસે આવે છે. ભગવાને યુક્તિપૂર્વક પહેલેથી બ્રહ્માનંદ સ્વામીને પોતાની ગાદી પર ભગવાન તરીકે બેસાડી દીધા હતા. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે આ અમારા નાના સાધુ તારી સાથે શાસ્ત્રાર્થ કરશે. ખૈયાએ એમને સો કઠણતમ પ્રશ્નો પૂછ્યા. તેના પ્રશ્નો પૂરા થયા એટલે તરત એમણે શાસ્ત્રોના મંત્ર, સૂત્ર અને શ્લોકોનો પ્રબળ મારો ચલાવી ઉત્તર આપવાની શરૂઆત કરી. આ મારો અસહ્ય થઈ પડતા ખૈયો કહે: 'નીંગરા ! હળવું હળવું બોલ ને !'

ખૈયાની મા દૂર બેઠી બેઠી આ બધું જોતી હતી. તે પણ વેદાંતી હતી. તેણે કહ્યું: 'ખૈયા ! નીચે બેઠો એ પરબ્રહ્મ છે અને ઉપર બેઠેલો તો ઢગો બ્રહ્મ છે.' ખૈયો પ્રશ્ન પૂછવા ન આવ્યો હોત તો તેને ભગવાન ન મળત.

આપણે જોયું તેમ સુકેશા, શિબિકુમાર, સત્યકામ વગેરે પિપ્પલાદ ઋષિને પ્રશ્ન પૂછવા આવ્યા હતા. ઋષિએ પ્રથમ તો એવી શરત મૂકી કે તમે મને અવશ્ય પૂછો, પરંતુ તે પહેલાં તમારે અહીં આશ્રમમાં અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળીને એક વર્ષ રહેવું પડશે. બ્રહ્મચર્ય પાળ્યા બાદ તમને પ્રશ્ન પૂછવાની યોગ્યતા પ્રાપ્ત થશે. સુકેશાદિક સામાન્ય સાધુ તો હતા જ નહીં. છતાં તેઓએ પિપ્પલાદ ઋષિને પ્રશ્ન પૂછવા માટે એમની શરત પૂર્ણ કરી હતી તો બીજાની તો શી વાત કરવી ? પ્રશ્ન પૂછતાં પહેલાં થોડી ઘણી પાત્રતા કેળવવી જરૂરી છે.

૨૪

સમગ્ર સૃષ્ટિને દીપથી ઉજાળીએ

ચાલો દિવાળીના શુભ અવસરે મંદિરમાં જઈ ઘંટનાદ કરીએ. પછી ભગવત્પૂજન કરી, પ્રણામ કરી, પ્રદક્ષિણા કરી, પ્રસાદ લઈ સમસ્ત સૃષ્ટિને દીપથી ઉજાળીએ. આજે આ શુભ દિવસને આપણે અભિનવ પરિમાણથી જોવાનો પ્રયત્ન કરીએ.

દેશી દવા ગૂગળ જેવું નામ ધરાવતી ગૂગલ કંપની કમ્પ્યૂટરની દુનિયામાં ખૂબ વિખ્યાત છે. ઈન્ટરનેટ પર ગૂગલ સર્ચ મશીનને લોકો વધુમાં વધુ (૬૦ ટકાથી વધુ) હિટ કરે છે. તેની કેલિફોર્નિયાની મુખ્ય ઑફિસમાં જવાનું થયું. મૅનેજમેન્ટે એક રેસ્ટોરન્ટનું નામ એક વર્ષ સુધી પાડ્યું નહીં અને તેનું નામ પડી ગયું નો નેમ કે શાકાહારી રેસ્ટોરન્ટ જોયું. તેનું પાટિયું વાંચતાં આનંદ થયો. તેના પર લખ્યું હતું : 'નમસ્તે !

આવી વિશેષતા દેખાડતો દેખાડતો જય અમને એક મોટા સફેદ બોર્ડ પાસે લાવ્યો. આ બોર્ડ પર અહીં જોબ કરનાર ઈરેઝેબલ ઈંકથી ગમે તે લખી શકે છે. વિચારો દર્શાવી શકે છે. બધા લખે પણ ખરા. અલગ અલગ રંગ ને અલગ અલગ ભાષાથી ભરપૂર એવા આ બોર્ડ પર નાના, કાળા, ઘાટા અક્ષરોમાં કોઈ એક ખૂણે લખ્યું હતું : મેરા ભારત મહાન ! દેશભક્તિ રોમાંચિત કરી દે એવું આ વાક્ય વાંચી આનંદ થયો. મનમાં થયું ગૂગલમાં કોઈ મળ્યો ખરો દેશને દિલથી ચાહવાવાળો !

દેશની ચાહના હોય તો દેશ માટે ફના થવાની તમન્ના જાગે છે. વ્યક્તિગત વિકાસ માટે, આર્થિક રીતે વધુ ઉપર આવવા માટે કે કોઈ અન્ય કારણસર દેશને છોડવો પડે એમાં કશું ખોટું નથી, પરંતુ દેશ છોડવા સાથે દેશપ્રેમ છોડવો ન જોઈએ. દેશથી દૂર પણ દેશની નજીક રહેવું જોઈએ. દેશ

સાથે રહેવો જોઈએ.

ચર્ચિલ આ સંદર્ભે થોડી વિશેષ વાત કરતાં કહે છે: 'When I am abroad I always make it a rule never to criticize my own country.' દેશની બહાર જ કેમ્, પરંતુ દેશમાં પણ માતૃભૂમિ માટે ઘસાતું કે નકારાત્મક બોલવું ન જોઈએ!

ફિલસૂફ અલાસડેયર મેકિન્ટાયે. પોતાના લેખ 'Is Patriotism a Virtue?'માં અને લેખક ચાર્લ્સ બ્લેટબર્ગે પોતાના પુસ્તક 'From Pluralist to Patriotic Politics'માં દેશભક્તિને એક ગુણ તરીકે ઓળખાવી છે.

એબ્રોસ બિયર્સ તો કહે છે કે 'દેશ માટે બધું જ થાય.' આવા પ્રકારની ભાવના આપણા સૈનિકોમાં હોય છે. તેઓ પોતાની જાન કરતાં, પોતાના ભવિષ્ય કરતાં, પોતાના પરિવાર કરતાં દેશને વધારે મહત્ત્વ આપે છે.

બે પ્રકારની દેશભક્તિ છે – વ્યક્તિગત અને સરકારી. સરકાર અમુક ચૂંટેલા દિવસોમાં ધ્વજવંદન કરી પરેડ કાઢી દેશભક્તિ અદા કરે છે. વ્યક્તિગત દેશ ચાહનાની વાત રોકફર્ડ રહેતા કેલ પટેલે અમને કરી. તેની આઈસક્રીમની દુકાન હતી. તેની આગળ તેણે અમેરિકાનો મોટો ઝંડો લગાવ્યો હતો. એક રાતના તે દુકાન બંધ કરી ઘરે ગયો. તેના ગયા પછી અચાનક પવન ફૂંકાવા લાગ્યો. પવનના સપાટાથી ઝંડો પાઈપ સાથે ઊખડીને નીચે પડી ગયો. થોડા સમય પછી ત્યાંથી એક અમેરિકન પસાર થયો. તેણે નીચે પડેલો ઝંડો જોયો. નજીક આવી ઝંડો ઉપાડ્યો. તેને સાફ કરી પાઈપ પર સરખી રીતે વીંટાળી દુકાન બહારની બેંચ પર સન્માનપૂર્વક રાખી આગળ ચાલ્યો ગયો. સવારે કેલ દુકાને આવ્યો ત્યારે તેને આ બાબતની જાણ થઈ.

વર્લ્ડ વેલ્યૂઝ સર્વેના તારણ મુજબ પ્રથમ વિશ્વયુદ્ધના સમયકાળમાં જર્મનની દેશભક્તિ સર્વોચ્ચ હતી. અત્યારે તે તળિયે છે. હવે વેનેઝુએલિયન (૩.૯૨), અમેરિકન (૩.૭૨)ની દેશભક્તિ સાથે ટોચ પર છે. આ પછી ક્રમમાં પેરુ, ટર્કી, પોલેંડ, ઓસ્ટ્રેલિયા, સ્પેન, ચીલી, ભારત (૩.૨૯), આર્જેન્ટિના, સ્વિડન, મોલ્ડોવા, જાપાન, રશિયા, સ્વિટ્ઝર્લેન્ડ, લિથુઆનિયા, લાટવિયા જર્મની (૧.૩૭) વગેરે આવે છે.

કેટલીક ઘટનાથી દેશ આખામાં દેશપ્રેમનો ઉછાળો આવે છે. જેમ કે ભારત દિલધડક રીતે વન-ડે ક્રિકેટ ટૂર્નામેન્ટ જીતે છે ત્યારે દેશપ્રેમ ઊભરાવા

માંડે છે. અને સામે જો પાકિસ્તાન હોય તો? અને પાકિસ્તાન હારે તો? ક્રિકેટરો ઉન્માદમાં આવી જઈ સ્ટમ્પ ઉખાડી નાંખે છે. ફટાકડા ફૂટે છે. રાષ્ટ્રવ્યાપી ઉત્સવનો માહોલ ખડો થઈ જાય છે. કારગિલ યુદ્ધમાં આપણા સૈનિકો મુસ્લિમ આતંકવાદીઓને ગોળીઓથી વીંધી વિજેતા બની ખોટી રીતે કબજે કરાયેલા દેશના હિસ્સાને યુનોમાં ગયા વગર પુનઃ કબજે કરે છે ત્યારે દેશભક્તિની પરાકાષ્ઠા આવે છે. બિલ ગેટ્સની વર્ષોની મોનોપોલીને ચકનાચૂર એક ભારતીય વિશ્વનો સૌથી વધુ શ્રીમંત વ્યક્તિ બની ચમકે છે ત્યારે લોકો સહેજે બોલી ઊઠે છે કે ભારતનું કોઈ આવ્યું ખરું, ભારતને લોકો સમજે છે શું? એમ દેશ માટે લાગણી બંધાય છે. આ બધું થવું જરૂરી છે. દેશ ચાહના ફેલાવવા માટેનું એ વિશિષ્ટ પરિબળ છે સુંદર મંદિર.

શિકાગોની બાજુમાં મિલ્વોકી નામનું નાનું શહેર આવેલું છે. ત્યાં એક હિંદુ મંદિર છે. તેના આગેવાનની આ વાત છે. સુખી-સંપન્ન એવા આ ધાર્મિક સજ્જનને બે સંતાનો છે. અહીં ઊછરેલાં બંને સંતાનોને ટીવીના માધ્યમથી ભારત પ્રત્યે પૂર્વગ્રહ બંધાઈ ગયો હતો. ભારતનું નામ સાંભળીને તેમના નાકનું ટેરવું ચઢી જાય. તેઓ પહેલાં ક્યારેય દેશમાં આવ્યાં નથી. અને દેશમાં આવવું તેમને ગમતું પણ નથી. પરંતુ થોડા સમય પહેલાં તેઓ શિકાગોના જ બાર્ટલેટ વિસ્તારમાં શોભાયમાન બી.એ.પી.એસ.ના શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શને આવ્યા. મંદિરનું પરિસર જોયું. મંદિરની અદ્‌ભુત કલાકૃતિ જોઈ. છેલ્લે જ્યારે હિંદુ સંસ્કૃતિ પરનું પ્રભાવક પ્રદર્શન જોઈને તેઓ બહાર આવ્યા ત્યારે બંનેનો પૂર્વગ્રહ ઓગળી ગયો. તેઓ ગદ્‌ગદ થઈ ગયા. દેશ અને મંદિર માટેનો અભિગમ બદલાઈ ગયો. બંનેએ અભિપ્રાયમાં લખ્યું : 'મને ભારતીય હોવાનું ગૌરવ થયું છે. માતૃભૂમિ ઉપર મને પ્રેમ થયો છે. હવે પહેલી ઇચ્છા એ છે કે ભારત જઈને માતૃભૂમિ ભારતનાં દર્શન કરવાં. Now I feel proud to be an Indian.'

જેનામાં આવી રીતે ભારતીય હોવાની જ્યોત્સ્ના જલે છે તે પછી હિંદુ વર્ષ, તહેવાર કે ઉત્સવની ઉજવણી અંતરના ઉમળકાથી કરે છે.

૨૫

કોશિશ કરનેવાલોં કી હાર નહીં હોતી...

સન ૧૯૮૪માં પ્રમુખસ્વામી મહારાજ શિકાગો શહેરમાં હતા. એક દિવસ સવારે જીમમાં બાળકો-યુવકો ભેગા થઈ બાસ્કેટબોલ રમતા હતા. સ્વામીજી ત્યાં આવ્યા. બધા ખૂબ ખુશ થયા. એમને વીંટળાઈ વળ્યાં. એક બાળકે એમનાં હાથમાં બોલ આપી બાસ્કેટમાં નાખવા કહ્યું. સ્વામીજીએ આની પહેલાં ક્યારેય બાસ્કેટબોલનો બોલ હાથમાં લીધો ન હતો. વળી, એમના માટે દૂર આવેલી બાસ્કેટમાં બોલ નાંખવો એ પણ નવું હતું. છતાં બાળકોના પ્રેમને સ્વીકારી તેમણે બોલને બરાબર હાથમાં પકડ્યો. બાસ્કેટ સામે જોયું. નિશાન લગાવી બોલ ફેંક્યો. બધાનાં આશ્ચર્ય વચ્ચે બોલ સીધો જ બાસ્કેટમાં ગયો! બાળકો-યુવકોએ આનંદમાં આવી જોરદાર તાળીઓ પાડી. તેમના માટે આ નવાઈની વાત હતી. કારણ કે જે વ્યક્તિ પહેલી વાર બોલનો ઘા કરે અને તે સીધો જ બાસ્કેટમાં જાય એ અકલ્પનીય હતું. ઘણા ધુરંધર ખેલાડીઓ માટે પણ પહેલી ટ્રાઈમાં બાસ્કેટમાં બોલ નાખવું અઘરું હોય છે. પ્રમુખસ્વામી મહારાજની વાત થોડી જુદી છે. એમના હાથમાં હરિના હાથ છે. એમને પ્રથમ પ્રયાસમાં જ સફળતા મળે છે, પરંતુ સામાન્ય માણસ માટે એવું નથી. તેમના માટે નિષ્ફળતા એ સફળતાનું પહેલું પગથિયું છે.

એવી રીતે સફળ થયેલા આ આફ્રિકન-અમેરિકનની વાત સાંભળો. એ કહે છે: 'I have missed more than 9,000 shots in my carrier. I have lost almost 300 games. Twenty-six times I've been trusted to take the game winning shot and missed. I've failed

over and over and over again in my life. And that is why I succeed.' આ શબ્દો છે ઓલિમ્પિક ગોલ્ડમેડાલિસ્ટ, બે વખત સ્લેમ - ડંક ચેમ્પિયન, અગિયાર સ્કોરિંગ ચેમ્પિયન, ચૌદ વિવિધ રીતે મળેલા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર એવોર્ડ જીતનાર માઈકલ જોર્ડનના. શિકાગો બુલ્સ તરીકે માઈકલના નામે બસો જેટલા વિક્રમો નોંધાયેલા છે. તે અમેરિકાની ડ્રીમ ટીમમાં પણ હતો. કોઈને માઈકલ ગમે કે ન ગમે છતાં લોકો એક વાત તો કબૂલ કરે છે કે તે બાસ્કેટબોલનો ઓલટાઈમ સુપરસ્ટાર છે. માઈકલે રમતમાં અને જીવનમાં નિષ્ફળતાના અનેક ઝંઝાવાતોનો સામી છાતીએ સામનો કર્યો છે. તે મથતો રહ્યો. જાતને અજમાવતો રહ્યો. છેલ્લે તેણે પોતાની આત્મકથા લખી. તેનું શીર્ષક છે - I Can't Accept Not Trying. Michael Jordan on the Pursuit of Excellence. બસ ! તમે પણ માઈકલ જોર્ડનની જેમ મંડ્યા રહો. કોશિશ કરતા રહો.

સ્કૂલમાં અમે એક કવિતા ભણતા એ કંઈક આ પ્રકારે હતી :

'કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી...
નન્હીં સી ચીંટી જબ દાના લેકર ચલતી હૈ,
ચઢતી દીવારોં સે સો બાર ફિસલતી હૈ...
કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી.'

નાનકડી કીડી પોતાના વજન કરતાં વધારે એવો ચોખાનો દાણો લઈને જાય છે. એવું જોવામાં આવે છે કે તે જ્યારે દીવાલ પર ચઢે છે ત્યારે કવિના કહ્યા મુજબ તે સો વખત પડી જાય છે. છતાં તે આવી નિષ્ફળતાથી પોતાની હાર માનતી નથી. તે ફરી ચોખાનો દાણો પોતાના મોઢામાં પકડી દીવાલ પર ચઢે છે. ચોખાનો દાણો સાઈઝમાં પણ તેના શરીર કરતાં મોટો હોય છે. સંભાવના એવી પણ છે કે તેને સામે શું છે ? કોણ આવે છે ? તેની ખબર કદાચ ન પણ હોય અને તેને ખાડો કે ટેકરો દેખાતા નહીં હોય, પરંતુ તે તેનો વિચાર નથી કરતી. અંતે તે પોતાના ઘરમાં કે દરમાં ચોખાનો દાણો ઘુસાડે જ સાલ છોડે છે. તો શા માટે આપણે થોડા પ્રયત્નોમાં મળતી નિષ્ફળતાથી હિંમત હારી હાથમાં લીધેલું કાર્ય પડતું મૂકવું ? નિષ્ફળતામાંથી સફળતામાં જવાય છે. નાનકડી કીડી જો ઝઝૂમવાનો આવો જુસ્સો ધરાવતી હોય તો આપણે શા માટે હતાશ થવું જોઈએ ? શા માટે આપણે થોડા પ્રયત્નોમાં

મળેલી નિષ્ફળતાથી હિંમત હારી, હાથમાં લીધેલું કાર્ય પડતું મૂકવું જોઈએ ?

વિન્સ્ટન ચર્ચિલનું જીવન નિષ્ફળતાઓથી ભરપૂર હતું. તેઓને ગણિત આવડે નહીં. તેથી તેમને એસ્કોટ સ્કૂલનાં પ્રિન્સિપાલ અવારનવાર સોટી મારતા. તેઓ તેનાથી છૂટવા બ્રાયટનમાં ગયા તો ત્યાં પણ તેમના મૂર્ખપણાએ સાથ ન છોડ્યો. જ્યારે ચર્ચિલે તે સ્કૂલ પણ મૂકી ત્યારે સ્કૂલનો વ્યવહાર સંભળાતી બાઈએ સ્કૂલમાં અડધા દિવસની રજા જાહેર કરી. હેરોમાં તો તેઓ પ્રવેશ પરીક્ષામાં જ નાપાસ થયા. ત્યારબાદ તેમને સેન્ડહર્સ્ટ મિલિટરી કૉલેજમાં પ્રવેશ પરીક્ષામાં પણ બે વાર નિષ્ફળતા મળી. ત્રીજા પ્રયાસે પાસ થયા. વારંવાર નિષ્ફળ થવા છતાં તેઓએ ધીરજ ન ગુમાવી અને સમય જતાં બ્રિટનના વડાપ્રધાન પણ થયા.

ઓગણીસમી સદીના નવલકથાકાર સર વોલ્ટેર સ્કોટને 'મૂર્ખ શિરોમણિ'નું બિરુદ મળ્યું હતું. તેમને એક મહિના માટે મૂર્ખની ટોપી પહેરવી પડી હતી ! સતત નિષ્ફળતાનો સામનો કર્યા પછી તેમણે 'ઇવાનહો' નામની નવલકથા લખી જે ખૂબ વખણાઈ.

ઉત્ક્રાંતિવાદની થિયરીને રજૂ કરનાર ચાર્લ્સ ડાર્વિનને વર્ષનો સૌથી વધુ મંદ વિદ્યાર્થી (ડલેસ્ટ બોય ઓફ ધ યર)નો ખિતાબ મળ્યો હતો. લોર્ડ કેઇન્સ સ્કૂલમાં અર્થશાસ્ત્રમાં એટલી બધી વાર નાપાસ થયા કે પ્રિન્સિપાલે તેમનાં માતાપિતાને ખાસ આ માટે સ્કૂલમાં બોલાવ્યાં હતાં. આખી કૉલેજમાં તેમને અર્થશાસ્ત્રમાં સૌથી ઓછા માર્ક્સ મળતા. ત્યારબાદ તેમણે નિષ્ફળતા ખંખેરી નાંખી અને તેમાં વધુ ઊંડા ઊતર્યા. તેમાં સફળ થયા. આજે તે આધુનિક અર્થશાસ્ત્રનાં પિતામહ ગણાય છે. નિષ્ફળતાને પગ નીચે દબાવી સફળ થનારી વ્યક્તિઓની નામાવલી ઘણી લાંબી છે.

તાજું જન્મેલું બાળક રડે નહીં તો તેનાં માતા-પિતા, ડૉક્ટર વગેરેને ચિંતા થાય છે. તેથી તે બાળકને થપથપાવી પરાણે રડાવવામાં આવે છે. તેના રડવાથી રાહતની, આનંદની એક અજબની લહેર ફરી વળે છે. તેની આજુબાજુ ઊભેલા અને હસતા તેના સ્નેહીઓને ખબર છે કે આજે આ રડે છે તો કાલે જરૂર હસવાનો છે. તેમ વ્યક્તિ નિષ્ફળતાનું આક્રંદ કરે છે ત્યારે માનવું જોઈએ કે ભવિષ્યમાં તેના ચહેરા પર સફળતાની મુસ્કાન જરૂર આવશે. જરૂર છે નિષ્ફળતાની એક ટપલીની. એના માટે જાણીને નિષ્ફળ

થવાની જરૂર નથી.

આલ્બર્ટ હ્યુબાર્ડ કહેતા કે – 'A failure is a man who has blundered but is not capable of cashing in on the experience.' નિષ્ફળતામાંથી જ સફળ થવાની રીત અને રસ્તો મળે છે.

એડિસને કહ્યું હતું કે હું નિષ્ફળ નથી ગયો. મને દસ હજાર નકામી રીત મળી છે. ઘણી વાર નિષ્ફળતાની વ્યાખ્યા થોડી ઘણી બદલાતી હોય છે. નિષ્ફળતા એટલે ધાર્યા મુજબ પરિણામ ન આવવું તેને પણ કહેવાય. ધાર્યા મુજબ પરિણામ આવે છતાં તે સફળતા નિષ્ફળતામાં બદલાઈ જાય છે. દા.ત. બાર સાયન્સમાં ભણતા છોકરાને ફાઈનલ પરીક્ષામાં ૯૫ ટકા માર્ક્સ મળ્યા. તેને મૅડિકલમાં જવું હતું. એ વખતે એડમિશન જો ૯૬ ટકાએ બંધ થાય તો સફળતા નિષ્ફળતામાં બદલાઈ જાય છે.

કોર્પોરેટ વર્લ્ડમાં નિષ્ફળતા એટલે –

(૧) ગ્રાહકની અપેક્ષા મુજબ ગુણવત્તા-ભાવ-ડિલિવરી ન હોય તે

(૨) બજારમાં પ્રોડક્ટનું જેવું જોઈએ તેવું વેચાણ ન થવું તે અને

(૩) ટર્નઓવર અને નફો ધારવા મુજબ ન થવો તે.

દરેક ક્ષેત્રની નિષ્ફળતાની વ્યાખ્યા અને તેની સાથેનો વ્યવહાર ભિન્ન ભિન્ન હોય છે. તેમાં સફળતા મેળવવાના રસ્તા પણ છે. સફળતાનું રહસ્ય બહુ ઊંડું નથી. એ તો એક વાક્યમાં પણ હોય.

આપણે ફરી શિકાગો જઈએ. સ્વામીજીએ બાસ્કેટમાં બોલ નાખ્યો પછી એમણે બોલ એક યુવકને આપ્યો અને બાસ્કેટમાં બોલ નાખવા કહ્યું. યુવકે બોલનો થ્રો કર્યો. પણ તે બાસ્કેટમાં ન ગયો. સ્વામીજીએ તેને મલકી કહ્યું : 'ભગવાનને સંભારીને નાખ.' યુવકે તે પ્રમાણે કર્યું. અને બોલ સીધો બાસ્કેટમાં ગયો ! છોકરાઓએ તેને વધાવી લીધો. યુવકના હોઠ પર સ્મિત ફરકી ગયું. જેમાં સફળતાનું રહસ્ય લખાયેલું હતું.

૨૬

હોશિયાર પિતા, બુદ્ધુ પિતા

રોબર્ટ ટી. કિયોસાકીએ *'રિચ ડેડ પુઅર ડેડ'* નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે શ્રીમંત પિતા અને ગરીબ પિતાનાં લક્ષણો લખ્યાં છે. પુસ્તકને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. તેની સફળતા બાદ તેમણે *'રિચ કિડ સ્માર્ટ કિડ'* નામનું બીજું પુસ્તક લખ્યું. તે પણ સારું પુસ્તક છે. તેમાં તેમણે એવાં મા-બાપને લક્ષ્યમાં રાખ્યાં છે જે શિક્ષણને મહત્ત્વ આપતાં હોય. તેમના મનમાં એવી ઇચ્છા હોય કે પોતાનું બાળક શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે બધાં કરતાં આગળ નીકળી જાય તેમનો ફાઇનાન્શિયલ આઇક્યૂ વધે.

વેપારી પિતાના મનમાં ઘણી વાર આવી ભાવના રહેતી હોય છે. તે પોતાના પુત્રને કેવી રીતે પૈસા કમાતો કરે છે તે જાણવા જેવું છે. એક ઘરની વાત છે. પુત્રે પિતા પાસે વાપરવા માટે પૈસા માગ્યા. તેણે પુત્રને મારી પાસે પૈસા નથી કે બીજું કંઈક કહેવાને બદલે એમ કહ્યું: 'દીકરા! તને જે દસ વસ્તુ સારી રીતે કરતાં આવડે છે તેનું લિસ્ટ બનાવ. તારી આવડત કાયદાકીય અને નૈતિક રીતે યોગ્ય હોવી જોઈએ. તું તારી આવડતનો યથાર્થ ઉપયોગ કરીશ તો તેમાંથી તને જોઈતા પૈસા મળશે.'

દીકરાને આ વાત સમજાય છે. પછી તે આર્થિક રીતે આત્મનિર્ભર થવા પ્રયત્ન કરે છે. ધીમે ધીમે તે સફળ પણ થાય છે. આવી રીતે વેપારી પિતા પોતાના પુત્રને પૈસા કમાતો કરે છે. આ મુજબ પોતાનાં સંતાનોને જે તે ક્ષેત્રમાં હોશિયાર બનાવે છે.

દરેક માણસનો પોતાનો આવો એક વારસો હોય છે. આ વારસામાં પૈસા, ધંધો, રમતગમત, ગુંડાગીરી, નીતિ, ચારિત્ર્ય એવાં અસંખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જે જેની પાસે હોય તે તેનાં સંતાનોને આપે છે

એક પિતા તેના છોકરાને ધંધાનાં રહસ્યો સમજાવતા હોય છે. એક વાર તેણે છોકરાને ઘરના છાપરા પર ચડાવ્યો. કામ પૂરું થયું. દીકરાને નીચે ઊતરતાં ફાવતું ન હતું. પિતાએ કહ્યું : 'અરે! હું છું ને! તું ગભરાઈશ નહીં. જો હું હાથ લાંબા કરું છું. કૂદકો માર. હું તને પકડી લઈશ.'

છોકરાએ તરત કૂદકો લગાવ્યો. પિતાએ હાથ લઈ લીધા! છોકરો જમીન પર પછડાયો. પગનું હાડકું ભાંગી ગયું. ખૂબ પીડા થવા લાગી.

પિતાએ કણસતા છોકરાને પૂછ્યું: 'દીકરા! શું થયું?'

છોકરો ગુસ્સામાં કહે : 'શું થાય?! હાડકું ભાગ્યું. લાગે છે કે સગા બાપનો પણ ભરોસો કરવો જોઈએ નહીં.'

હસતાં હસતાં પિતાએ જણાવ્યું: 'હું પણ તને એ જ શીખવવા માગતો હતો કે વ્યવહારમાં તારે કોઈનો ભરોસો કરવો નહીં, મારો પણ નહીં!'

આવો વારસો પણ લોકો આપતા હોય છે. જેથી સંતાનને કોઈ ભોળવી ન જાય!!

ડૉ. બેરી બેઇન્સે 'એમિકલ વિલ્સ' નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે માણસે પોતાનાં નૈતિક મૂલ્યો કાગળ પર લખવાં જોઈએ. પછી તેણે તે નૈતિક વારસાને પોતાની પછીની પેઢીને આપવો જોઈએ. સંપત્તિ, જાગીર, મૂલ્યવાન વસ્તુઓ વગેરેનું વિલ તો લગભગ બધા બનાવે છે. કારણ કે તેમ કરવાથી સંતાનો વચ્ચેનો ઝઘડો અમુક અંશે ટળતો હોય છે. પરંતુ મનુષ્ય જો સંતાનોને નૈતિકતાનું ને અધ્યાત્મનું વિલ આપે તો નવી પેઢીમાં ખૂબ શાંતિ થઈ જાય છે. સમાજ એ ભૂલીને બીજું બધું આપવામાં ભાન ભૂલતો જાય છે. પછી એની જ બેભાન પેઢીનો વંશ પાછળ મૂકતો જાય છે.

પ્રમુખસ્વામી મહારાજ વારસાની વાત કરતાં બે આખ્યાન કહે છે:

એક છે ઋષભદેવ ભગવાન. શ્રીમદ્ ભાગવતમાં તેમણે પોતાનાં સંતાનોને આપેલા સંસ્કારની, વારસાની, કથા આવે છે.

ઋષભદેવ રાજા હતા. આખા દેશનું રાજ્ય હતું. રાજનીતિ તેમના લોહીમાં હતી. તેઓ અનેક પ્રકારનાં વસ્ત્રો, અલંકારો, ભોજન, વૈભવ-વિલાસમાં રાચતા હતા. આમ છતાં તેઓ અંતરથી ભોગોથી અલિપ્ત હતા. તેઓ ભગવાનના ભજનમાં મસ્ત હતા.

તેમને સો ગુણિયલ પુત્રો પણ હતા. તેમનો બધો રાજકીય વારસો

પુત્રોને મળવાનો હતો.

પરંતુ ઋષભદેવના હૃદયમાં ભાવના બીજી હતી. તેમણે પુત્રોને બોલાવ્યા. તેમની સમક્ષ તેમણે પોતાનું આધ્યાત્મિક વિલ રજૂ કરતાં ઉપદેશ આપ્યો કે *'નાયં દેહો દેહભાજાં નૃલોકે.'* 'હે પુત્રો! આ મર્ત્યલોકમાં આવું અમૂલ્ય મનુષ્ય શરીર મળ્યું છે, તે દુઃખમય વિષય ભોગ ભોગવવા માટે નથી મળ્યું. આ ભોગો તો વિષ્ટા ખાનાર ભૂંડ-કૂતરાં વગેરેને પણ મળે જ છે. માટે હે પુત્રો! આ શરીર વડે દિવ્ય તપ કરો, જેથી અંતઃકરણ શુદ્ધ થાય અને પરબ્રહ્મનું અપરંપાર સુખ મળે.' (શ્રીમદ્ ભાગવત : ૫/૫/૧)

આવું વિલ કરનારા બાપ કેટલા?

બીજું આખ્યાન છે મેનાવતીનું. તેઓ રાજરાણી હતાં. મહેલમાં સુખેથી રહેતાં હતાં. ગોપીચંદ તેમના પુત્ર હતા. એક વાર મેનાવતીએ તેમને કહ્યું કે 'દીકરા! તારા પિતાની કાયા પણ કંચનવર્ણી હતી. પરંતુ તે શરીર પણ ભસ્મીભૂત થઈ ગયું. માટે તું ભગવાનનું ભજન કર. રાજપાટ છોડ.'

ગોપીચંદ વૈભવના વમળમાંથી નીકળી ગયા. સુંવાળી સેજ મૂકી ભૂમિને શય્યા બનાવી.

આ ઉમદા જીવન વિચાર છે. ઉમદા વારસો છે. હોશિયાર પિતા એ નથી કે જે પોતાનાં સંતાનોને તગડું બેંક બેલેન્સ આપતો જાય. હોશિયાર પિતા એ નથી કે જે સંતાન માટે નફો કરતો કારોબાર મૂકતો જાય. હોશિયાર પિતા એ છે કે જે પોતાના સંતાનને નૈતિકતાના પાઠ ભણાવે છે. હોશિયાર પિતા એ છે કે જે સંતાનને થોડા અધ્યાત્મના પાઠ ઉપદેશે છે.

હોશિયાર પિતા અને બુદ્ધુ પિતા વચ્ચે આટલો જ ફરક છે.

૨૭

સવળો વિચાર

સન ૧૯૪૩માં રિચાર્ડ જેમ્સ નામનો મિકેનિકલ એન્જિનિયર ફિલાડેલ્ફિયામાં રહેતો હોય છે. એક દિવસ ફેક્ટરીમાં કામકાજ દરમિયાન તેના ટેબલ પરથી એક સ્પ્રિંગ નીચે પડી. નીચે પડતાં તે આમતેમ ઊછળી. રિચાર્ડે આ જોયું અને તેને તેમાંથી રમકડું બનાવવાનો વિચાર આવ્યો. બે વર્ષની મહેનત પછી તેણે 'સ્લિંકી સ્પ્રિંગ' નામનું રમકડું બનાવ્યું. જેને બે હાથથી હથેળીમાં મૂકી રમાય છે. સ્લિંકી સ્પ્રિંગના પ્રથમ ચારસો નંગ માર્કેટમાં મુકાયા અને ફક્ત નેવુ મિનિટમાં તો વેચાઈ ગયા.

રિચાર્ડે એક નાનીસી ઘટના પર સવળો વિચાર કર્યો તો દુનિયાને એક રમકડું મળ્યું અને તેને લાખો ડોલરનો ધંધો મળ્યો. સવળા વિચારમાં કમાણી જ કમાણી છે. ભગવાન સ્વામિનારાયણે તેથી જ વચનામૃતમાં કહ્યું છે કે સવળો વિચાર ગ્રહણ કરવો અને અવળા વિચારનો ત્યાગ કરવો. સવળા વિચારથી જીવનમાં સુખ-શાંતિની કમાણી પણ થાય છે.

સંત એકનાથજી એવા સવળા વિચારને પામ્યા હતા. તેથી દુઃખદ અને અપમાનજનક પ્રસંગોમાં પણ તેમને સુખ-શાંતિ હતાં.

એક વાર તેમના ગામમાં અમુક અવળા વિચારવાળી વ્યક્તિઓએ એક જાહેરાત કરી કે અમે એક કામ સોંપવા માગીએ છીએ, જે આ પૂરું કરશે તેને ૨૦૦ રૂપિયા ઇનામ! એ વખતે ૨૦૦ રૂપિયાનું ઇનામ પણ મોટું ઇનામ ગણાતું.

એક બ્રાહ્મણ યુવકે આ બીડું ઝડપ્યું. તેણે પૂછ્યું : 'શું કામ છે?'

ત્યારે તેઓએ જણાવ્યું : 'એકનાથને ગુસ્સે કરવાના છે.'

યુવકે કહ્યું : 'આ તો નાનું કામ છે.'

વાસ્તવિકતા એ હતી કે સંત એકનાથ ક્યારેય ગુસ્સે થતા નહીં. પેલા યુવકે વિચાર્યું કે એકનાથને પૂજામાં ગુસ્સે કરવા. સવારે સંત એકનાથ પૂજા કરતા હતા. પેલો યુવક નાહ્યા વગર ત્યાં આવ્યો. આવીને સીધો જ તેમના ખોળામાં ધબ્બ દઈને બેસી ગયો.

એકનાથજીએ સ્મિત વેરતાં તેના તરફ જોયું અને કહ્યું: 'દીકરા! તને જોઈને આનંદ થયો. કારણ કે તું આમ બેસી ગયો તે દેખાડે છે દુનિયામાં તને મારા પર સૌથી વધુ પ્રેમ છે.'

પેલો સ્તબ્ધ બની ગયો, પરંતુ તેને ઈનામના બસો રૂપિયા દેખાતા હતા. તેથી તે ત્યાં મને કમને રોકાયો. ત્યારબાદ એકનાથજીએ તેને જમીને જવા આગ્રહ કર્યો. તે બેઠો. એકનાથનાં પત્ની ગિરજાબાઈ તેને પીરસવા આવ્યાં. પેલો યુવક વાંકા વળેલાં ગિરજાબાઈની પીઠ પર ચઢી બેઠો.

એકનાથજીએ કહ્યું: 'જો જો સંભાળજો! આ બ્રાહ્મણપુત્ર પડી ન જાય.'

ગિરજાબાઈ કહે: 'તમે કંઈ ગભરાશો નહીં. આપણો નાનો હરિ પણ આવું જ કરતો. તેથી મને આવી રીતે પીઠ પર રાખીને કામ કરવાની ટેવ પડી ગઈ છે. તેથી આને નહીં પડવા દઉં.'

પેલો બિચારો યુવક ભોંઠો પડી ગયો. એકનાથજી તથા ગિરજાબાઈના પગમાં પડી તેણે માફી માગી. એકનાથજી તથા ગિરજાબાઈએ સવળો વિચાર કર્યો તો તેમને પણ શાંતિ રહી. ઝઘડો ન કર્યો.

આપણે પણ જીવનમાં આ વાત શીખવાની છે. ગમે તેવો ખરાબ પ્રસંગ થાય કે નકારાત્મક વાત સાંભળવા મળે, પરંતુ આપણે તેમાંથી કશુંક સારું વિચારવું. તેમ કરશું તો આપણા મનની સ્થિરતા, શાંતિને ખલેલ નહીં પહોંચે.

હાલમાં થોડા સમયથી કોર્પોરેટ ક્ષેત્ર તથા માર્કેટ વગેરેમાં એક નાનું દૃષ્ટાંત ફરી રહ્યું છે. જેમાંથી જાણવા મળશે કે એક અવળા વિચારની કેવી અસર થાય છે. તે વ્યક્તિ અને સમાજને કેટકેટલું નુકસાન કરે છે. આ વાત એક ફેરિયાની છે. તે પાંઉભાજીનો સ્ટોલ ચલાવતો. તે અભણ હતો તેથી તે છાપાં વાંચતો ન હતો. તે થોડો બહેરો પણ હતો. તેથી તે રેડિયો સાંભળતો ન હતો. તેની આંખો નબળી હતી તેથી તે ટી.વી. પણ જોતો ન હતો. પણ તે ઉત્સાહથી પાંઉભાજી બનાવે અને વેચે.

ગમે તેટલા ગ્રાહકો તેની આજુબાજુમાં ઊભા હોય, તે બધાને પહોંચી

વળતો, ખુશ રાખતો. તેની ઘરાકી વધતી ચાલી. તેથી તેણે વધુ ખુરશી રાખી. વધુ પાંઉ, ભાજી અને બટરનો સ્ટોક રાખ્યો. સમય જતાં વધુ માણસો પણ રાખ્યા. ધીમે ધીમે તેણે હોમ ડિલિવરી પણ શરૂ કરી. બધું વધતું ચાલ્યું.

ગ્રાહકો, ઓર્ડર, પૈસા, નફો આમ તેનો ધંધો વધતો હતો તેવામાં તેના દીકરાએ પણ તેમાં ધ્યાન આપવાનું શરૂ કર્યું. તે હમણાં જ કૉલેજમાંથી ગ્રેજ્યુએટ થયો હતો.

એવામાં કશુંક અજુગતું થયું.

દીકરાએ પિતાને કહ્યું: 'તમને ખબર છે મહામંદી આવી રહી છે?'

પિતાએ કહ્યું: 'ના, મને ખબર નથી. તું મને વાત કર.'

દીકરો કહે: 'આંતરરાષ્ટ્રીય આર્થિક હાલત ભયંકર છે. દેશની હાલત તો તેના કરતાં પણ વધુ બદતર છે. આવા ખરાબ સમયને ખાળવા આપણે તૈયારી કરવી જોઈએ.'

ફેરિયાએ વિચાર્યું કે દીકરો ભણેલો છે, તેથી તે છાપાં વાંચી શકે છે, રેડિયો સાંભળી શકે છે, ટી.વી. જોઈ શકે છે. માટે તેની સલાહ માનવી જોઈએ.

...અને બીજા દિવસે ફેરિયાએ પાંઉ, બટર, શાક વગેરેના ઓર્ડર ઓછા કર્યા, રંગબેરંગી પાટિયું પણ કાઢી લીધું, માણસો ઓછા કરી નાખ્યા, ખુરશીમાં કાપ મૂક્યો. આના પરિણામે તેના બાંકડા પાસે ઓછા ગ્રાહકો આવવા લાગ્યા. તેનું વેચાણ ઘટી ગયું, નફો પણ ઘટ્યો. ધીમે ધીમે તેનો જામેલો ધંધો ચોપટ થઈ ગયો. તેણે કહ્યું: 'દીકરા! ખરેખર આપણે મંદીમાં ફસાયા છીએ. તેં મને સમય પહેલાં કહ્યું તે સારું થયું.'

મન અને માર્કેટમાં કદાચ આવા પ્રસંગોની બહુ અસર થાય છે. જો કે અન્ય પાસાં પણ લક્ષ્યમાં લેવાં જોઈએ. અવળા વિચારોથી મનોબળ-આત્મવિશ્વાસ તૂટે છે, તો સવળા વિચારથી તે ઊભું પણ થાય છે.

વ્યક્તિએ એવું વિચારવું કે કશું કાયમી નથી. ખરાબ દિવસો પણ ટૂંકમાં જશે.

૨૮

સફળતાની જડીબુટ્ટી

'૮૫ ટકા નોકરી વ્યક્તિને તેના વલણથી મળે છે, જ્યારે ૧૫ ટકા નોકરી સ્માર્ટ અને આંકડાકીય માહિતી ધરાવનાર વ્યક્તિને મળે છે.'

હાર્વર્ડ યુનિવર્સિટીનો આ ચોંકાવનારો અહેવાલ છે.

આશ્ચર્ય છે કે અભ્યાસ પાછળ થતો ૧૦૦ ટકા ખર્ચ આંકડા અને માહિતી ભણાવવા પાછળ જ થાય છે. જે ફક્ત ૧૫ ટકા જ સફળતા (અને ૮૫ ટકા નિષ્ફળતા) અપાવે છે! *'કિમ્ આશ્ચર્યમ્ એતદ્ પરમ્?'*

બિલ ગેટ્સ તથા ૬૫,૦૦૦ કરોડ રૂપિયાનું સામ્રાજ્ય ઊભું કરી જનાર ધીરુભાઈ અંબાણી અને તેમના જેવા અનેક કોર્પોરેટ જાયન્ટ્સની ઝળહળતી સફળતાનું કારણ તેમનો અભ્યાસ નહીં, પણ 'એટિટ્યૂડ' કહેતાં વલણ છે. આ યાદીમાં આઇફોન (એપલ)ના સ્ટીવ જોબ્સ અને ફેસબુક. કોમના સર્જક માર્ક ઝુકરબર્ગ (હાર્વર્ડ ડ્રોપ આઉટ)નો તથા એવા અનેકનો સમાવેશ થાય છે. (એનો અર્થ એવો નથી કે ભણવું અર્થહીન છે. ભણવું જરૂરી છે.)

સામાન્યપણે સમાજમાં એવી માન્યતા છે કે ભણતર વગરનું જીવન એટલે વજીર વગરની શતરંજની ચાલ. માણસ એના વગર પંગુ થઈ જાય. પરંતુ સફળ પુરુષોએ આ વાતને તદ્દન ખોટી પુરવાર કરી છે.

ભણવાની, સાંભળવાની, વાંચવાની, ગણતરી કરવામાં ખામી, યાદશક્તિની ઊણપ તથા વહીવટી કાર્યક્ષમતાનો સ્પષ્ટ અભાવ વગેરે 'ડિસ્લેક્સિયા' રોગનાં લક્ષણો છે. ડિસ્લેક્સિયા હોવા છતાં ઘણા વિરલાઓએ જીવનમાં ગગનગામી સિદ્ધિઓ હાંસલ કરી છે. તેનું રહસ્ય છે તેમનું વલણ.

રિચર્ડ બ્રેન્સન, નેલ્સન રોકફેલર, થોમ વોટસન (આઇ.બી.એમ.ના સી.ઇ.ઓ.), રેમન્ડ સ્મિથ (બિલ એટલાન્ટિકના સી.ઇ.ઓ), ડૉ. બરૂજ બેનશેરફ

(નોબેલ પ્રાઇઝ વિજેતા), બ્રુસ જેનરૂ (ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ)... એવી વ્યક્તિઓ છે જે ડિસ્લેક્સિક હોવા છતાં આજે દુનિયા પર છવાયેલી છે.

રિચર્ડ બ્રેસન એટલે વર્જિન એરલાઇન્સ, વર્જિન કોલા જેવી અનેક અઢળક નફો રળતી કંપનીના માલિક. તેને સોળ વર્ષની વયે ભણવામાં ધબડકો વાળવા બદલ શિક્ષકોએ ધુત્કારી કાઢી મૂક્યો હતો. આજે પણ તેની યાદશક્તિ ખરાબ છે. તેનું મગજ ખરે ટાણે જ બ્લેન્ક થઈ જાય છે. તેની પાસે કોઈ યુનિવર્સિટીની ડિગ્રી નથી. હજી પણ તે અગત્યની બાબતો જેવી કે નામ વગેરે હથેળીના પાછલા ભાગમાં કાળી શાહીથી લખે છે. તેનું ગણિત શૂન્ય કહી શકાય. તેને Gross Profit તથા Net Profit સમજવામાં ધાંધિયા થાય છે. તેમ છતાં કહે છે કે જો મને ગણિત આવડતું હોત, તો મેં ક્યારેય એરલાઇન્સ શરૂ કરી ન હોત !

આધુનિક મનોવિજ્ઞાનની ડિસ્લેક્સિકની યાદીમાં લિયોનાર્દો-દ-વિન્ચી, માઇકલ એન્જેલો, વિન્સ્ટન ચર્ચિલ, વુડ્રો વિલ્સન, આલ્બર્ટ આઇન્સ્ટાઇન વગેરે દિગ્ગજોનાં નામ આવે છે. તો પછી આ બધા કઈ રીતે દિગ્ગજો બન્યા ? પોતાના ઊંચેરા વલણથી !

વલણ (અભિગમ) એટલે જીવન, પ્રસંગ, ક્રિયા, રોગ, નિષ્ફળતા વગેરે પ્રત્યેની પ્રતિક્રિયા, પગલાં કે ભાવના. કોઈ વ્યક્તિ કે દેશ આના વગર સંભવી શકે નહીં. કારણ કે અભિગમ કે વલણ વ્યક્તિ અને રાષ્ટ્રનો સાચો ચહેરો તથા ઓળખ છે.

'The sewer water of London is bacteriologically superior to the milk of Bombay.' લંડનની ગટરના પાણીને મુંબઈનાં દૂધ કરતાં સુપિરિયર કહેનારા બ્રિટિશરો પોતાને ભારતથી શ્રેષ્ઠ સમજે છે તો બીજી બાજુ ઑક્સફર્ડ અને કેમ્બ્રિજના મનાવી બેઠેલા બુદ્ધિજીવી બ્રિટિશરો તો અમેરિકાની કદમબોસી કરવામાંથી ઊંચા નથી આવતા. આવું જેકિલ એન્ડ હાઇડ જેવું વલણ બ્રિટનનું તકલાદી અને તકવાદીપણું વ્યક્ત કરે છે.

અત્યારે બ્રિટનમાં બેકારીનો આંક ૫.૮ છે. અર્થાત્ દેશમાં ૨૦ લાખ બેકારો છે અને વધ્યા કરે છે.

ઇઝરાયલી જાસૂસી સંસ્થા મોસાદે કરેલાં ચાર રોમાંચક ઑપરેશન (આપરેશન થીફ, ઑપરેશન અત્તિલા, આરબો સામેનું સિક્સ ડે વોર તથા

ઑપરેશન જોનાથન) એક રાષ્ટ્ર પોતાનાં ગૌરવ, સીમા અને નાગરિકોની સુરક્ષા માટે કેવું વલણ રાખે છે તેના દિલધડક દસ્તાવેજ છે.

બે દાંત તૂટ્યા પછી હાર્વર્ડ, યેલ, બર્કલેથી ખદબદતું અમેરિકા હવે ઇઝરાયલને 'રોલ મોડેલ' સમજવા લાગ્યું છે.

આપણા દેશ પાસે બધું જ હોવા છતાં પ્રગતિ ન થવાનું કારણ આપતાં રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ 'ઇગ્નાઇટેડ માઇન્ડ્સ'માં કહે છે : 'What is it that we are missing? What is it that needs to be corrected? There seems to be an attitude problem.' આપણો પ્રશ્ન આ છે. આપણે ત્યાં હવે અભિગમને બદલવાની આવશ્યકતા છે.

વ્યક્તિની સફળતા-નિષ્ફળતા તેના મનોવલણથી વ્યક્ત થાય છે. ક્યારેક બધું જ હોવા છતાં તે જીવનમાં હારી જાય છે તો બીજી બાજુ સર્વસ્વ ખાખ થયું હોવા છતાં વ્યક્તિ ફિનિક્સ પક્ષીની જેમ પોતાની જ રાખમાંથી પાંખો ફફડાવતો ઊભો થઈ હારેલી બાજીને જીતમાં પલટાવી નાખે છે.

સન ૧૯૧૪માં એડિસન ૬૭ વર્ષના હતા, ત્યારે તેમની કરોડો રૂપિયાની ફેક્ટરીમાં આગ લાગી. આકાશે ચઢતો વર્ષોની કાળી મજૂરીનો ધુમાડો જોઈ એડિસન બોલ્યા: 'આપણી બધી ભૂલો ભસ્મીભૂત થઈ ગઈ! ભગવાનનો આભાર કે હવે આપણે નવેસરથી શરૂઆત કરી શકીશું!'

આ ગમખ્વાર દુર્ઘટનાનાં માત્ર ત્રણ અઠવાડિયાંમાં જ તેમણે ફોનોગ્રાફની શોધ કરી!

જ્યારે વલણ બદલાય છે ત્યારે તેનો વ્યવહાર બીજા કરતાં જુદો તરી આવે છે. આવી વ્યક્તિ શિખવાડે છે કે જો પથ્થરનો ઉપયોગ કરતાં આવડે તો પથ્થર પણ પ્રક્ષેપણાસ્ત્ર બની જાય છે.

એક વખત યુરોપમાં ગોલિયથ નામના અસુરનો ત્રાસ ખૂબ જ વધી ગયો. તે બાળકોને ખૂબ રંજાડે. આવા સમયે સત્તર વર્ષનો કિશોર ડેવિડ તેના ભાઈના ઘરે આવ્યો. તેણે પૂછ્યું: 'આ અસુરને મારતા કેમ નથી?'

ભાઈઓએ કહ્યું, 'Don't you see he is too big to hit!' ડેવિડે કહ્યું, 'No. He is too big to miss.' અને ડેવિડે માત્ર ગોફણની મદદથી ગેલિયથને યમસદન પહોંચાડી દીધો. એક જ અસુર પણ બદલાયેલા વલણથી ઐતિહાસિક પરિણામ!

યોગીજી મહારાજને એક હરિભક્તે બીજા હરિભક્તની ફરિયાદ કરતાં કહ્યું: 'બાપા, આ ચા પીએ છે.'

યોગીજી મહારાજે અલમસ્ત લટકું કરતાં કહ્યું: 'ગુરુ! હૉલ હિંદુસ્તાન ચા પીએ છે!'

યોગીજી મહારાજનો આવો પ્રતિસાદ સાંભળી ફરિયાદી ભક્ત ઠરી ગયા. જીવનમાં ડગલે ને પગલે આવા અભિગમની આવશ્યકતા છે.

અડધો ખાલી ગ્લાસ કે અડધો ભરેલો ગ્લાસ! અડધો ખાલી કે અડધો ભરેલો એ વાત જવા દો, પણ એવું તો સમજો કે ગ્લાસ તો છે ને. છે તો પૂરેપૂરો ભરાશે. બસ! અભિગમનો ફરક છે.

અભિગમ બદલાય તો જીવન બદલાય.

અભિગમ બદલાય તો જીવન મળી જાય. તે બદલાય તો મનુષ્ય મૃત્યુના મુખમાંથી પાછો ફરે ને નવજીવન મળે.

ડૉક્ટરોના ક્લિનિકમાં કે હૉસ્પિટલમાં ભીંતે ટીંગાડેલો એક ફોટો બધાએ જોયો હશે. એક નાનો બાળક મોઢા પર આંગળી મૂકે છે અને કહે છે Shh... Silence Please... તેમાંથી લોકો એક એવો અર્થ કરે છે કે અહીં મૃત્યુ જીવનને કહે છે કે તું ચૂપ થઈ જા. પણ સાચો ભાવ, સાચો અભિગમ એ છે કે અહીં જીવન મૃત્યુને કહે છે કે તું શાંત થઈ જા. આવો અભિગમ જીવન જીવવાની જડીબુટ્ટી છે.

ഇ ര

૨૯

જૂનાં કપડાંનું જતન

એક મોટું રાજ્ય હતું. તેના રાજાએ પોતાના મહેલમાં આમ જનતા માટે બહુ મોટી પાર્ટી રાખી. રાજ્યમાં ઢંઢેરો પિટાવી તેણે બધાં નગરજનોને તેમાં હાજર રહેવા માટે આમંત્રણ આપ્યું. ગરીબ જુલિયસને પણ આમંત્રણ મળ્યું. તેને પણ પાર્ટીમાં જવાનું મન, પરંતુ તેની પાસે તેમાં પહેરી જવા માટે સારાં કપડાં ન હતાં. પાર્ટીના દિવસે તે મહેલના પાછળના દરવાજે આવી ઊભો રહ્યો. થોડી વારે એક વ્યક્તિ ત્યાં આવી. તેણે જુલિયસનું ઊતરેલું મોઢું જોઈ તેની ઉદાસીનતાનું કારણ પૂછ્યું.

જુલિયસે કહ્યું: 'આજે અહીં રાજાએ મોટી પાર્ટી રાખી છે. તેમાં આવવા માટે મારી પાસે સારાં કપડાં નથી.'

પેલી વ્યક્તિ કહે: 'અરે! એમાં તું શું ઉદાસ થઈ ગયો. આવ, અંદર આવી જા. હું રાજા છું. તને સારાંમાં સારાં કપડાં આપું.' એમ કહી રાજાએ જુલિયસને અંદર બોલાવ્યો. પછી પોતાના રાજકુંવરને બોલાવી તેને તત્કાળ સુંદર કપડાં આપવાં જણાવ્યું.

રાજકુંવર જુલિયસને પોતાના રૂમમાં લઈ ગયો અને સરસ મજાનો રાજવી પોષાક તેને પહેરાવ્યો. જુલિયસ તો નવાં કપડાં પહેરી ખુશખુશાલ થઈ ગયો. રાજકુંવરે તેને તેનાં જૂનાં કપડાં નાખી દેવાં કહ્યું પરંતુ જુલિયસે ના પાડી.

જૂનાં કપડાં વાળી તેને હાથમાં રાખી તે પાર્ટીમાં આવ્યો. અહીં લોકો ખાતા, પીતા અને નાચતા હતા. નોકરો જુલિયસ પાસે ખાવાનું અને વિવિધ પીણાં, પકવાન વગેરે લઈ આવ્યા અને જમવાનો આગ્રહ કરવા લાગ્યા. જુલિયસને આટલું બધું સારું ખાવાનું જોઈ મોમાં પાણી આવી ગયું. પરંતુ તે

બહુ ખાઈ શક્યો નહીં. કારણ કે તેના એક હાથમાં તેનાં જૂનાં કપડાં હતાં. લોકો આનંદમાં નાચતા હતા.

જુલિયસને નાચવાનું મન થયું, પણ તે નાચી શક્યો નહીં, કારણ કે તેના હાથમાં તેનાં જૂનાં કપડાં હતાં. બાળકો, યુવાનો ત્યાં રમતાં હતાં. જુલિયસ ત્યાં આવ્યો. તેને રમવાની ઈચ્છા થઈ, પણ તે રમી શક્યો નહીં, કારણ કે તેના હાથમાં તેનાં જૂનાં કપડાં હતાં. લોકોએ આખો દિવસ ખૂબ જલસા કર્યા. સિવાય કે જુલિયસ, કારણ કે તેના હાથમાં તેનાં જૂનાં કપડાં હતાં.

સાંજે બધા રાજી થઈ પોતપોતાનાં ઘરે ગયાં. એક જુલિયસ ગમગીન હતો. તેની ઉદાસીનું કારણ હતું તેનાં હાથમાં તેણે પકડી રાખેલાં પોતાનાં જૂનાં કપડાં. જો તેણે જૂનાં કપડાં નાખી દીધાં હોત તો? તો તે પાર્ટીની મજા ભરપેટ માણી શક્યો હોત! જૂનાં કપડાંનું જતન ન કરાય.

તે પ્રમાણે માણસ જો પોતાનો જૂનો, ગંદો ભૂતકાળ મૂકે નહીં તો ક્યારેય વર્તમાનનું સુખ લઈ શકે નહીં. માણસ પોતાની ભૂલો, પોતાનાં પાપ, પોતાના ખરાબ પ્રસંગો મનમાં રાખી જીવે છે. તેથી તે તેના ડંખમાંથી રાહત મેળવી શકતો નથી. જીવનનો આનંદ માણી શકતો નથી. વ્યક્તિગત વિકાસ કરી શકતો નથી. સમાજમાં સહેલાઈથી ભળી શકતો નથી. ગટરમાં પડી જવા કરતાં પડ્યા પછી તેમાંથી બહાર ન નીકળવું તે ખરાબ બાબત કહેવાય. ઘણાને તો ગટરમાં જ ફાવી જતું હોય છે; ભૂંડની જેમ. તે પણ ખોટું છે. ભૂતકાળના ભૂતને ભૂલવું આસાન નથી. તેની યાદ આવ્યા કરે તે પણ સ્વાભાવિક છે, ઉપાય એ છે કે તેમાંથી શીખ લઈ આગળ વધવું જોઈએ.

વૈજ્ઞાનિક અને ચિંતક ગાસ્ટોન રચેલાર્ડ કહે છે - One must always maintain one's connections to the past and yet ceaselessly pull away from it.

ખ્યાતનામ બ્રિટિશ લેખક એડોલ્સ હકસલે ૧૯૬૨માં અમેરિકામાં રહેતા હતા. એ વર્ષે તેમને 'કમ્પેનિયન ઑફ લિટરેચર'નું બહુમાન પ્રાપ્ત થયું. તે વર્ષે તેમના ઘરમાં જોરદાર આગ લાગી. આગના હુતાશનમાં તેમણે લખેલી તમામ બૌદ્ધિક સંપત્તિ અને બીજી વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ. હકસલે ખાખના ઢગલા સામે જોઈ કહે છે : A man without possessions and without a past. વસ્તુ અને ભૂતકાળ વગરનો માનવી!

જો કે આમ થવું એ શક્ય નથી, કારણ કે બધું જ બળી ગયું હોય તોપણ મનમાં તો રહે છે. આવી ઘટના થયા પછી વ્યક્તિ જો રોદણાં રડ્યાં કરે તો તે ખરાબ છે.

બધા જ નીતિબોધકો એક વાતે સંમત થાય છે કે જૂની વાત પર પસ્તાયા કરવું એ સૌથી વધારે અનિચ્છનીય લાગણી છે. જો તમે કંઈ ખોટું કર્યું છે તો પ્રાયશ્ચિત્ત કરો. તમારી ક્ષતિ સુધારી લો. તમારી જાતને સંબોધી ફરી વાર સારું કરવા માટે સજ્જ કરો. કોઈ પણ સંજોગોમાં તમે કરેલી ભૂલોનું મનન તમારે ન કરવું જોઈએ. (અબલત્ત, તેવું ફરી ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી પણ છે.)

ગૌતમ (નામ બદલ્યું છે) ભણવામાં હોશિયાર. મિત્રો બનાવવામાં અને મૈત્રી કરવામાં સાવચેતી રાખે. તેને ઇન્ટરનેટ પર ચેટિંગ કરવું ગમે. તેમાં એક ચૌદ વર્ષની છોકરી સાથે ચેટિંગ કરવાનું શરૂ થયું. વાત લાંબી ચાલી. પેલી છોકરીએ ગૌતમને મળવા બોલાવ્યો. તે મળવા ગયો તો તેનું સ્વાગત પોલીસે કર્યું. કારણ કે છોકરી તો પહેલેથી જ ન હતી. પોલીસે ચેટિંગ કર્યું હતું. તે પોલીસના છટકામાં ફસાયો. પોલીસે તેને સગીર વયની છોકરી સાથે ચેટિંગ કરવા માટે પકડ્યો, ધમકાવ્યો. બીજી વાર આવું ન કરવા માટે ચેતવણી આપી. પોલીસે તેના પર સજા લાદી કે તારા માટે બે જ સ્થાન છે : એક ઘર અને બીજું કૉલેજ. જો તે ફરી આવું કરશે તો ખેર નહીં. જેલમાં પૂરી દઈશું.

આખો પ્રસંગ ખૂબ ગંભીર થઈ ગયો. ગૌતમની મતિ બહેર મારી ગઈ. એ દેશના કાયદા આમ પણ બહુ કડક. આ એક નવો કાયદો થોડા સમયે પહેલાં અમલમાં આવ્યો હતો. ગૌતમને તેની ખબર ન હતી. તેનું ભવિષ્ય અંધકારમય થવા લાગ્યું.

ગૌતમ ગભરાયો. હતાશ થયો. તેનું મન ભણવામાં લાગતું ન હતું. તેના પિતાએ પ્રમુખસ્વામી મહારાજને ફોન કરી વિગતે વાત જણાવી. સ્વામીશ્રીએ છોકરા સાથે વાત કરી. છોકરાએ પોતાની સ્થિતિ વર્ણવી. સ્વામીશ્રીએ સમજાવ્યું કે 'આપણે ચાલતાં ચાલતાં કાદવમાં પડી ગયા તો શું થયું ? કાદવમાં પડ્યા રહેવાનું નહીં. એમાંથી નીકળી સારું ભવિષ્ય બનાવવું. ફરી એવું ન થાય તેનો ખ્યાલ રાખવો. સાવધાની રાખવી. અત્યારે તો ફક્ત ભણવાનું.'

આ શબ્દોએ ગૌતમ પર હકારાત્મક અસર કરી. તે કાદવમાંથી નીકળી

ગયો. સરકારી બંધી પ્રમાણે તે ઘર અને કૉલેજ એ બે સ્થાન સિવાય બીજે જતો નથી. અત્યારે સારું ભણે છે. 'એ' ગ્રેડ લાવી સાયન્સમાં બેચલર પણ થયો છે. આગળ ભણવાનું ચાલુ છે. વસ્તુ કે વ્યક્તિ જો કાદવમાં વધારે વખત પડી રહે તો તે પણ કાદવ જેવો બની જાય છે.

30

શ્રીમંતાઈનો કેફ ચઢે ત્યારે...

થોડા દિવસ પહેલાં બેંગલોરની એક આંતરરાષ્ટ્રીય સોફ્ટવેર કંપનીમાં સિનિયર સોફ્ટવેર પ્રોગ્રામર તરીકે કામ કરતા યુવક કૃષ્ણમેનન (નામ બદલ્યું છે) સાથે વાત થઈ. તેણે વિચાર કરાવે એવો પ્રસંગ કહ્યો. એમાં એવું થયું હતું કે તે એક સાંજે એક કારના શો-રૂમમાં ગયો. તેને ગાડી લેવી હતી, તે ત્યાં મૅનેજરને મળ્યો. શાંતિથી પોતાની પસંદગીની વાત કહી. તેની સાથે કાર બને તેટલી વહેલી મળે તેવો અનુરોધ પણ કર્યો.

મૅનેજરે પૂછ્યું કે 'તમારે શા માટે કારની ડિલિવરી તરત જોઈએ છે.'

તેણે જણાવ્યું કે 'અમારે સહપરિવાર રવિવારે મંદિરમાં થતી રવિસભામાં સમયસર પહોંચવાનું હોય છે.'

મૅનેજર સમજ્યા. પછી તેને તેના જોબ અંગે પૂછ્યું. કૃષ્ણમેનને પોતાના જોબની વાત કરી. મૅનેજરે જ્યારે જાણ્યું કે આ કમ્પ્યૂટર એક્સપર્ટ છે ત્યારે તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. પછી જણાવ્યું કે 'અમારા શોરૂમમાં ઘણા ગાડી લેવામાં આવે છે. તેના ખભે લેપટોપની બેગ હોય છે. સારાં-મોંઘા કપડાં પહેરેલાં હોય છે. શૂઝ બ્રાન્ડેડ હોય છે, પણ કાર લેવાની વાત રુઆબથી કરે, અમને દબાવવા પ્રયત્ન કરે. દમદાટી આપે કે હું તમારી હેડ ઑફિસમાં ઈ-મેલ કરીશ. આમ થવું જોઈએ, તેમ થવું જોઈએ. ઑફિસ માથે લે. એટલે અમે બધાએ નક્કી કર્યું છે કે આવી રીતે કોઈ બેગ લટકાવતો આવે તો તેને ગેટથી જ રવાના કરી દેવો.'

જો કે કૃષ્ણમેનન તો ઘરેથી લેપટોપની બેગ ખભે લટકાવ્યા વગર જ ગયો હતો. તે આ વાત સાંભળી વિચારમાં પડી ગયો.

પ્રશ્ન એ છે કે વ્યક્તિ ઉદ્ધત કેમ થઈ જાય છે? એનું એક કારણ છે

નાની ઉંમરમાં અચાનક વધુ પૈસો મળી જવો. નીઓ રીચનેસ પચાવવી અઘરી છે.

યોગીજી મહારાજ ઉંદરની વાત કરતા – 'બે ઋષિમુનિ બેઠા હતા. તેમની સામે એક ઉંદર આવ્યો. તે ગોળગોળ ફરે, જમીન પર આળોટે અને ત્રણ ફૂટનો કૂદકો મારે. કશા કારણ વગર નાનકડા ઉંદરને આટલો ઊંચો કૂદકો મારતો જોઈ બંનેને નવાઈ લાગી. એક ઋષિએ બીજાને પૂછ્યું કે આ આવડો ઊંચો કૂદકો કેમ મારે છે? બીજા ઋષિએ કહ્યું કે આ ઉંદરની તાકાત નથી. આ તો જમીનનો પ્રતાપ લાગે છે.

પછી બંનેએ કૂદકાવાળી જગ્યા ખોદી તો નીચેથી પૈસા મળ્યા. પૈસા કાઢી તેઓએ જમીન સમથળ કરી નાખી. ઉંદર ફરી આવ્યો. પરંતુ તેને મજા ન આવી. કેફ ન ચડ્યો. બે-ચાર ચક્કર લગાવી ઢીલોઢફ થઈ ચાલી ગયો.'

જેવું પૈસાનું છે તેવું જ સત્તા અને યશનું છે. માણસને પૈસા, સત્તા, યશ મળે ને તેને તે પચાવી શકે તો સારું છે. પરંતુ જ્યારે તેને અપચો થાય છે ત્યારે તેનાથી અનર્થ થઈ જાય છે. સંસ્કૃતમાં કહ્યું છે કે –

'યૌવનં ધનસમ્પત્તિઃ પ્રભુત્વમવિવેકિતા ।
એકૈકમપ્યનર્થાય કિમુ યત્ર ચતુષ્ટયમ્ ॥'

યુવાની, ધનસંપત્તિ, સત્તા અને અવિવેકીપણું એમાંથી જેનામાં એક પણ હોય તે અનર્થકારક છે. જ્યારે જેનામાં એ ચારે આવે તેની તો વાત જ શી છે?

ન્યૂયોર્કનાં ભૂતપૂર્વ મેયર એલિયટ સ્પીટ્ઝર આ રસ્તે ચાલતા હતા. ફરક એટલો કે તેના ખભે બેગ ન હતી. ગયા વર્ષે HSBC બેંકે યુ.એસ. ઓથોરિટીને એક રિપોર્ટ મોકલાવ્યો હતો. તે રિપોર્ટમાં એવું જણાવ્યું હતું કે 'કોઈ અજાણી વ્યક્તિ કંપનીના ખાતામાં અવારનવાર પૈસા મોકલાવે છે. પૈસા મોકલવાની તેની આ રીત શંકાસ્પદ લાગે છે.'

ઓથોરિટીની તપાસમાં જાણવા મળ્યું કે આ પૈસા મોકલનારી વ્યક્તિ આતંકવાદી કે ડ્રગ ડીલર નથી પણ સ્વયં ન્યૂયોર્કના ગવર્નર એલિયટ સ્પીટ્ઝર છે. (૯/૧૧ થયા પછી અમેરિકામાં સુરક્ષા કારણોસર બેંકે ફરજિયાત સસ્પિશિયસ એક્ટિવિટી રિપોર્ટસ (SAR) ફાઇલ કરવો પડે છે.) રેસ્ટ ઇઝ ધ હિસ્ટ્રી.

લેખક જ્યોફ કોલ્વિન તેનો સ્કૂલનો મિત્ર. તેણે જણાવ્યું છે કે સ્પીટ્ઝર તેની તુમાખીથી ગવર્નર તરીકેના પ્રથમ વર્ષમાં જ મિત્ર વગરનો બની ગયો હતો. જનરલ ઈલેક્ટ્રિકના માજી ચીફ જેક વેલ્ચે કોલ્વિનને સ્પીટ્ઝરના આવા સ્વભાવની વાત કરી હતી.

૨૦૦૪માં ડેમોક્રેટિક પાર્ટીનું નેશનલ કન્વેન્શન થયું હતું. કેન લેન્ગોન તે સમયે જનરલ ઈલેક્ટ્રિક અને ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જનાં ડાઈરેક્ટર હતા. સ્પીટ્ઝર, જેક વેલ્ચ અને અન્ય મહાનુભાવો ઊભા હતા. મૈત્રીભરી વાતો ચાલતી હતી. વાતાવરણ હળવું હતું. અને જાણે ધડાકો થયો. વેલ્ચ કહે છે કે સ્પીટ્ઝરે મારી છાતીમાં આંગળી ઘોંચવાની શરૂ કરી. કહે: 'તું તારા મિત્ર લેન્ગોનને કહેજે કે હું તેની છાતીની આરપાર ખંજર ઉતારી દઈશ.'

સ્પીટ્ઝરે કોલ્વિનને બીજા એક પ્રસંગે શેખી મારતાં કહ્યું હતું કે 'મારી પાસે વીસ મિલિયન ડોલર્સ છે.'

કોલ્વિન કહે છે કે 'મને બહુ ઓછા મોટી ઉંમરના માણસો મળ્યા કે જેઓએ મને એમ જણાવ્યું હોય કે મારી પાસે આટલા રૂપિયા છે.'

'હા, ઘણા છોકરા એવા મળ્યા કે જેમણે મને પોતાની પાસે આટલા રૂપિયા છે એમ કહ્યું હશે.'

જીવનમાં વ્યક્તિનું માથું ભલે આકાશને અડતું હોય પણ પગ જો જમીન પર રાખે તો તેનું શુભ થાય છે. જમીન પરથી એક પગ ઊંચો થાય તો વાંધો શરૂ થાય છે. સંતુલન રાખવા ખૂબ પ્રયત્ન કરવો પડે છે. જેનો એક પગ ઊંચો થાય તેનાં બંને પગ ઊંચા થઈ જાય એવી ચોક્કસ સંભાવના છે. બંને પગ ઊંચા થઈ જાય ત્યારે પડી જવાય છે.

જીવનમાં ઉદ્ધતાઈનો ડંખ આવી જાય તો વ્યક્તિનું પતન થાય છે. ગમે તેવા માણસને સીધા કરવાનું ભગવાને ગોઠવેલું આ એક અદ્ભુત મિકેનિઝમ છે!

૩૧

બ્રેક વગરની ગાડી

ગોપાળાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના વચનસિદ્ધ સંત હતા.

એક વાર એક હરિભક્ત એમનાં દર્શને આવ્યા. દર્શન કરી તેમણે સ્વામીને પોતાની ખરાબ આર્થિક હાલત જણાવી કૃપા કરવા જણાવ્યું. એમને દયા આવી અને કેટલા રૂપિયા જોઈએ છે તે પૂછ્યું.

હરિભક્ત કહે: 'સો રૂપિયા મળે તો સારું.'

સ્વામી કહે: 'તું વિચારી લે. શું તને સો રૂપિયા પૂરતા થઈ રહેશે?'

પેલા ભાઈએ વિચાર કર્યો અને કહે: 'સ્વામી! ચાલો બસો રૂપિયા આપો.'

તેઓ કહે: 'શું બસો રૂપિયા ઓછા નહીં પડે? વિચાર તો કર.'

પેલા ઊંડા ઊતરી ગયા. થોડી વારે કહે: 'તમારી વાત બરોબર છે. એમ કરો હજાર રૂપિયા...'

સ્વામીએ ફરી પૂછ્યું: 'હજાર રૂપિયામાં શું થાય?' તેઓ પૂછતા ગયા. પેલાનો આંકડો વધતો ગયો. તે છેક વીસ હજારે પહોંચ્યો! ત્યારે સ્વામીએ તેમને અટકાવ્યા. નહીં તો એ ક્યાંય પહોંચી જાત!

ઈસવીસન પૂર્વેની પહેલી સદીમાં થયેલા રોમન લેખક પબ્લિલિઅસ સાયરસે આ વાત સમજાવતાં કહ્યું છે – Poverty wants much, but avarice, everything. ગરીબને વધુ જોઈએ છે અને લોભીનું બધું જ. હવા, પાણી, ખોરાક અને રોટી, કપડાં અને મકાન માણસની મૂળભૂત જરૂરિયાત છે. તેની જેમ પૈસો પણ માણસની પાયાની આવશ્યકતા બનતો જાય છે. કારણ કે તેનાથી તે પોતાની લગભગ તમામ ભૌતિક જરૂરિયાતને સંતોષી શકે છે. ફક્ત જરૂરિયાત જ નહીં પણ સુખ-સાહેબીની પૂર્તિ માટે પૈસો હોવો અનિવાર્ય છે.

સાહેબી ઉપરાંત માન, સન્માન, સત્તા, ઓળખાણ, એડમિશન વગેરે માટે પણ પૈસો હોવો જરૂરી છે. તેથી કહેવાયું છે કે પૈસો મનુષ્યનો બાહ્ય પ્રાણ છે. પૈસો મનુષ્યનું ચાલક બળ છે.

વપરાશના સાપેક્ષમાં વ્યક્તિ પૈસો મેળવે તેનો કોઈ વાંધો નથી. પરંતુ જ્યારે તે પૈસાની ઇચ્છાનો અતિરેક થાય છે ત્યારે આપત્તિનો આરંભ થાય છે.

ફોર્ચ્યુન મેગેઝિનના મેનેજિંગ એડિટર એન્ડી સર્વર અને સિનિયર એડિટર સ્લોઓને થોડા દિવસો પૂર્વે એક લેખ લખ્યો છે. તેનું શીર્ષક છે : The Price of Greed. લોભની કિંમત. તેમાં તેઓ વૈશ્વિક આર્થિક મંદી માટે માનવની લોભવૃત્તિ જવાબદાર છે એવું વારેવારે જણાવે છે. તેઓ નોંધે છે કે When greed exceeds fear, trouble follows. જ્યારે માણસ લોભિયો થાય છે ત્યારે તેને ખરાં-ખોટાંનું ભાન રહેતું નથી. પરિસ્થિતિમાં રહેલાં ભયસ્થાનોને તે જોઈ શકતો નથી. પરિણામે તે મુશ્કેલીમાં મુકાય છે.

આ સિવાય વર્લ્ડકોમના બની એબર્સ, એન્રોનના કેનેથ લે અને જેફરી સ્કિલિંગ, ટાઈકોના ડેનિસ કોઝલોવસ્કી, પર્માલેટના કેલિસ્ટો ટાન્ઝી વગેરેએ પોતાના લોભથી જે તે કંપનીઓને બરબાદ કરી નાખી હતી. કંપનીને નુકસાન થયું સાથે સાથે તેના હજારો કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા.

સમાજમાં ગરીબી કરતાં લોભથી વધુ પ્રશ્નો થયા છે, અને થાય છે. વળી, ગરીબ કરતાં લોભિયા વધુ દુઃખી હોય છે ને વધુ દુઃખી થાય છે. અત્યારે દેશમાં થોડી થોડી મંદી શરૂ થઈ છે. તેથી નોકરીમાંથી કર્મચારીઓને છૂટા કરવામાં આવી રહ્યા છે. લગભગ બધી જગ્યાએ મૅનેજમેન્ટ કોસ્ટ કટિંગ કરવા આ અણગમતું પગલું ભરે છે. કર ઈન્ડસ્ટ્રી પણ તેમાંથી બાકાત નથી.

થોડા સમય પહેલાં કમ્પ્યૂટર ક્ષેત્રના એક્સપર્ટમાં એક સામાન્ય માનસિકતા હતી : છ મહિને - એક વર્ષે જોબ બદલવી. નવી કંપની થોડા પૈસા વધુ આપે તો તરત જ જૂની કંપનીને રામ રામ કરવા. આમાં ઊંડા ન ઊતરતાં પણ ખબર પડે કે આનું મૂળ લોભ છે.

આર્થિક સ્થિતિ સારી ન હોય તો તેને સધ્ધરતા બક્ષવા નોકરી બદલવી વાજબી છે. પરંતુ ફક્ત વધુ પૈસાના લોભે નોકરી બદલવાની ભાવના હાનિકારક છે. કારણ કે ઘણી વાર કંપની બદલાતાં શહેર બદલવું પડે. શહેર બદલાય તો જીવનશૈલી બદલાય. પરિવારથી છૂટા પડવાનું થાય. મનમાં

અજંપો રહે છે.

મનન દવે ચેન્નાઈમાં (નામ-ગામ બદલ્યાં છે) એક આંતરરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતો હતો. જોબ પ્રોફાઈલ સારી. પગાર ખૂબ સારો. છોકરો ત્યાંની શ્રેષ્ઠ સ્કૂલમાં ભણે. પરિવાર સ્થિર. તેવામાં મનનને મુંબઈની એક બીજી આંતરરાષ્ટ્રીય કંપનીમાં વધારે પગારની ઓફર આવી. મનનનો લોભ જાગ્યો. ઝાઝું વિચાર્યા વગર તેણે નોકરી સ્વીકારી.

નોકરી સ્વીકારી અને પ્રશ્નો શરૂ થયા. પરિવાર બીજે અને પોતે મુંબઈમાં. પરિવારની ખોટ સાલવા લાગી. છોકરો ભણે. તેથી તે બધાંને તાત્કાલિક અહીં બોલાવાય પણ નહીં. વળી, અહીંની સ્કૂલમાં ભણવા માટે એક ભાષાનું ફરજિયાતપણું જોઈ તે દુઃખી થયો. વળી, કંપનીનું વર્ક કલ્ચર ફાવે નહીં. વધુમાં ટ્રેનની ગિરદી અને ટ્રાફિકની હાલાકી ભારે પડી ગઈ.

બસ! થોડા પૈસાના લોભે તેનું જીવન છિન્નભિન્ન થઈ ગયું. હવે તો જૂની કંપની પણ પાછી લેતી નથી. એ ભાઈ હવે મૂંઝવણમાં દિવસો કાઢ્યા કરે છે.

બોમ્બે સ્કોટિશ સ્કૂલમાં Greed is a sustainable feature એ વિષય પર ડિબેટ થઈ. તેમાં સ્કૂલનાં છોકરાં-છોકરીઓએ ભાગ લીધો. તેમાં બે ગ્રૂપ પાડવામાં આવ્યાં. એક ગ્રૂપ લોભની વિરુદ્ધમાં તો બીજું ગ્રૂપ તેના પક્ષમાં બોલે તેવું આયોજન થયું. વિદ્યાર્થીઓએ પોતાની પહોંચ પ્રમાણે રજૂઆત કરી. શિક્ષકો પણ હાજર હતા. અન્ય વિદ્યાર્થી પણ હતા. તેમાં લોભના પક્ષે બોલનાર ગ્રૂપનો વિજય થયો. કારણ કે તેની તૈયારી અને રજૂઆત સારાં હતાં. વિદ્યાર્થી પ્રેક્ષકોને પૂછવામાં આવ્યું ત્યારે અઢાર વિદ્યાર્થીઓએ લોભના પક્ષમાં ને ત્રણ વિદ્યાર્થીઓએ વિરુદ્ધમાં મત આપ્યો! શું બાળકો પણ લોભી બન્યાં છે કે શું?

લોભ એટલે બ્રેક વગરની ગાડી. જેની સ્પીડ ખતરનાક હોય છે. તે ક્યારે અકસ્માત કરી ભોગ લેશે તેની ખબર નહીં. આવી ગાડી જીવલેણ હોય છે.

રા'નવઘણને પાટણ સાથેના યુદ્ધમાં અપમાનિત કરવામાં આવ્યો હતો. તેણે જૂનાગઢની ગાદી રા'ખેંગારને આપી, કારણ કે તેણે પિતાની ચારે શરત પૂરી કરવાના સોગંદ ખાધા હતા. તે પણ ફક્ત તેર દિવસમાં! તેમાંની એક શરત હતી લાખા ચારણને મારવો. કારણ કે તેણે રા'નવઘણની

મજાક ઉડાવી હતી.

ચારણ એટલે દેવીપુત્ર કહેવાય. તેને કેવી રીતે મારવો? રા'ખેંગારે યુક્તિ વાપરી. તેણે લાખાને બોલાવ્યો. લાખો લોભી હતો. તેને કહ્યું કે તારા ગાલમાં જેટલી સોનામહોરો ભરાય તેટલી તૂં ભર.

લાખાએ મોઢામાં સોનામહોરો ભરવા માંડી. તેની બ્રેક ફેઈલ થઈ ગઈ. લોભમાં તે ભાન ભૂલી ગયો. સોનામહોરો ભરતાં ભરતાં છેલ્લે ગાલ ફાટી ગયા. લાખો મર્યો. (સંદર્ભ : કનૈયાલાલ મુનશી)

શું તમારે તમારી દશા આવી કરવી છે? કોઈને આવી દુઃખદ રીતે મરવું ગમતું નથી. માટે એક વાત માનો. ગાડીમાં જલદી બ્રેક નખાવી દો.

૩૨

જાગ્યા ત્યાંથી સવાર

વૉલ સ્ટ્રીટ. દુનિયાની મશહૂર સ્ટ્રીટ. તેમાં કંઈ કેટલીય નાણાં કંપની ધમધોકાર ચાલે છે.

'સલોમન બ્રધર્સ' તેમાંની એક આર્બિટેજ કંપની. જ્હોન મેરિવેધર એના કુશળ વાઇસ પ્રેસિડેન્ટ. મેરિવેધર બાહોશ બોન્ડ ટ્રેડર પણ ખરો. તેણે માર્કેટ પરની પોતાની જબરજસ્ત પકડથી કંપનીમાં સારી શાખ અને સત્તા હાંસલ કરી હતી. તેને પોતાની કારકિર્દીમાં સફળતા પણ વહેલી મળી.

મેરિવેધર બાહોશ ટ્રેડર કરતાં હોશિયાર માણસોને પારખી તેનો સારામાં સારો ઉપયોગ કરવામાં માહેર હતો. તેને વિચાર આવ્યો કે આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ પોતા માટે વધુ પૈસા કમાવા માટે કરીએ તો સારું.

આ વિચારથી તેણે ૧૯૯૩માં લોંગ ટર્મ કેપિટલ મૅનેજમેન્ટ (LTCM) નામની કંપની ખોલી. તેની મુખ્ય ઑફિસ ગ્રીનવિચ કનેક્ટિકટમાં હતી. LTCM હેજ ફંડનું રોકાણ કરતી કંપની હતી. મેરિવેધર હાર્વર્ડનાં પ્રૉફેસર રોઝનફેલ્ડ અને વિલિયમ લેસ્કરને કંપનીમાં ખેંચી લાવ્યો. ઉપરાંત, માયરોન સ્કોલ્સ અને રોબર્ટ મેર્ટન નામના બે અર્થશાસ્ત્ર માટેનું નોબલ પ્રાઇઝ વિજેતા અર્થશાસ્ત્રીઓને પણ તેણે કંપનીમાં જોડ્યા. ત્યારબાદ કંપનીના ફેડરલ રિઝર્વ સિસ્ટમના બૉર્ડ ઑફ ગવર્નરના વાઇસ ચૅરમેન ડેવિડ મ્યુનિલ્સ કામ કરતા થયા. એ સિવાય LTCMમાં સલોમન બ્રધર્સનાં ઘણા મહત્ત્વનાં આર્બિટેજ એનાલિસ્ટો પણ આવી ગયા. માર્કેટના આવા અન્ય માંધાતા ફિશર બ્લેકે પણ કંપનીમાં કામ કરવાનું સ્વીકાર્યું.

LTCM ખરેખર પ્રખર અર્થશાસ્ત્રીઓ, પ્રૉફેસર, એનાલિસ્ટો વગેરેથી ભરપૂર મજબૂત અને આશાસ્પદ કંપની હતી.

ટૂંક સમયમાં કંપનીએ આભ આંબતી સફળતા અને પુષ્કળ પૈસા બનાવ્યા. કંપનીએ ફંડ ઊભું કરવા સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટરનો અલગ વિભાગ શરૂ કર્યો. તેના આયોજન પ્રમાણે રોકાણકારે કંપનીમાં ઓછામાં ઓછા સો મિલિયન ડોલર રોકવા પડે.

કંપની બીજી હેજ ફંડ કંપનીઓ કરતાં રોકાણકાર પાસેથી વધુ ચાર્જ વસૂલ કરતી. માર્કેટમાં સામાન્ય ચલણ પ્રમાણે નફા પર ૨૦ ટકા ચાર્જ હતો અને રોકાણકારની અસ્કયામત પર ૧ ટકા ફી હતી. જ્યારે LTCMનો ચાર્જ ૨૫ ટકા અને ફી ૨ ટકા હતી. રોકાણકારે નાણાં ઓછાંમાં ઓછાં ત્રણ વર્ષ માટે રોકવા જ પડે – એવી શરત પણ હતી. આવું હોવા છતાં કંપનીએ તે સમયમાં ૧.૨૫ બિલિયન ડોલર ઊભા કર્યા હતા. હેજ ફંડમાં રોકાયેલી તે સૌથી મોટી રકમ હતી. લોકોના મનમાં એવું દૃઢ હતું કે LTCM એક સધ્ધર કંપની છે. તેમાં નોબેલ પ્રાઇઝ વિજેતા અર્થશાસ્ત્રીઓ છે. નીવડેલા વહીવટકર્તા છે. તેથી ફાયદો જ ફાયદો છે.

અને થયું પણ એવું જ. ૧૯૯૮ સુધી કંપનીએ ધૂમ કમાણી કરી. માર્કેટમાં નામના થઈ. ચાહના થઈ. અને મૅનેજમેન્ટને વધારેમાં વધારે કમાવાની લાલસા થઈ. પતનની શરૂઆત થઈ. અનેક ખેરખાં અને ખેલાડીઓ હોવા છતાં LTCM ફડચામાં ગઈ. વોલ સ્ટ્રીટમાં સન્નાટો છવાઈ ગયો ! એવા સમયે ચૌદ જેટલી બેંકોએ તેને જિવાડવા માટે ૩.૬૫ બિલિયન ડૉલર્સની લોન આપી. કંપનીનાં ડચકાં બંધ થયાં. થોડો સમય ટટ્ટાર થઈ.

૧૯૯૯માં તેણે બધી લોન ચૂકવી નાંખી. ૨૦૦૦ની સાલમાં કંપનીએ નાદારી નોંધાવી. નોબેલ પ્રાઇઝ વિજેતાઓ, ગણતરીબાજ એનાલિસ્ટો અને અનુભવી વ્યવસ્થાપકો જાણે હવામાં ઓગળી ગયા.

આ આખી ઘટના પર રોજર લેવેન્સ્ટાઇને 'When Genius Failed: The Rise and Fall of Long-Term Capital Management' નામનું પુસ્તક લખી નાખ્યું.

ઓવર ટ્રેડિંગની એક મર્યાદા છે. સમાજમાં પ્રવર્તતી અત્યારની માનસિકતા મુજબ લોકો પોતાની પહોંચ કરતાં ઘણું વધારે રોકાણ કરી બેસે છે. લાખ રૂપિયાની મૂડી હોય ન હોય અને વ્યક્તિ વીસ-પચીસ લાખનું રોકાણ કરવા લલચાય છે. તેમાં 'ફાયરિંગ ઇન ધ ડાર્ક' જેવું થવાની સંભાવના

રહે ખરી. સાહસ કરવું જોઈએ; સાહસિક થવું જોઈએ; પરંતુ સાહસ બેહદ થાય ત્યારે બેવકૂફાઈ કહેવાય છે.

ભગવાન સ્વામિનારાયણે આ સંદર્ભે કહ્યું છે કે વ્યક્તિએ પોતાની આવકના ધન પ્રમાણે ખર્ચ-રોકાણ કરવું તેથી વધારે કરવું નહીં. જે વ્યક્તિ પોતાની ઊપજ કરતાં વધારે ખર્ચ કે રોકાણ કરે છે તેને મોટું દુઃખ અને નુકસાન થાય છે.

આ વાત બધાએ મનમાં રાખવા જેવી જણાય છે. આ અર્થસભર અર્થમંત્ર છે. આ પ્રમાણે ન ચાલવાથી અનર્થ સર્જાય છે.

આજે દુનિયા જોઈ રહી છે તેમ ઓછી આવક અને વધુ ખર્ચો કરનારા દુઃખી છે. ઉપરાંત ચાર્વાકની *'ઋણં કૃત્વા ઘૃતં પિબેત્'*ની જીવન પદ્ધતિની વૈશ્વિક અસર થઈ રહી છે. તેનાથી મોર્ગન સ્ટેન્લી, મેરિલ લીન્ચ, વોશિંગ્ટન મ્યુચ્યુઅલ, સિટી બેન્ક, બ્રેડફોડ, બિંગ્લે, ફોર્ટિસ, ફેની, ફેડી, હાઇપો... વગેરે અનેક મજબૂત બેંક, કંપની, સંસ્થામાં ડોમિનો ઈફેક્ટ સર્જાઈ છે. આ બધું જે થયું છે તે માનવસર્જિત છે અને એ પણ એક દિવસમાં નથી થયું. વળી, આ બધી જગ્યાએ મહિનાના લાખો રૂપિયાનો પગાર લેનારા દુનિયાની શ્રેષ્ઠતમ બિઝનેસ સ્કૂલ, યુનિવર્સિટીના અર્થતંત્રના ખેરખાં હતા. તેઓ અમુક પ્રકારના આર્થિક વ્યવહારમાં રહેલા જોખમને જાણતા હતા. પરંતુ તેઓ પોતાના આત્મવિશ્વાસ અને આવડતના જોરે આ જાળમાં ફસાઈ ગયા.

એક વાર આવી જાળમાં ફસાયેલી વ્યક્તિ તેમાં વધારે ને વધારે ફસાતી જાય છે. આ એક પ્રકારની ભૂલભુલામણી છે. તેમાં શરૂઆતમાં સફળતા મળે છે. પછી વ્યક્તિ તેમાં આગળ ને આગળ વધતી જાય છે. ઊંડી ને ઊંડી ઊતરતી જાય છે. પાછા ફરવાની ઇચ્છા ગુમાવતી જાય છે. ઇચ્છા થાય ત્યારે બહુ મોડું થઈ ગયું છે. તેમાં તે દિશાહીન થઈ ભટક્યા કરે છે. ઘણી વાર તો વ્યક્તિ તેમાંથી બહાર નીકળવાને બદલે બરબાદ થવાનું વધારે પસંદ કરે છે.

વ્યક્તિ નહીં આખો દેશ આના પરિણામે મંદીના મહાકાળમાં હોમાઈ જાય છે. ધીમે ધીમે મંદીના મુખમાં ઊંડા ઊતરી ગયેલા અમેરિકા પર હવે આના લીધે પારાવાર મુશ્કેલી આવી રહી છે.

સફળ અમેરિકન ઇન્વેસ્ટર જિમ રોજર્સ અમેરિકાનું ભવિષ્ય ભાખતાં કહે છે: 'It is going to be much worse!' જે થવાનું હતું તે થઈ ચૂક્યું

છે. વિશ્વ મંદીના બ્લેકહોલમાં પ્રવેશી ચૂક્યું છે. બધાને થોડી ઘણી અસર થઈ છે. છતાં એક આશા છે. તેમાંથી નીકળી શકાય એવું પણ છે. કારણ કે ક્યારેય કોઈ વાતનું મોડું થતું નથી. જાગ્યા ત્યાંથી સવાર.

33

બહુ તાણો તો તૂટે...

રસોડામાં ગેસ ચાલુ છે. કૂકર ગેસ પર મૂક્યું છે. અગ્નિની જ્વાળાથી અંદર અનાજ રંધાઈ રહ્યું છે. ગરમીથી કૂકરમાં પ્રેસર ભેગું થયા કરે છે. જરા જરા સિટીના સિસકારા સંભળાય છે. વરાળના નાના ફૂંફાડા પણ નીકળે છે. ઘરમાં કોઈને કંઈ વધુ સમજાય તે પહેલાં તે કૂકર પ્રચંડ ધડાકા સાથે ફાટે છે! ઢાંકણું નીકળી જાય છે. અંદરનું અનાજ ઉપર સિલિંગને ચોંટી જાય છે. ઘરમાં ચીસાચીસ ને રાડારાડ મચી ગઈ. કોઈ કશું કરે તેની પહેલાં એક સેકન્ડમાં તો બધું શાંત થઈ ગયું. હજી કૂકરમાંથી વરાળ નીકળતી હતી. ઘરનાં બધાંની છાતી હાંફતી હતી. એમાં હથોડા વાગતા હતા. સૌ સ્તબ્ધ થઈ ગયા! શું થયું? કેમ થયું? તે કોઈને સમજાતું ન હતું.

જેવું કૂકરનું છે તેવું જ સંતાનોનું છે. તેમના મગજની ટાંકી પણ ફાટે છે. તાઈવાનમાં આવું સમજાવતો એક પ્રસંગ બની ગયો.

૨૯ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ સેન્ટ્રલ મિયાઓલીમાં એક ભાઈ પોતાના ઘરમાં શાંતિથી સૂતા હતા. તેનો સત્તર વર્ષનો છોકરો તેની પાસે આવે છે. તેનું મગજ ફાટ ફાટ થતું હતું. તેના હાથમાં ધારદાર ચાકુ હતું. બધું જ બળ વાપરી તેણે બાપનાં બંને કાંડાં કાપી નાખ્યા. બાપ બૂમો પાડતો રહ્યો, પરંતુ દીકરાએ તેની એક ન સાંભળી. પોલીસે તેને પકડ્યો ને જેલ ભેગો કર્યો.

અધિકારીઓએ છોકરાની ઊલટ તપાસ કરી. તેણે કહ્યું કે તે સ્કૂલમાં ભણે છે, તેમ છતાં તેનો બાપ તેને નોકરી કરવા આગ્રહ કરતો. ત્રાસ આપતો. લાંબા સમય સુધી તેણે અત્યાચાર સહન કર્યો. પછી સહન ન થતાં નછૂટકે તેને આવું પગલું ભરવું પડ્યું.

મુંબઈમાં ફ્રાન્સિસ ગોમ્સે પોતાનાં ત્રણ સંતાનોને વર્ષો સુધી એક જ

રૂમમાં ગોંધી રાખ્યાં. આવું ન થવું જોઈએ.

કોઈ પણ વ્યક્તિની જેમ સંતાનોની પણ સહનશક્તિ મર્યાદિત છે. તેમની પર જ્યારે માતાપિતાનું અસહ્ય દબાણ આવે છે ત્યારે તેઓ ન કરવાનું કરી બેસે છે.

માતાપિતા, વડીલોને સંતાનોની ચિંતા હોય તે સમજી શકાય એવી બાબત છે, પરંતુ તેમના પર પોતાનું જીવન, પોતાની વિચારધારા, પોતાનું ગમતું-અણગમતું ઠોકી બેસાડવાની કોઈ આવશ્યકતા નથી. અમુક રીતે તેમની પર દાબ રાખવો અત્યંત જરૂરી છે. ખાસ કરીને નવરાત્રિના અને તેવા દિવસોમાં-પ્રસંગોમાં.

કારણ કે તેઓ જુવાનીના જોરમાં અને શોરમાં ન કરવાનું કરી બેસે છે. અને આખી જિંદગી હતાશા સાથે પૂરી કરવી પડે છે, પરંતુ રોજિંદા જીવનમાં તેણે કેમ બેસવું ? શું પહેરવું ? શું ખાવું ? કયા કાર્યક્રમો જોવા ? તથા આ જ કર, તેમ જ કર વગેરે વગેરે બાબતોમાં બહુ સાવચેતી રાખી વ્યવહાર કરવો જોઈએ. તેમને આવા બધા માટે સજાગ કરવા જોઈએ તેની ના નથી, પરંતુ તેમને પ્રેસરાઈઝ કરવા તે અનુચિત જણાય છે. કારણ કે –

બહુ ચાવો તો માવો થાયે, બહુ તાણો તો તૂટે,
બહુ મંથને ઝેર મળે, ને બહુ ભરો તો ફૂટે.

ફુગ્ગામાં બહુ હવા ભરીએ તો તે ફૂટી જાય છે. કમ્પ્યૂટરને તેની ક્ષમતા કરતાં વધુ કામ કરાવીએ તો તે પણ હેંગ થઈ જાય છે. જ્યાં પણ અતિરેક થાય છે ત્યાં અકળામણ વધે છે. અકળામણ વધતાં અથડામણ થાય છે. અથડામણ થતાં અંટસ પડી જાય છે.

ઘણી વાર વડીલોનો દાબ ના જીરવાતાં સંતાનો ઘરમાંથી ભાગી પણ જાય છે. સંતાનોને થોડાં શાંતિથી, હળવાશથી સમજાવી શકાય છે. માત્ર કહેવાની, કરવાની ને કરાવવાની રીત બદલવાની જરૂર છે.

યોગીજી મહારાજ મુંબઈમાં હતા. દિનેશ નામનો યુવક મૅડિકલમાં ભણે. તેને ફિલ્મો જોવાનો શોખ, જે તેના અભ્યાસ માટે સારું ન હતું. બીજા ભક્તો તેને ફિલ્મનું વ્યસન મૂકવા ખૂબ દબાણ કરે. તે માને નહીં.

એક વાર યોગીજી મહારાજે તેને પૂછ્યું કે 'તું સાંજની સભામાં કેમ નથી આવતો ?'

તેણે કહ્યું કે 'હું ફિલ્મ જોવા જાઉં છું.'

તે વખતે બધા ભક્તોએ તેને ફિલ્મો મૂકવા ફરી આગ્રહ કર્યો.

યોગીજી મહારાજ તેને એકલા મળ્યા. પૂછ્યું: 'ફિલ્મમાં શું આવે?'

'તેમાં બધાં નાચે, કૂદે, ગાય, વગાડે એવું બધું આવે.'

યોગીજી મહારાજ કહે: 'તો તમારે નિત (રોજ) ફિલ્મમાં જવું.'

પેલો ખુશ થઈ ગયો!

થોડા દિવસ પછી યોગીજી મહારાજે દિનેશને બોલાવ્યો. કહે: 'મને છાતીમાં ખૂબ બળે છે.'

તે કહે: 'ના. મારી દવા તમારી પાસે છે.'

'શું આપું?'

'તમે ફિલ્મ જોવાનું મૂકી દો તો મને સારું થઈ જાય.'

તે એકદમ રાજી થઈ ગયો અને ફિલ્મો જોવાનું બંધ કર્યું.

લખતી વખતે પેન્સિલ, બોલપેન કે ઇંકપેન પર બહુ ભાર આપવામાં આવે તો તેનાથી લખાતું નથી. તેનાથી તો પેન્સિલની અણી બટકી જાય છે. બોલપેનનો બોલ ખરાબ થાય છે અને ઇંકપેનની નીબ તૂટી જાય છે. પ્લાસ્ટિકની ખુરશી પર પણ જો વધારે દબાણ આવે તો તેનો પાયો તૂટી જાય છે. પ્રેસરપ્રૂફ કોઈ વસ્તુ નથી ને વ્યક્તિ પણ નથી. સંતાન તો નહીં જ.

૩૪

અસંતોષનો અગ્નિ

'જ્ઞાનના ઉપયોગથી આપણે અર્થતંત્રમાં ઉચ્ચતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકીશું, સંશોધનોથી નૂતન ક્ષેત્રોને કબજે કરી શકીશું અને આપણે એવાં પ્લાન્ટ તથા મશીનો બનાવી શકીએ એમ છીએ કે જે વિશ્વમાં અજાયબી બની જાય તેમ છે. તેમ છતાં આપણા મજૂરો અને અધિકારીઓને જો પોતાના કામમાં સંતોષ ન હોય તો આપણું કરેલું બધું નકામું છે.' એન્ડ્ર્યુ સ્ટેટિન્યુની આ ટકોર સમજવા જેવી છે.

સમાજ ગમે તેટલું કરે પરંતુ જો મનુષ્યને સંતોષ ન હોય તો તેનો ફાયદો શું? મનુષ્યને જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનો અસંતોષ હોય છે. ઘણા તે વ્યક્ત ન કરે. ઘણા તે ખુલ્લેઆમ બતાવી દે.

થોડા મહિના પહેલાં સંતો ફણસવાડીમાં પધરામણીએ જઈ રહ્યા હતા. સામેથી વીસેક વર્ષનો છોકરો આવતો હતો. તેણે સારા શૂઝ પહેર્યા હતા. જિન્સનું પેન્ટ ચડાવ્યું હતું. કાળું ટી-શર્ટ હતું, તેના પર લાલ અક્ષરમાં લખ્યું હતું. I am dissatisfied. હું અસંતુષ્ટ છું.

તેના ચહેરા સામું જોયું તો તે લખાણના પુરાવા જેવો હતો. મનમાં પ્રશ્ન થયો કે ભરજુવાનીમાં વળી અસંતોષ કેવો? માણસને આમ ઘણી બધી રીતે અસંતોષ રહ્યા કરતો હોય છે.

હમણાં એક ભાઈ મળ્યા. કહે: 'જોબ નથી.'

'નોકરીમાંથી કાઢી મૂક્યો કે શું?'

'ના. એવું નથી. મેં મૂકી દીધી.'

'કેમ?'

'મજા આવતી ન હતી. જોબ સેટિસ્ફેક્શન ન હતું.'

નોકરિયાતને થતા પ્રશ્નોમાં એક ભૂમિકા જોબ સેટિસ્ફેક્શનની પણ છે. નોકરીમાં સંતોષ ન હોય તો નોકરી કરી નો-કરી જેવું થઈ જાય છે.

વ્યક્તિએ વ્યક્તિ અને ઉંમર, સંજોગો વગેરે પ્રમાણ અસંતોષ બદલાતો હોય છે. બારમું પાસ કર્યા પછી રમેશને ઇલેક્ટ્રોનિક્સમાં જવું હતું. પરંતુ તેમના પરિવારને કેમિકલનું કામકાજ. તેથી કુટુંબીઓના આગ્રહથી કેમિકલની લાઇન લેવી પડી. તે ભણવા તો ગયો, પરંતુ નાપાસ થયો અને નાછૂટકે કેમિકલના ધંધામાં લાગી ગયો.

જે ભણતા હોય તેમાં જો વિદ્યાર્થીને સંતોષ ન હોય, અનુકૂળતા ન હોય તો તેમાંથી તેને કોઈ ફાયદો થાય નહીં.

પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે અસંતોષી જીવને જે તેની પાસે હોય છે તેનું પણ સુખ આવતું નથી.

વ્યક્તિ જીવનના અમુક તબક્કે પારાવાર અસંતોષ અનુભવે છે. આધુનિક સમાજની આ એક પ્રચલિત માનસિકતા છે, જે વ્યાપક બીમારીમાં પરિવર્તિત થઈ રહી છે.

જીવનમાં ઘણી વાર ધાર્યા પ્રમાણે, ઇચ્છ્યા પ્રમાણે થાય ખરું ત્યારે મનમાં બહુ આનંદ થાય. પૃથ્વી સ્વર્ગ સમાન થઈ જાય. પરંતુ અમુક વાર એવું થાય કે ધાર્યા મુજબ ન થાય. આપણી અપેક્ષા પૂરી ન થાય ત્યારે અંતરમાં અસંતોષનો અગ્નિ ભભૂકી ઊઠે છે.

એક ભિખારી હતો. તેની પાસે પગમાં પહેરવા જોડા ન હતા. તેનો તેને અસંતોષ. તેને માટે રડ્યા કરે. એક વાર તેણે એક અપંગને જોયો. જોયો, ખુશ થયો અને અસંતોષ નીકળી ગયો. રડવાનું બંધ થયું. કારણ કે ભિખારીને તો જોડા ન હતા, પેલાના તો બંને પગ જ ન હતા! તેના પરથી કહેવત પડી : 'I wept because I had no shoes, until I saw a man who had no feet.'

જે મળ્યું છે તેમાં જો સંતોષ થાય તો છેદીરામ જેવું ન થાય.

આ છેદીરામને પોતાના નામથી ખૂબ અસંતોષ. તે વિચાર કર્યા કરે કે હું આટલો સરસ અને નામ છેદીરામ! નામમાં જ છેદ! કાણું! તેણે નક્કી કર્યું કે નામ જ બદલી નાખું.

તે પોતાના પંજાબી મિત્ર પાસે ગયો. તેણે તેનું નામ મહોરસિંહ રાખ્યું.

તપાસ કરતાં તેને ખબર પડી કે પંજાબીમાં મહોરનો અર્થ કાણું જ થાય છે. પછી તેણે પોતાના અંગ્રેજી મિત્ર પાસે ઇંગ્લિશ નામ માગ્યું. તેણે તેનું નામ માઇકલ હોલ રાખ્યું.

થોડા સમય પછી તેને સમજાયું કે 'હોલ'નો અર્થ પણ કાણું જ થાય છે. તેણે પછી પોતાનું નામ 'સુરાખખાન' રાખ્યું. કોઈએ તેને કહ્યું કે સુરાખનો અર્થ કાણું થાય છે.

તેનો અસંતોષ વધી ગયો.

તેણે વિદેશના મિત્રો પાસેથી હુલ (ડેનિસ), ટ્રો (ફ્રેન્ચ), હોયો (સ્પેનિસ) એવાં નામ અજમાવી જોયાં પણ બધાનો એક જ અર્થ નીકળે – છેદ.

તે કંટાળ્યો. વિચાર્યું કે જે હતું તે બરોબર જ હતું.

તે હિંદુ નામ ધારણ કરવા મંદિરમાં આવ્યો. પંડિતજીને પોતાના છેદીરામ નામની સુદીર્ઘ દાસ્તાન સંભળાવી. પંડિતે કહ્યું: 'અબ તુમ્હારા નામ છેદીરામ નહીં. છન્નીરામ રખા જાતા હૈ.'

છેદીરામ ચમક્યો. પૂછ્યું : 'ક્યોં ?'

પંડિતજી કહે: 'પહેલે તેરે મેં એક છેદ થા. અબ તેરે મેં કઈ છેદ પડ ગયે હૈ.' 'છન્ની'નો અર્થ ચાળણી થાય છે.

આપણે એમ વિચારી સંતોષ રાખવો કે મારો અભ્યાસ, મારું કામ, મારું નામ, ગામ, નોકરી, ઘર, ધર્મ વગેરે બધું બરોબર છે. સંતોષી નર સદા સુખી.

૩૫

અંધારું અને એકાંત

સંવત ૧૮૬૯ની સાલમાં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો, તે એટલો ભયંકર હતો કે લોકો દુઃખી થઈ ગયા. આવા સમયે પરમહંસો વિચરણ કરી લોકોને ધીરજ અને હિંમત આપતા. તેમની સાથે થોડાં છોકરાં ફરે. પરમહંસો ઘરોઘર ફરી ભિક્ષા માગે જે આવે તેમાંથી પોતે જમે અને છોકરાંઓને જમાડે. પછી સંતો ચહેરો ઢંકાય તેમ કપડું ઓઢી ભગવાનનું ધ્યાન કરે. માથે ઓઢવાથી અંધારું થાય અને સમૂહમાં એકલતા આવે. તેમને જોઈ છોકરાં પણ માથે કપડું ઓઢીને બેસે.

પરમહંસોને થયું કે આપણે તો ધ્યાન કરીએ છીએ, પરંતુ છોકરા શું કરે છે? તેમણે છોકરાઓને પૂછ્યું: 'તમે ઓઢીને શું કરો છો?'

ત્યારે તેઓ કહે: 'તમે શું કરો છો?'

'અમે ભગવાનને સંભારીએ છીએ.'

છોકરા કહે: 'અમે અમારાં માબાપને સંભારીએ છીએ. તેઓ આવા દુષ્કાળમાં ક્યાં હશે? શું ખાતાં હશે? અમે ક્યારે ભેળા થાશું?'

અંધારામાં એક ભગવાનને યાદ કરે છે. બીજા લોહીના સંબંધો યાદ કરે છે. અંધારામાં શું કરવું તે વ્યક્તિએ સ્વયં નક્કી કરવાનું હોય છે.

૧૯૯૬ની સાલમાં ગાંધીનગર અક્ષરધામ સ્થિત આર્ષ સંશોધન કેન્દ્રમાં 'ધ રોલ ઓફ ગુરુ' નામક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. તેમાં વામદેવ શાસ્ત્રી (મૂળ નામ ડેવિડ ફ્રોલી) પણ આવ્યા હતા. તેમનો ઉતારો મંદિરની નજીક હતો. તેમને પરિસંવાદમાં બોલાવવા જવાનું થયું. રૂમમાં તેઓ બેઠા હતા. વાંચતા હતા. સમય હતો તેથી અમારી વાતો શરૂ થઈ.

વાતમાં તેમણે જણાવ્યું કે રાતના તેઓ સૂતા હોય ત્યારે કોઈક વાર જાગી જાય છે. સંતોએ પૂછ્યું: 'રાતના જાગી જાવ ત્યારે તમે શું કરો?'

તેમણે કહ્યું: 'હું સંસ્કૃત શાસ્ત્રો વાંચવા માંડું.'

અંધારામાં શાસ્ત્ર વાંચનારાં કેટલાં? ઘણા તો જાગી જાય તો ફરી સૂઈ જાય. માણસ તેની અંધારાની પ્રવૃત્તિ પરથી કળાય છે, કારણ કે અંધારામાં તેને કોઈ જોતું ન હોય અને તે પણ કોઈને જોતો ન હોય. કોઈ ન જુએ તેના કરતાં તે કોઈને ન જુએ તે તેને વધારે સુરક્ષિત લાગે છે. તેથી તે ગમે તેવી પ્રવૃત્તિ કરી બેસે છે. તેવા સારા કહેવાતા માણસો પણ અંધારાનો ઉપયોગ પોતાની મલિનતા પોષવા માટે કરતા હોય છે.

ડ્વાઇટ મૂડીએ માણસની આવી માનસિકતા વર્ણવતાં કહ્યું છે, Character is what you are in the dark. અંધારામાં તમે જે કરો છો તે તમારું ચારિત્ર્ય છે. તમારી ઓળખ છે. તમારું અસલ સ્વરૂપ છે. અજવાળું નહીં પરંતુ અંધારું માણસની ખરી ઓળખાણ અભિવ્યક્ત કરે છે. અજવાળામાં તો બધા નમ્ર, વિવેકી, પ્રામાણિક, સજ્જન ને અંતે તે સેલિબ્રિટી થાય છે. અંધારાનો આસવ માણસને મદહોશ કરી બેનકાબ કરે છે. ત્યારે શું દેશી ને શું અમેરિકન?

૧૩મી જુલાઈ ૧૯૭૭ની રાતે ન્યૂયોર્કમાં સંપૂર્ણ બ્લેકઆઉટ થયો હતો. ઘટનાની શરૂઆત થઈ રાતના ૮-૩૭ વાગે. તે સમયે હડસન નદી પર આવેલા સબસ્ટેશન પર વીજળી ત્રાટકી. તે પછી પણ વારેવારે ત્યાં વીજળી પડતાં પાવર સ્ટેશન ખોટકાયું અને શહેરને મળતો વીજપુરવઠો બંધ થયો. બ્લેકઆઉટ થયો ત્યારે ઑફિસ અને દુકાનો બંધ કરી શેઠિયા-કર્મચારી પોતપોતાના ઘરે નીકળી ગયા હતા. અંધારું થતાં લોકો પોતાનાં ઘરોમાંથી નીકળવા લાગ્યા. રસ્તા પર બંધ દુકાનો જોઈ. શોકેસમાંથી અંદર રહેલી વસ્તુઓ જોઈ. અનુકૂળતા જોઈ. લોકોની ચૌર્યવૃત્તિ જાગી ગઈ. બસ! પછી તો શ્વેત-અશ્વેત બધાએ લૂંટવા માડ્યું. દુકાનોનાં કાચ અને શટર તૂટવા લાગ્યાં.

તેમને કોઈ રોકનાર કે પકડનાર ન હતું! કારણ કે બ્લેકઆઉટ હતો. બ્રોંક્સ કારડીલરની પચાસ નવી ગાડીઓ લૂંટાઈ. બ્રોડવેના એકસો ચોત્રીસ સ્ટોર લૂંટાયા. બધું મળી સોળસોને સોળ સ્ટોર લૂંટાયા હતા. આ તો સત્તાવાર આંકડા છે. હકીકત ઘણી જુદી હશે. દુકાનો લૂંટાયા પછી લૂંટના

લૂંટવા માંડ્યા.

લૂંટફાટ અને આગ લગાડવાનો સિલસિલો બીજે દિવસે સવારે પણ ચાલુ રહ્યો, જાણે અજવાળાને અંધારાનો ધક્કો લાગ્યો ! આ બધી ધમાચકડીમાં પાંચસો પચાસ પોલીસ ઘવાયા. આખા શહેરમાં ધરપકડનો દોર શરૂ થયો. તેમાં ચાર હજાર પાંચસોને પકડી જેલમાં પૂરવામાં આવ્યા. બ્લેકઆઉટમાં થયેલી આવી લૂંટફાટથી તે સમયે લાખો ડોલરનું નુકસાન થયું હતું. ટાઈમ મેગેઝિનના ૨૫ જુલાઈના અંકના મુખપૃષ્ઠ પર માણસો લૂંટફાટ કરે છે તેનો ફોટો હતો અને લખ્યું હતું :

Blackout '77: ONCE MORE, WITH LOOTING.

અંધારાનો ઉપયોગ આમ નીચે મુજબ પણ કરી શકાય. ૧૯૯૦ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ લંડન હતા. તે સમયે ગુજરાતમાં કારમો દુષ્કાળ હતો. અડધો શ્રાવણ વીત્યો છતાં વરસાદ પડતો ન હતો. સરકારના કૃત્રિમ વરસાદના પ્રયોગો પણ નિષ્ફળ ગયા હતા. એક રાતે બે વાગે સ્વામીજીના સેવક સૂતા હતા. કશુંક સંભળાતા તેઓ જાગી ગયા.

અંધારામાં સ્વામીજીના રૂમમાં ઝીણી નજર કરી જોયું તો તેઓ પથારીમાં બેઠાં બેઠાં ધૂન કરતા હતા. થોડી મિનિટો બાદ સેવકે ધીમેથી સ્વામીજીને પૂછ્યું કે અંધારામાં આપ શું કરો છો ?'

સ્વામીજી કશું બોલ્યા નહીં, પરંતુ આગ્રહ વધુ થતાં કહ્યું : 'ગુજરાતમાં દુષ્કાળ છે. પાણી નથી. લોકો દુઃખી છે. તેથી રોજ કલાક મહારાજને વરસાદ માટે પ્રાર્થના કરું છું.' આ વાત સાંભળી સેવક પણ મધરાતના અંધારાની નિત્ય પ્રાર્થનામાં જોડાઈ ગયા.

હેન્રી હફમેને આ સંદર્ભે બીજી એક સરસ વાત કરતાં કહ્યું છે Character is what you do when nobody is looking.

અંધારું અને એકાંત માનવ સ્વરૂપને જેમ છે તેમ જોવાનાં બે સર્ચ એન્જિન છે.

૩૯

મનની ગાંઠો ઓગળી શકે છે

મહેશ (નામ બદલ્યું છે) એક જૂની જામેલી મોટી કંપનીમાં સારા હોદ્દા પર કામ કરે છે. તેના ડિપાર્ટમેન્ટ મૅનેજરને શાંઘાઈ જવાનું હોય છે. મહેશ તે ક્ષેત્રમાં નિષ્ણાત હોવાથી સાહેબ તેને પણ સાથે આવવાનું કહે છે. મહેશ ના પાડે છે. સાહેબે કારણ પૂછ્યું તો તેણે જણાવ્યું કે મારે અંગત વ્યાવહારિક કામકાજ હોવાથી હું આવી નહીં શકું. હકીકતમાં તો તેને ડર હતો કે અહીં દેશમાં સ્વાઇન ફ્લૂનો વાયરો છે તો ત્યાં સ્વાઇન ફ્લૂ, બર્ડ ફ્લૂ વગેરે હશે. વળી, ત્યાં દૂધમાં અને અન્ય ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ થાય છે. લેવાદેવા વગરના આપણે ઝપટમાં આવી ગયા તો મુશ્કેલી ઊભી થશે. આવું વિચારી તેણે વાત ટાળી નાખી.

સાહેબે કહ્યું કે વાંધો નહીં. હું એકલો જઈ આવીશ. તેને હાશ થઈ. પછીના દિવસોમાં સંજોગો ઝડપથી બદલાયા. સાહેબની તબિયત અચાનક બગડી. તેમનાં પત્ની પણ બીમાર પડ્યાં.

હવે મહેશને કોઈ પણ સંજોગોમાં શાંઘાઈ જવું પડે એમ હતું. કમને તેણે જવાની તૈયારી કરી. દવાઓ પણ સાથે લીધી. તે વિમાનમાં બેઠો વિચારવા લાગ્યો. 'મજબૂરી કા દૂસરા નામ મહેશ.' અઠવાડિયા સુધી તેના કોઈ સમાચાર ન આવ્યા. કામ પતાવી તે પાછો મુંબઈ આવ્યો. મંદિરે સંતોને ફોન કર્યો. સંતોએ સૌથી પહેલાં તબિયતનું પૂછ્યું, તે કહે: 'તબિયતને મારો ગોલી...'

'કેમ ?'

'અરે ! શાંઘાઈમાં ખૂબ મજા આવી. શું ડેવલપ થયું છે. ફર્સ્ટ ક્લાસ ! જરાય ગંદકી નહીં. જમવાનું પણ મળી રહે. કામ પણ સારું થયું. બીજી વાર

જવું છે – વિથ ફેમિલી !'

માણસનું માનસ આવું પણ છે. જે નથી જોયું, જે નથી જાણ્યું, જે નથી માણ્યું તેનાથી તે ગભરાય છે, ડરે છે. મનમાં પૂર્વગ્રહ બાંધી લે છે. આ તો આવું હશે... આ તો આવો જ છે... આવી ધારણા-વિચારણા ખોટી પણ હોઈ શકે છે.

તમે પણ જીવનમાં કોઈક વાર આવું અનુભવ્યું હશે. અજાણી વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ વગેરે માટે વ્યક્તિનું મગજ લોક થઈ જાય છે. ડિજિટલ લૉક, મિકેનિકલ લૉક એવાં ઘણાં લૉક છે. તેમાં આ મેન્ટલ લૉક સૌથી વધુ વપરાય છે, વસાય છે. તેને અનલૉક કરવું અઘરું છે.

રોબર્ટ બૂચાનન 'ફિલ બ્લડ્સ લીપ'માં કહે છે તેમ 'His stupid skull was choking full of prejudice.'

વ્યક્તિ સ્વયં પોતાના મનમાં પૂર્વગ્રહનાં લાકડાં ખડકે છે. અહીં એક વ્યક્તિ બીજી વ્યક્તિ માટે કેવો પૂર્વગ્રહ ધરાવે છે તેની વાત નથી કરતા. તે લાકડાં પણ ખડકે છે ને મનમાં ગાંઠ પણ મારે છે. રૂટિન લાઈફ કરતાં કંઈક નવું અને જુદું કરવું પડે તો તરત તેને અવળા વિચારો આવવા માંડે છે !

'૮૫-૮૬ની સાલની આસપાસની આ વાત છે. અમદાવાદના એક યુવાનના મનમાં આવો આછો-પાતળો પૂર્વગ્રહ સેટ થયો હતો. તેને બારમીમાં સારા માર્ક્સ આવ્યા હતા. બિટ્સ-પિલાની (રાજસ્થાન)ની કમ્પ્યૂટર શાખામાં તેને એડમિશન મળ્યું, પરંતુ સત્સંગના નિયમ-ધર્મમાં વ્યવસ્થિત હોવાથી તે ત્યાં જવાનું-ભણવાનું ટાળતો હતો. તેને મનમાં એવું હતું કે આટલે દૂર અજાણી જગ્યાએ ભણવા જવાથી વ્યક્તિગત જીવનમાં શિથિલતા આવી જશે. કુસંગ લાગી જશે. ન થવાનું થઈ જશે. મારે ત્યાં ભણવા ન જવું. ગુજરાતમાં એડમિશન લઈ ભણવું.

પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યો ત્યારે એમને પણ તેણે આ વાત કરી કે બિટ્સ-પિલાનીમાં એડમિશન મળ્યું છે. ત્યાં પ્રવેશ મેળવવો તે અઘરું છે, પરંતુ મારે ત્યાં જવું નથી. કારણ કે ત્યાં જઈએ તો સત્સંગનો જોગ ન રહે. વળી, ત્યાં ભણવા આવનારા બધા સરખા નથી હોતા. તેથી અહીં ભણવાનો વિચાર છે.

સ્વામીજીએ તેનું મેન્ટલ લૉક દૂર કરતાં જણાવ્યું : 'એવું નથી કે ત્યાં

જઈએ તો ખરાબ થઈ જવાય છે. આપણા... સ્વામી પણ ત્યાં જ ભણ્યા છે. ત્યાં જવામાં વાંધો નથી. હું પણ ત્યાં જઈ આવ્યો છું. તું પેલો વિચાર મૂકી દે. આપણે ત્યાં જઈ સારું ભણવું છે તે નક્કી કર.'

યુવકે આ વાત સાંભળી અને તેના મનની ગાંઠો ઓગળી ગઈ. તેણે નક્કી કર્યું કે હવે પિલાની જઈ સારામાં સારું ભણવું છે.

પછી તે ત્યાં જાય છે. અભ્યાસ કરે છે. ત્યાંથી બી.ઇ. કમ્પ્યૂટર અને એમ.એસ.સી. (ફિઝિક્સ) એમ બે ડિગ્રી મેળવી ભવિષ્યને ખૂબ ઉજ્જવળ બનાવે છે.

આવી રીતે વ્યક્તિએ અનુભવીના આધારે પોતાના મનની ગાંઠો ઓગાળવાની છે. કારણ કે તે ઓગળી શકે છે.

ઘણી વાર માતા-પિતાના મનમાં આવી ગ્રંથિ હોય છે કે ફલાણી ફલાણી જગ્યાએ ભણવા જવાય જ નહીં.

સંતાન ત્યાં જાય તો માંદું પડી જાય, ત્યાં કોણ એની ખબર રાખે? અજાણી જગ્યા છે. શું થાય? તેમ કહી સંતાનના ભણતર પર પૂર્વગ્રહોનું નક્કર ચણતર કરી નાખે છે. તેમની કારકિર્દી સીલ કરી દે છે.

હમણાં મુંબઈના એક છોકરાને મહારાષ્ટ્રમાં ડેન્ટિસ્ટ્રીમાં એડમિશન મળતું હતું. જગ્યા સારી હતી. તેને ત્યાં જવું હતું, પરંતુ ઘરના વડીલોએ એક અવાજે ના પાડી. ત્યાં સુધી ભણવા ના જવાય. મુંબઈમાં એડમિશન લે. પરંતુ તેને ટકા થોડા ઓછા હતા. તેથી અહીં એડમિશન મળ્યું નહીં અને હવે તે ડેન્ટિસ્ટ્રી સિવાય બીજા વિકલ્પોની શોધમાં આમતેમ આંટા મારે છે.

માઇન્ડ બ્લોક વ્યક્તિ પોતા માટે પણ સારો નથી તો પછી તેને બીજા પર શા માટે લાદવો જોઈએ?

૩૭

ઉતાવળ કરો, પણ ધીમેથી

હજુ મુંબઈમાં ચોમાસું ચાલી રહ્યું છે. ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વર્ષો બાદ થોડા દિવસો પહેલાં મુંબઈગરાએ મોટામાં મોટી ભરતી માણી. ભરતીની થપાટ સાથે પવનનો સપાટો પણ અવારનાર જોવા મળે છે. તેથી છાપરાં ઊડી જાય છે. મકાનો-વૃક્ષો પડી જાય છે. છત્રી કાગડો થઈ જાય છે. કાગડો થઈ જતી છત્રીને ફરી યથાવત્ કરવી અઘરી છે.

પવનના સુસવાટા સામે લડત લઈ ભીંજાતા એક કાકા કાગડો છત્રી સમી કરતા હતા. છત્રીના તારનો છેડો પકડીને તેને નમાવતા હતા. પ્રયત્ન સારો હતો. દિશા બરાબર ન હતી. સરખું કરવામાં સળિયો વાંકો થઈ ગયો.

છત્રી સરખી કરવાના મરણિયા પ્રયાસમાં કાકાથી અજાણતાં કાગડા-છત્રી પવનની સામે થઈ. પવનદેવે રિવર્સ પ્રોસેસ કર્યો. કાગડાની પુનઃ છત્રી થઈ ગઈ.

બીજી એક ઘટના આવી જોઈ. દોઢેક વર્ષનો બાળક તેના પિતાના હાથમાં હતો. પિતા તેને રમાડતા હતા. અજાણતાં બાળક હાથમાંથી છટક્યો નીચે ફરસ પર પટકાયો. પટકાતાં તેના ખભાનું હાડકું ખસી ગયું. છોકરો રડવા લાગ્યો. ઘરના બધા જમા જઈ ગયાં. તેમણે હાડકું સેટ કરવા ધીમે ધીમે હાથ અજમાવી જોયો. છત્રીના સળિયા સીધા ન થતા હોય તો હાડકું કેમનું તરત સેટ થાય ! હાડકું સેટ ન જ થયું. બધાં ગભરાયા. ઓર્થોપેડિક કે બોન સેટર પાસે જવાની તૈયારી કરવા લાગ્યા.

એક જણે બાળકને તેડ્યો. ઘરનો દરવાજો ખોલવા ગયા ત્યાં જ બાળક ફરી પડ્યો ! બધાના મનમાં ફાળ પડી. હવે શું ? પડેલા બાળકને ઉપાડવામાં આવ્યો. ઉપાડીને જોયું તો બધાને નવાઈ લાગી. બાળકના ખભાનું હાડકું સેટ

થઈ ગયું હતું.

જીવનમાં ઘણી સમસ્યા આવે છે. તેમાં ચિંતા થાય એ સ્વાભાવિક છે. તેનું યથોચિત સમાધાન પણ કરવું જોઈએ, પરંતુ ઘણી વાર એવો પણ અનુભવ થાય છે કે સમસ્યામાં તેનું સમાધાન મળી આવે છે.

દુનિયામાં માર્શલ આર્ટ્સના બસો પ્રકાર છે. તેમ હથિયાર સાથે અને હથિયાર વગર તેવા બીજા બે વિભાગો છે. હથિયાર વગરની માર્શલ આર્ટ્સમાં અમુક ટેક્નિક આક્રમક છે તો અમુક શાંત છે. શાંતમાં એઈકિકો, જુજિન્સુ, જુડો વગેરે આવે છે, તેમાં બધું ધીરજથી હુમલો કરનાર વ્યક્તિના ફોર્સનો ઉપયોગ તેને પછાડવામાં અને હરાવવામાં થાય છે. આ પ્રક્રિયામાં એટમી-વાઝા, કટામે-વાઝા અને નગે-વાઝા એવાં ત્રણ સ્ટેપ આવે છે.

આમ સ્થિર રહી મારવા આવનારને હરાવવાનું સહેલું થઈ જાય છે. સમસ્યાનો પ્રકાર નક્કી થાય ત્યારે લાંબો વિચાર કરવાની ઘણી વાર જરૂર હોતી નથી. જો તેને છંછેડવામાં ન આવે તો તે સ્વયં ઊકલી જાય છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં આ વાત સરળ રીતે સમજાવી છે. એમણે કહ્યું છે. જેમ ઝીણી ખસ કે રાતી દાદર હોય તેને ખંજોળીએ તો લોહી નીકળે અને જ્યાં સુધી ખરજ મટે નહીં અને જો ખંજોળીએ નહીં તો તે એમને એમ બળી જાય.

શરદી માટે એવું કહેવાય છે કે જો તમે તેની દવા લેશો તો અઠવાડિયામાં મટશે અને જો દવા નહીં લો તો સાત દિવસમાં આપોઆપ મટી જશે.

હૃદય પર લાગેલા જખમ બહાર દેખાતા નથી તેમ છતાં તે બહાર દેખાતા અને શરીરની આરપાર નીકળી ગયેલા ઘા કરતાં વધુ ઊંડા હોય છે. તેની રૂઝ માટે સમય શ્રેષ્ઠ ઉપાય છે.

જીવનમાં પ્રોએક્ટિવ થવું પડતું હોય છે. આવનારી વિષમ પરિસ્થિતિનો સામનો કરવાનો અભિગમ યોગ્ય પણ છે. વરસાદનું પાણી ગટરમાં ભરાય અને આખું શહેર તેમાં ડૂબી જાય તેના કરતાં ચોમાસું બેસે તેની પહેલાં સાર્વજનિક સફાઈ હિતાવહ છે. તેમાં બેસી રહેવું પોષાય નહીં. નિર્ણય લેવો પડે. બીજી બાજુ વસ્તુ સ્થિતિને લક્ષ્યમાં રાખી જ્યાં છે ત્યાં ઊભા રહેવું તે એટલો જ સાચો ને સચોટ પ્રતિસાદ છે.

ઘણી વાર તો નો રિસ્પોન્સ એ બેસ્ટ રિસ્પોન્સ સાબિત થાય છે. જીવનની આ પણ એક ભૂમિકા છે. જે બહુ વાર અજમાવાઈ નથી. આ કોઈ બેદરકારી નથી. વ્યક્તિ તેને અજમાવવાનો વિચાર નથી કરતો.

માણસ ઘણી વાર નાની શી વાતમાં વધારે પડતી ઉતાવળ ઉગ્રતા ધારણ કરી લે છે. તેને તરત કરી નાખવાની ચટપટી થાય છે. ઉતાવળ બધી સમસ્યાનો ઉપાય નથી. આપણે ઉતાવળ કરવી જોઈએ પણ જરા ધીરેથી. જરા સમજીને જહોન વેસ્લેએ એટલે કહ્યું છે – Though I am always in haste, I am never in a hurry.

૩૮

ગુણને જુઓ

માણસનું માનસ નકારાત્મક પાસાંને પહેલાં જુએ છે. મિત્ર, સગાં, કર્મચારી વગેરેના અવગુણ લેવામાં તેને સંકોચ થતો નથી. આ અવગુણ લેવો તે ઝેર પીવાનો રસ્તો છે. ઝેર શા માટે? ભગવાન સ્વામિનારાયણ તે વાત સમજાવતાં કહે છે કે જે વ્યક્તિ નેગેટેવિસ્ટ થઈ જાય તે રાતદિન મૂંઝાયા કરે. આખો દિવસ તે શાંતિથી બેસી શકે નહીં. રાતના ઊંઘ ન આવે. ક્રોધ ક્યારેય મટે નહીં અને જેમ અર્ધ બળેલું લાકડું હોય તેમ તે મનમાં ને મનમાં ધૂંધવાયા કરે. માણસનું જીવન આમ નકારું કરે તે ઝેર. આવી ખરાબ વૈચારિક ભૂમિકાથી બચવું કેવી રીતે? તેનો પ્રતિકાર કેવી રીતે કરવો? વિખ્યાત અમેરિકન ઇતિહાસકાર, શિક્ષણશાસ્ત્રી, આલ્ફ્રેડ ડબલ્યૂ ગ્રીસવોલ્ડ આના માટે ઉપાય બતાવતાં કહે છે: The only sure weapon against bad ideas is better ideas. શુભ વિચારો ખરાબ વિચારોનો સામનો કરવાનું અમોઘ શસ્ત્ર છે. કોઈના અવગુણ દેખાતા હોય તો તેના ગુણ લેવા તે તેનો પ્રત્યુત્તર દેવાનો સારામાં સારો રસ્તો છે. ગુણ લેવા તે અમૃત પીવાનો રસ્તો છે. હકારાત્મક જોવું. તેનાથી મન શાંત રહે છે. ગુણ લેવો તેને પોઝિટિવ સાઈકોલોજી કહે છે.

આવી પોઝિટિવ સાઈકોલોજી કેળવવી અઘરી છે. વ્યક્તિ શા માટે કોઈનું સારું જોઈ શકતી નથી? એનું મોટામાં મોટું કારણ છે તેનો અહમ્. અહંકારી વ્યક્તિ કોઈનો ગુણ લઈ શકે નહીં. કારણ કે તેને પોતાની સરખામણીમાં બીજાના ગુણ તુચ્છ લાગે છે. બીજું પરિબળ છે પૂર્વાગ્રહ. ભૂતકાળમાં તે વ્યક્તિ સાથે થયેલો ઝઘડો, અંટસ ગુણનો છેદ ઉડાવી દે છે. આમ થવાનાં અન્ય કારણો પણ હોય છે.

દ્રૌણાચાર્ય પાંડવો-કૌરવોના વિદ્યાગુરુ હતા. શસ્ત્ર-શાસ્ત્ર ઉપરાંત તેઓ તેમનું આંતરિક ઘડતર કેવું છે તે પણ તપાસતા. એક વાર તેમણે દુર્યોધનને કહ્યું કે તું બહાર જઈને જો નગરમાં કેટલા સારા માણસો છે. પછી યુધિષ્ઠિરને બોલાવી કહ્યું તું બહાર જઈને જો કે નગરમાં કેટલા ખરાબ માણસો છે. થોડી વારે બંને જણા ગુરુ પાસે આવ્યા. ગુરુએ દુર્યોધનને પૂછ્યું કે 'તેં શું જોયું?' ઉત્તરમાં દુર્યોધને કહ્યું: 'દુનિયામાં કોઈ સારું છે જ નહીં. બધા ખરાબ છે.' તે પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછતાં તે જણાવે છે : 'ગુરુવર્ય! બહાર તો મેં કોઈ દુર્જન જોયો જ નહીં. બધા બહુ સજ્જન છે.' વાસ્તવમાં તો જે જે દુર્યોધનને મળ્યા તે જ યુધિષ્ઠિરને મળ્યા હતા, પરંતુ જેની દૃષ્ટિમાં ખરાબી હોય તેને સારું શું દેખાવાનું? કમળાથી પીળી થયેલી આંખોને સફેદ શું ને ગુલાબી શું? તેને તો અત્ર-તત્ર-સર્વત્ર બધે જ પીળું જ દેખાવાનું.

ગુણાતીત સંતને સમાજ શા માટે યાદ કરે છે તેનું પણ એક કારણ છે. ૧૯૮૩ની આસપાસનો આ પ્રસંગ છે. મુંબઈનો એક કિશોર પ્રમુખસ્વામી મહારાજ સાથે ગ્રામ્ય વિચરણમાં જોડાયો. ધીમે ધીમે તે શાક સુધારવાની, વાસણ માંજવાની વગેરે સેવા કરે. સાથે અન્ય ભક્તો- યુવકો પણ હોય. એક વખત સ્વામીજી ભોજન લઈ રહ્યા હતા. તેમણે સામે બેઠેલા ભક્તોને પૂછ્યું કે આ નવો છોકરો કેવો છે? કેવી સેવા કરે છે? બધું બરાબર ફાવે છે ને? આ પ્રશ્નોથી ભક્તોને જાણે મોકળું મેદાન મળી ગયું. જાતજાતની કોમેન્ટ સંભળાવવા લાગ્યા. 'સ્વામી! આ તો આઇસ મંડળનો પ્રમુખ હોય એવું લાગે છે.' 'દૂધપાક છે!' (દૂધપાક લાગે મીઠો પણ અંદર મીઠું ન હોય) 'સવારે આદું છોલવા આપીએ તો સાંજે પૂરું કરે એવો છે.' સ્વામીજી જમતા રહ્યા.

બોલવાવાળા બોલતા રહ્યા. તેઓ સાંભળતા રહ્યા. ચારે તરફથી ઘેરાયેલા કિશોરને શું કરવું તેની ખબર ન પડી. તેવામાં સ્વામીજી બોલ્યા: 'બીજું બધું ઠીક છે, પણ તે પોતું બરાબર મારે છે.'

આ સાંભળતાં બધા ચૂપ થઈ ગયા. આટલી બધી નકારાત્મક વચનવર્ષા વચ્ચે સ્વામીજીની ગુણગ્રાહક દૃષ્ટિ નોખી તરી આવે છે. આપણે તે જ માર્ગે ચાલવાનું છે. મહાપુરુષો આ રસ્તે જ ચાલતા હોય છે.

ગૌતમ બુદ્ધ તેમના શિષ્યો સાથે વિહાર પર હતા. રસ્તે ચાલતાં બધાએ એક મરેલો ગધેડો જોયો. કદાચ તે ખૂબ તરસથી મર્યો હશે એવું લાગતું હતું.

શિષ્યો બહુ વિચાર કર્યા વગર બોલવા લાગ્યા. 'સાવ ગધેડો છે. રસ્તામાં આમ મરી જવાય.' 'અરે! ગધેડાની જાત જ એવી હોય છે.' 'જુઓ તો ખરા, કેવો ગંધાય છે.' 'મૂર્ખ લાગે છે.' 'લે હવે લાત કેમ નથી મારતો' જેને જે સૂઝયું તે બોલતાં ગયા. જ્યારે શબ્દો-ટીકા ખૂટ્યા ત્યારે બધાને ગૌતમ બુદ્ધનો વિચાર આવ્યો. કોઈ કહે: 'ભગવંત! આપનું શું કહેવું છે?'

બુદ્ધ કહે: 'ગધેડાના દાંત સુંદર છે!' કોઈની નજર તેના પર ગઈ ન હતી. કારણ કે તેમને શુભગ્રાહક દૃષ્ટિ ન હતી. બુદ્ધ તેથી બુદ્ધ કહેવાય છે.

આંખોના અનેક રોગો છે. તેમાંનો એક છે કલર બ્લાઈન્ડનેસ. આવી કલર બ્લાઈન્ડ વ્યક્તિને અમુક કલર દેખાય. દા.ત. લાલને બદલે તેને લીલો, બ્રાઉનને બદલે પીળો. વ્યક્તિ પ્રમાણે તે કલર બદલાય છે. કાંઈ ચોક્કસ નથી હોતું. તે પ્રમાણે વ્યક્તિઓ ગુણ બ્લાઈન્ડ પણ હોવાના. તેને સામેની વ્યક્તિમાં ગુણને બદલે અવગુણ દેખાય, જે ખોટું છે. તેથી જ્યારે કોઈનો અવગુણ દેખાય તો બે-પાંચ જણને પૂછવાથી તેનું યોગ્ય સમાધાન થતું હોય છે.

એક વાર ભક્ત તુકારામ પોતાના ખેતરમાંથી શેરડીનો મોટો ભારો લઈ આવ્યા. ઘર પાસે આવ્યા તો પડોશના છોકરા તેમને વીંટળાઈ વળ્યા. શેરડી માગવા લાગ્યા. તુકારામ શેરડી આપવા લાગ્યા. છોકરાઓ ખુશ થયા. છેલ્લે શેરડીનો એક સાંઠો વધ્યો. તે લઈને તેઓ ઘરમાં આવ્યા. તેમનાં પત્ની એક સાંઠો જોઈ ખૂબ ગુસ્સે થયાં. હાથમાંથી સાંઠો ઝૂંટવી તેમણે તુકારામના વાંસામાં જોરથી માર્યો અને સાંઠાના બે ટુકડા થઈ ગયા. આ જોઈ તુકારામ હસી પડ્યા. કહે: 'તું ખરી પતિવ્રતા સ્ત્રી છે. એકલા એકલા ખાવાને બદલે તેં શેરડીના બે ભાગ કર્યા.'

પતિની આવી ગુણગ્રાહકભરી વાત સાંભળી પત્નીનો બધો ગુસ્સો ઓગળી ગયો. સંતોના જીવનમાંથી ઘણું શીખવાનું હોય છે.

આપણે એક વાત મનમાં રાખવી.

'ગુણ કો ગ્રહણ સો કીજિયે, ત્યાગી સકલ વિચાર,
જીનતે ઊપજે મુક્ત સુખ, સો હી ભલો વિચાર.'

૩૯

જવાબ બદલે, જીવન બદલે

વિદેશથી એક એન.આર.આઈ. પોતાની કંપની વતી મુંબઈ આવ્યા હતા. તાજ હોટેલમાં ઉતારો હતો. કામ પતાવી તેઓ બીજે દિવસે નીકળી જવાના હતા, પરંતુ તે રાત્રે જ તેમની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ. તત્કાળ તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. કંપનીએ તેમની સારવાર માટે કોઈ કસર ન રાખી. ડૉક્ટરો અને સ્ટાફ સારા. તેમનો સંદેશો આવતાં સંતો તેમને મળવા હૉસ્પિટલમાં ગયા. તે ભાઈ સારામાં સારા રૂમમાં પલંગ પર સૂતા હતા. બારીમાંથી દરિયો દેખાતો હતો. સંતોને જોતાં તેઓ દુઃખી સ્વરે પોતાની વીતી કહેવા લાગ્યા: 'સ્વામી! થોડા સમયમાં મારે આમ ત્રીજી વખત હૉસ્પિટલમાં એડમિટ થવું પડ્યું છે. શા માટે મારે વારેવારે હૉસ્પિટલમાં દાખલ થવું પડે છે?'

થોડી ક્ષણો માટે તો કોઈ કંઈ બોલ્યું નહીં. પછી એક સંતે ધીમેથી કહ્યું: 'સાહેબ! તમારો જન્મ જ હૉસ્પિટલમાં થયો છે!' પેલા અવાક બની જોતા રહ્યા પછી સંતો સાથે તેઓ પણ ખડખડાટ હસી પડ્યા.

જીવનમાં બધું જ આપણી ઇચ્છા પ્રમાણે બનતું નથી. બનશે પણ નહીં. આપણી મરજી અનુસાર બધું બનતું હોય તો શેરબજાર ક્યારેય તૂટે નહીં, ભારત ક્યારેય હારે નહીં, પરીક્ષામાં કોઈ નાપાસ થાય નહીં, મંદી ક્યારેય આવે નહીં, ક્યારેય ઘડપણ આવે નહીં... પરંતુ એવું ક્યારેય બનશે નહીં. જે થવાનું છે તે તો થશે જ. હૉસ્પિટલમાં અવારનવાર દાખલ થવું પડશે. ઇન્જેક્શન ખાવાં પડશે. ગ્લુકોઝના બાટલા ચઢાવવા પડશે. સર્જરી પણ કરાવવી પડશે. બીમાર પડ્યો જ ન હોય એવો માણસ તો લાવો. ઘણા તો જન્મ્યા પહેલાં પણ માંદા થઈ જાય છે. અહીં તો ડૉક્ટરને પણ માંદગીને

બિછાને જોયા છે. હકીકત સ્વીકારવી પડે. સ્વીકાર્યા વગર છૂટકો નથી. કારણ કે થયું, થવું, થશે... તે માણસની પહોંચ બહાર છે.

વ્યક્તિને શું કરવું તે સમજાવતાં સ્ટીવન કોવે કહે છેઃ 'We cannot always choose what happens to us, but we can choose our responses.' શું થવું જોઈએ તેના કરતાં જે થયું છે તેમાં આપણે શું કરી શકીએ તે આપણા હાથમાં છે. તેમાં સારું પણ કરી શકાય ને ખરાબ પણ કરી શકાય છે. કશું ન પણ કરી શકાય એ પણ કરી શકાય છે.

બોક્સિંગની રિંગમાં સામેવાળો કેવા પંચ મારશે તે તો તે જ નક્કી કરે. ત્યાં એવું ન કહેવાય કે ભાઈ! જરા ધીમેથી માર ને! તમારો પ્રતિસાદ તમારા હાથમાં (તમારા મુક્કામાં) છે. સામેવાળાના મુક્કા હારજીત નક્કી નથી કરતા. હારજીતનો આધાર છે તમારા મુક્કા.

જીવનમાં બનતી ઘટનાઓનો કોઈ તાર્કિક ક્રમ નથી હોતો. તે તો ગમે તેમ થાય. તે ઘટનાઓ પ્રત્યે તમારો પ્રત્યુત્તર તમારા માટે સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, આનંદ, ગુસ્સો, ચીડ, ઈર્ષ્યા વગેરે લઈ આવે છે. તમારા કરવા પરથી તમે પરિસ્થિતિને કાબૂમાં રાખો છો કે તમે પરિસ્થિતિના ગુલામ થઈ જાવ છો.

એક વાર પ્રમુખસ્વામી મહારાજ પાસે થોડી વ્યક્તિઓ આવી! તેઓ જ્યાં રહેતા ત્યાં મળતા ભોજન અંગે તેમને મનમાં અસંતોષ રહેતો હતો. તેમના સ્વાદ પ્રમાણે, રુચિ પ્રમાણે જમવાનું બનતું ન હતું. લાંબા સમય સુધી આવું ચાલ્યું તેથી તેઓએ સ્વામીજીને વાત કરી. એમણે તેમની બધી વાતો ધ્યાનથી સાંભળી. તેમની વાત સાચી હતી.

સ્વામીજીએ છેલ્લે એક સૈદ્ધાંતિક વાત કરતાં કહ્યું: 'આપણે ખાવા માટે ક્યાં આવ્યા છીએ?'

પેલા બધા જ મુમુક્ષુ હતા, સમજુ હતા. થોડામાં ઘણું સમજી ગયા. પછી તે અંગે તેમણે ક્યારેય કશું કહ્યું નહીં. પ્રતિસાદ બદલાયો, જીવન બદલાયું. જવાબ બદલે, જીવન બદલે.

૪૦

શું તમે ગુસ્સે થાવ છો ?

તમે ગુસ્સે ન થતા. કારણ કે હું ગુસ્સાની વાત કરું છું. એ બધામાં હોય છે. કોઈમાં ઝાડ તો કોઈમાં છોડ તો કોઈમાં બીજરૂપમાં હોય છે. તેની અભિવ્યક્તિ અલગ અલગ પ્રકારે થતી હોય છે.

થોડા દિવસો પહેલાં ટોરન્ટોમાં 'ટોરન્ટો માસ્ટર્સ ટેનિસ સ્પર્ધા' ચાલી રહી હતી. ભૂતપૂર્વ અમેરિકન ઓપન ચેમ્પિયન એન્ડી રોડ્રિક અને ક્રોએશિયાના ટિનએજર મારિન સિલિક વચ્ચે રસાકસીભરી મેચ ચાલી હતી.

સિલિક નાનો હતો, નવો હતો. પણ તે જીતતો હતો. રોડ્રિક હારતો હતો. અકળાતો હતો. તેવામાં ખોટા લાઈનકોલ બાબતમાં રોડ્રિકે ચેર ઍમ્પાયર સાથે ઝઘડો કર્યો. ઝઘડા બાદ પણ ઍમ્પાયરે તેની તરફેણ તો ન જ કરી. ભુરાયેલા રોડ્રિકે ગુસ્સામાં પોતાનું રેકેટ તોડી નાખ્યું ! પછી તે મેચ પણ હારી ગયો.

ઘણાં વર્ષો પહેલા કુંડળ ગામમાં હોથિયો પટગર રહેતો હતો. એક વાર રાતના તે ગાડા સાથે ભટકાયો. તો તેને ગાડા પર ગુસ્સો આવી ગયો ને જોરથી ગાડાને બટકું ભર્યું ! બટકું ભરતાં તો ભરાઈ ગયું પરંતુ તેના બે દાંત તૂટી ગયા !

ગુસ્સાથી દાંત તૂટે છે. રેકેટ તૂટે છે, હૃદય, સંબંધ અને ઘર પણ તૂટે છે.

ઘણા નિષ્ણાતો કહે છે કે પુખ્ત વયની વ્યક્તિ દિવસમાં એક વાર તો ગુસ્સે થાય જ છે અને દિવસમાં ત્રણ વાર ચીડાય છે. તો બીજા એન્ગર મૅનેજમેન્ટ એક્સપર્ટ કહે છે કે દિવસમાં પંદર વખત ગુસ્સે થવું એ વધુ સાચી સરેરાશ છે.

સરેરાશની વાત જવા દો. પરંતુ માણસને ગુસ્સો આવે છે એ હકીકત

છે. અને એ ગમે ત્યાં આવે છે એ પણ એક હકીકત છે. ગુસ્સો આવવાનાં ઘણાં કારણો છે. ઑફિસમાં તમને કોઈ વ્યક્તિ માટે ગુસ્સો હોય.

દા.ત. સાથે કામ કરવાવાળા તમારા સહકર્મચારી માટે તમને ગુસ્સો આવે. ઘણી વાર કોઈ પ્રસંગ થાય અને ગુસ્સે થવાય. મુંબઈમાં સાંજના પીક અવર્સમાં ટ્રાફિક જામ થાય ત્યારે ડ્રાઈવરો હોર્ન વગાડી વગાડી, સ્ટિયરિંગ પર હાથ પછાડી, કાચને મુક્કા મારી ગુસ્સો વ્યક્ત કરે છે.

ઘણી વાર વ્યક્તિગત મૂંઝવણ ગુસ્સાનું કારણ બને છે તો ઘણી વાર દુઃખદાયક ભૂતકાળની સ્મૃતિથી પણ ક્રોધિત થઈ જવાય.

એન્ગર મૅનેજમેન્ટના નિષ્ણાત માનસશાસ્ત્રી ડૉ. જેરી ડિફફેનબેચરના માનવા મુજબ ઘણા માણસો ‘હાઈલી ઈન્ફલેમેબલ’ કહેતાં ખૂબ ગરમ મગજના હોય છે. તે નાની અમથી વાતમાં બોમ્બની જેમ ફાટી પડે છે.

ઘણા સુષુપ્ત જ્વાળામુખી જેવા હોય. ગુસ્સે થાય પણ તેને વ્યક્ત ન થવા દે.

દુનિયામાં સાઉથ આફ્રિકા રસ્તા પર ગુસ્સો કરવામાં પ્રથમ નંબરે આવે છે. બીજા નંબરે ઇંગ્લેન્ડ છે.

અમેરિકામાં વર્ષે એક હજાર કરતાં વધારે વ્યક્તિ ગુસ્સાથી થતા ડ્રાઈવિંગને કારણે મૃત્યુ પામે છે.

લોકો ઘરમાં, ઑફિસમાં, રસ્તા પર, શોપિંગ કરતા, ગાડીમાં, ટ્રેનમાં, ઈન્ટરનેટ વાપરતાં, ફોન પર, પ્લેનમાં, સ્કૂલમાં, કૉલેજમાં વગેરે સ્થળો પર ગુસ્સો કરે છે.

લોકો ચર્ચા કરતાં પણ ગુસ્સામાં આવી જાય છે. અરે! શાંતિની વાતો કરતાં કરતાં પણ ગુસ્સામાં આવી ઝઘડી પડે છે.

ઘણા એન્ગર એક્સપર્ટ એવું માને છે કે ગુસ્સે થવું એ સારી બાબત છે. તેનાથી ધાર્યું પરિણામ આવી જાય છે. તેને શોર્ટ ફ્યુઝ સિન્ડ્રોમ પણ કહે છે. એક ધડાકો થાય અને બધું શાંત થઈ જાય. પરંતુ કામ કઢાવવા ગુસ્સે થયા બાદ કામ વગર પણ ગુસ્સે થવાની આદત પડી જાય છે. પછી તેને કાબૂમાં રાખવો મુશ્કેલ થઈ જાય છે.

તત્ત્વચિંતક એરિસ્ટોટલ પણ આ સંદર્ભે ટકોર કરતાં કહે છે – Anybody can become angry – that is easy, but to be angry

with the right person and to the right degree and at the right time and for the right purpose and in the right way – that is not within everybody's power and is not easy. તેથી ગુસ્સો ન કરવો બહેતર છે, પણ તે અઘરું છે.

એક વાર સભામાં શુકમુનિ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન પૂછ્યો કે થોડો ગુસ્સો આવે અને તે ટાળી નાંખે તો તે કાંઈ નડતર કરે કે નહીં? ભગવાને જણાવ્યું કે આ સભામાં હમણાં સાપ નીકળે ને કોઈને કરડે નહીં તોપણ સૌએ ભાગવું પડે અને ગામને પાદરે વાઘ હુંકારા કરે પણ કોઈને મારે નહીં તો પણ સૌને અંતરમાં ભય લાગે ને બારણું બંધ કરી ઘરમાં બેસી રહે. તેમ ક્રોધ ભલે થોડો હોય પણ અતિશય દુઃખદાયી છે. (વચ. લોયા-૧)

ગુસ્સો આવે ત્યારે માણસ તેની સાથે ત્રણ પ્રકારે વર્તે છે –

(૧) ગુસ્સાને વ્યક્ત કરે છે.

(૨) ગુસ્સાને દાબી દે છે.

(૩) ગુસ્સાને ધીમે ધીમે નાબૂદ કરવાનો પ્રયત્ન કરે છે.

ગુસ્સો વ્યક્ત કરવાથી તત્કાળ નુકસાન થાય છે. તેને દબાવવાથી માણસ પર બીજી ઘણી આડઅસરો થાય છે અને ગુસ્સાને ધીમે ધીમે નાબૂદ કરવાથી વ્યક્તિ સમય જતાં ગુસ્સે થતો નથી. છેલ્લો પ્રકાર સારો છે. ગુસ્સાને કાબૂમાં લાવી શકાય છે. ગુસ્સો આવે એવા સંજોગો ઊભા થાય ત્યારે તે પ્રસંગે આટલું કરો –

(૧) હળવા રહેવાનો પ્રયત્ન કરવો. જસ્ટ રિલેક્સ.

(૨) સામેવાળી વ્યક્તિના દૃષ્ટિકોણથી પરિસ્થિતિ જોવી.

(૩) ગૂંચવણને સુલઝાવવાનો પ્રયત્ન કરવો.

(૪) સામેવાળી વ્યક્તિને સારી રીતે સમજાવવી અને

(૫) સૌથી સરળ ઉપાય છે - ભગવાનનું ભજન કરવું.

એક છોકરો હતો. તેને ગુસ્સો બહુ આવે. તેના પિતાએ તેને હથોડી અને ખીલા ભરેલી થેલી આપી અને કહ્યું કે જ્યારે તને ગુસ્સો આવે ત્યારે એક ખીલો ફેન્સમાં ઠોકવો.

પહેલા દિવસે છોકરાએ ફેન્સમાં સાડત્રીસ ખીલા ઠોક્યા. પછીનાં થોડાં અઠવાડિયાંમાં તે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખતા શીખ્યો. તેથી ખીલા

ઠોકવાની સંખ્યા ઘટતી ગઈ.

છેલ્લે એક દિવસ એવો આવ્યો કે તેને ગુસ્સો આવ્યો જ નહીં. છોકરાએ તેના પિતાને આ વાત કરી. તેના પિતાએ જણાવ્યું કે હવે જે દિવસે ગુસ્સો ન આવે તે દિવસે તારે ફેન્સમાંથી એક ખીલો કાઢી નાંખવો.

દિવસો વીતતા ગયા. ફેન્સમાંથી ખીલા નીકળતા ગયા. છેવટે છોકરાએ પિતાને જણાવ્યું કે ફેન્સમાંથી બધા જ ખીલા નીકળી ગયા છે!!

પિતા ખૂબ પ્રસન્ન થયા. તેનો હાથ પકડી તેને ફેન્સ પાસે લઈ ગયા. ફેન્સ બતાડી કહ્યું : 'દીકરા! તેં ખરેખર સુંદર કાર્ય કર્યું છે. પણ આ ફેન્સને જો. તેમાં ખીલા ઠોકવાથી થયેલાં કાણાંને જો. ફેન્સ હવે પહેલાં જેવી ક્યારેય નહીં દેખાય. આ કાણાંનાં નિશાન કાયમી થઈ ગયાં છે. તે પ્રમાણે તું જ્યારે ગુસ્સામાં કશું કરે છે અથવા કહે છે તેનાથી સામેવાળાના દિલમાં આવું જ કાયમી નિશાન થઈ જાય છે.'

હવે વિચારો. શું તમે ગુસ્સે થાવ છો? જો તમે ગુસ્સે થતા હો તો સામેવાળા ઉપર તેની કાયમી અસર થાય છે.

૪૧

નકામી ચિંતા શા માટે ?

સવારે સાડા છ વાગ્યા છે. મહેશ જાગી ગયો છે. બગાસું ખાધા બાદ તે આંખ ચોળે છે. પથારીમાં પડેલો મોબાઇલ તે હાથમાં લે છે. એક મિસ કોલ જુએ છે. કોલનો સમય છે રાતના બે. સમય જોતાં મહેશને કપાળે કરચલી પડે છે. ભ્રમર ખેંચાય છે. મોબાઇલવાળી હથેળી ભીની થાય છે...

અજયની કંપનીમાં કોસ્ટ કટિંગની શરૂઆત થઈ છે. ચૅરમેનના આદેશથી નવી ભરતી બંધ થઈ છે. સ્ટાફ ઓછો કરવામાં આવી રહ્યો છે. અજયનો મૅનેજર રોજ કોઈને-કોઈને પિંક સ્લિપ પકડાવે છે. અજય ઑફિસમાં આવી ખુરશીમાં બેસે છે. એવામાં પટ્ટાવાળો તેને કહી જાય છે કે મૅનેજર સાહેબ તમને બોલાવે છે. તે જાય છે અને અજયના ધબકારા વધી જાય છે...

રવિવારની સાંજ છે. મિલન ફ્લેટની ગેલેરીમાં ઊભો છે. નીચે બાળકો રમી રહ્યાં છે. બે પોલીસ ત્યાં આવે છે. વૉચમેનની સાથે વાત કરે છે. આ જોતાં મિલનની આંખો પહોળી થાય છે. ગળું સુકાય છે. તે અંદર જતો રહે છે...

ગળું સુકાવું, આંખો પહોળી થવી, ધબકારા વધવા, હથેળી ભીની થવી, ભ્રમર ખેંચાવી, કપાળે કરચલી પડવી... વગેરે... તમને પણ થતું હોય તો એનો અર્થ એવો છે કે તમે ચિંતા કરો છો. માત્ર ચિંતા નહીં, નકામી ચિંતા. કારણ કે મહેશને એક વાગે ફોન આવ્યો હતો એ રોંગ નંબર હતો. અજયને પ્રમોશન મળ્યું હતું. બંને પોલીસ વૉચમેન પાસે તમાકુ માંગતા હતા.

ચિંતા એટલે પૈસા લોન પર લીધા વગર તેના પર અપાયેલું ચક્રવૃદ્ધિ વ્યાજ; ચિંતા એટલે માનસિક ચિંતા. આધુનિક સમાજમાં લોકોને લાંબા ગાળાની ચિંતા કરતાં રોજબરોજ થતી ઘટનાની વધુ ચિંતા હોય છે.

થોમસ એસ. કેપ્લરે તેના એક પાત્રની ચિંતાની ગણતરી આ પ્રમાણે કરી છે :

૪૦ ટકા : જેના માટે તે ચિંતા કરતો હતો તે વસ્તુ થઈ જ ન હતી.

૩૦ ટકા : જેના માટે તે ચિંતા કરતો હતો તે વસ્તુ થઈ ગઈ હતી.

૧૨ ટકા : આ બાબતો એવી હતી કે તેના પર બીજાએ અભિપ્રાયો આપેલા હોય, જે હકીકતમાં હોય જ નહીં.

૧૦ ટકા : આ બાબતો શરીરલક્ષી હતી. એના પર ચિંતા કરવાથી તેની તબિયત વધારે ખરાબ થઈ હતી. (તેના માટે ચિંતા કરવાને બદલે દવા કરવાની જરૂર હતી)

૮ ટકા : આટલી બાબતો કાયદાકીય હતી, જેના પર ચિંતા કરવી યોગ્ય હતી. (પણ વાસ્તવમાં તો તે ચિંતા વકીલને માથે નાખવાની જરૂર હતી)

હવે જો તમને ખરેખર ચિંતા થાય તો તમારી ચિંતા ઉપરની કઈ કેટેગરીમાં આવે છે તે જોવું અને ચિંતામુક્ત થવું. એમના પૃથક્કરણનો ભાવ એ છે કે વ્યક્તિ જે જે બાબત પર ચિંતા કરે છે તેમાંથી ૯૨ ટકા તો નકામી હોય છે. તેમાંથી માત્ર ૮ ટકા જ ચિંતા યોગ્ય હોય છે. માણસ આવી ૯૨ ટકા બાબતો પર ચિંતાતુર રહી ચિત્તની પ્રફુલ્લિતતા ખોઈ બેસે છે. 'આમ થશે તો? તેમ થશે તો?' એમાં ને એમાં માણસ વર્તમાનનો આનંદ ગુમાવી દે છે.

અભિનેતા અને હાસ્ય લેખક માર્ક ટ્વેઇનની સાથે આવું બન્યા કરતું. છેવટે તેમણે લખી નાખ્યું : 'I have seen many troubles in my life, only half of which ever came true.'

કેથરીન અને બાયરન પલ્સિફર 'As You Grow'માં જણાવે છે કે 'As you leave, remember that 90% of what you worry never happens.'

દલાઈ લામા ચિંતા પર કહે છે : 'If there is a solution to a problem, there is no need to worry. And if there is on solution, there is no need to worry.'

જો કોઈ સમસ્યા માટે સમાધાન છે તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી અને જો કોઈ સમાધાન નથી તોપણ ચિંતા કરવાની જરૂર નથી. (કારણ કે જે થવાનું છે તે થવાનું જ છે.) 'સાઇકોલોજી ટુ ડે' મૅગેઝિનના જણાવ્યા પ્રમાણે

ચિંતા એ રોકિંગ ચૅર સમાન છે. તે આમ-તેમ હલાવે ખરી પણ કોઈ નિશ્ચિત સ્થાને ન લઈ જાય.

રોબર્ટ લીહીએ 'ધ વરી ક્યોર' નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે ભયજનક પરિસ્થિતિમાં સામાન્ય માણસો કરતાં ચિંતાતુર માણસોનો પ્રતિસાદ જુદો હોય છે. તે જલદી અપસેટ થઈ જાય છે.

અત્યારના સંજોગોમાં ભારતમાં ૮૦ ટકાને પરિવારની, ૭૫ ટકાને સંબંધોની (મિત્ર, સંબંધી વગેરે સાથેના), ૬૦ ટકાને તંદુરસ્તીની, ૫૦ ટકાને નજીવી બાબતની ચિંતા રહે છે. મુંબઈમાં ૮૦ ટકા મુંબઈગરાને પરિવાર અને સંબંધો કરતાં પૈસાની વધુ ચિંતા છે, કારણ કે આમ પણ મુંબઈમાં સારી રીતે રહેવા માટે પૈસો બહુ મોટો ભાગ ભજવે છે.

...તો ગામડાં કાંઈ ચિંતા વગરનાં નથી. ખેડૂતોને વધારેમાં વધારે ચિંતા હોય તો તે વરસાદની (પાણીની). લગભગ ૧૦૦ ટકા ખેડૂતોને વધુ ચિંતા વરસાદની હોય છે. પછીના સ્થાને આવે છે - પાકમાં પડતી જીવાતની.

વિલિસ કેરિયરે ઍર કન્ડિશનરની શોધ કરી હતી. તે ઉપરાંત તેમણે ચિંતામાં શું કરવું તેની એક અસરકારક પદ્ધતિ રજૂ કરી હતી. તમને જ્યારે કોઈ પ્રસંગમાં ચિંતા થાય ત્યારે તમારે મનોમન પ્રશ્ન પૂછવો કે 'આમાં ખરાબમાં ખરાબ શું થશે?' આમ પ્રશ્ન પૂછવાથી મન તર્ક કરવામાં પરોવાશે અને ધીમે ધીમે ચિંતા ઘટતી જશે અને દૂર થશે.

ડેલ કાર્નેગીએ પોતાના પુસ્તક 'હાઉ ટુ સ્ટોપ વરિંગ ઍન્ડ સ્ટાર્ટ લિવિંગ'માં આનો બહુ ખૂબીથી સમાવેશ કર્યો છે.

ભગવાન સ્વામિનારાયણે અગિયાર વર્ષે ગૃહત્યાગ કર્યો. વનવિચરણ શરૂ કર્યું. વિચરણ દરમિયાન ભગવાન અમરપુર ગામમાં પધાર્યા. અહીં તેમની દિવ્ય દેહાકૃતિ જોઈ ગામવાસીઓ દર્શને આવ્યા. ફળ, મીઠાઈ વગેરે અર્પણ કર્યાં. ભગવાને તેમાંથી થોડું ગ્રહણ કરી બીજું બધું તેમને પ્રસાદરૂપે આપી દીધું. આ જોઈ કેટલાકે કહ્યું : 'બ્રહ્મચારી! સાંજ માટે તો થોડું રાખો.'

ભગવાને કહ્યું : 'સાંજ કે સવારની ચિંતા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત?'

બાળબ્રહ્મચારીનો આ ઉપદેશ બધાને સ્પર્શી ગયો.

સાંજ, સવાર, આવતીકાલ, આવતો મહિનો, આવતું વર્ષ... આનો કોઈ

અંત નથી. માણસ આમ ભવિષ્યની ચિંતામાં ગૂંચવાયેલો રહે છે. નિચિંત થવું એટલે બેદરકાર થવાની વાત નથી; ભવિષ્યનું વિચારવું પડે, આયોજન કરવું પડે; પરંતુ તેની ચિંતા કર્યા કરવી તે તો સર્વદા ત્યાજય છે.

૪૨

જરા જેટલી આળસ !

નયનને કૉલેજમાં જવાની ઉતાવળ હતી. આજે કૉલેજનો છેલ્લો દિવસ છે. આવતીકાલથી તે ડોઇચ બેંકમાં ઇન્વેસ્ટમેન્ટ વિભાગમાં જોડાવાનો છે. અરીસામાં જોઈ તે સહેજ મલક્યો. કેમ ન મલકે ? આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ડોઇચ બેંકે તેને ચાર મહિના પહેલાં કેમ્પસ ઇન્ટરવ્યૂમાં સિલેક્ટ કર્યો હતો. વાર્ષિક પેકેજ હતું – છ લાખ ! એમબીએ ફાઇનાન્સ કર્યું તે સારું કર્યું. તેનાં માતાપિતા ગર્વભેર નયનને જોઈ રહ્યાં.

ત્રેવીસ વર્ષનો નયન તેમની આંખો હતી. નયને બારણું ખોલ્યું અને હેલ્મેટ લેવાનું યાદ આવ્યું. તેણે વિચાર્યું : 'જવા દે આજે ચાલશે. પાછું રૂમમાં ક્યાં જવું ? એક દિવસમાં શું વાંધો આવશે ?' તે નીચે આવે છે. બાઇકને કિક મારી તે ઊપડ્યો. ઊપડ્યો નહીં કહો કે ઊડ્યો.

બાઇક હાઇવે પર આવી. એક ગાડીને ઓવરટેક કરી, પછી બીજી, ત્રીજી... ત્યારબાદ તે ખટારાને ઓવરટેક કરવા ગયો અને સાઇડમાંથી નીકળતા બેલેન્સ ગુમાવતાં તે બાઇક પરથી ફંગોળાયો. પટકાયો. માથું ફૂટપાથની ધાર પર જોરદાર અથળાયું અને નારિયેળની જેમ ફૂટી ગયું. એક હોનહાર યુવાનનો જીવનદીપ બુઝાઈ ગયો. તેનાં માતા-પિતાના નયનદીપ પણ જાણે હંમેશ માટે બીડાઈ ગયાં. નયનને તેની આળસની ભારે કિંમત ચૂકવવી પડી. આળસ જીવતા માણસની ચિતા છે.

મુંબઈમાં ૨૦૦૭માં હેલ્મેટ વગર બાઇક વગેરે ચલાવી દંડ ભરનારની સંખ્યા હતી – ત્રણ લાખ, છવ્વીસ હજાર. ૨૦૦૮માં ફેબ્રુઆરી માસ સુધી આવી છેતાલીસ હજાર સાતસો વ્યક્તિ દંડાઈ. ન પકડાયેલાઓની સંખ્યા કદાચ લાખોની હશે ! મૃત્યુ પામેલા પણ ઘણા હશે !

આળસ કલાકોમાં નથી હોતી, સેકન્ડમાં હોય છે, પરંતુ તેની સજા જિંદગીભરની હોય છે. મહાભારતમાં કહ્યું છે તેમ – *'સુખં દુખાન્તમાલસ્યમ્'* 'આળસ સુખદ લાગે છે, પણ તેનો અંત દુઃખદ હોય છે.'

એક શેઠનો ગુમાસ્તો પેઢીના આડતિયાને કામ સંબંધી કાગળ લખતો હતો. તે સમયે દીવામાં તેલ ખૂટી ગયું, દીવો ઝાંખો થયો. આ જોઈ કોઈક બોલ્યું કે દીવામાં દિવેલ ખૂટી ગયું છે. ગુમાસ્તાએ લખતાં લખતાં એ પણ લખી નાખ્યું. રોજના ક્રમ પ્રમાણે તે કાગળ લખ્યા બાદ વાંચી જાય. જેથી ભૂલચૂક સુધારી શકાય પણ આજે તેને આળસ આવી કે રોજ તો લખું છું. બધું બરોબર હોય છે. આજે નથી વાંચવું.

કાગળ આડતિયાના હાથમાં પહોંચી ગયો. તેણે વાંચ્યું કે દીવામાં દિવેલ નથી. તેને વિચાર આવ્યો કે ગુમાસ્તો આપણો મિત્ર છે. તેથી તેણે પોતાના શેઠની ખરાબ હાલત આમ સાંકેતિક ભાષામાં લખી છે. મને છૂપી ચેતવણી આપી છે. તેણે તરત અન્ય લેણદારોને વાત કરી. બધા શેઠ પાસે આવ્યા અને પોતાના પૈસા લઈ ગયા.

હજારમાં આ વાત ફેલાઈ. તેથી જે લોકોએ શેઠને ત્યાં વ્યાજે પૈસા મૂક્યા હતા તે પણ આવ્યા અને પૈસા ઉપાડી લીધા. આમ, મોટો તગાદો થતાં શેઠે દેવાળું કાઢવું પડ્યું.

કહેવાયું છે કે *'દીર્ઘસૂત્રી વિનશ્યતિ.'* આળસુ દેવાળું કાઢે અને કઢાવે પણ છે. આળસથી ભણવા પ્રત્યેની વૃત્તિ કેવી થઈ જાય છે તે જોઈએ.

ઈંગ્લેન્ડમાં ત્યાંની શૈક્ષણિક વ્યવસ્થા પ્રમાણે પરીક્ષા પછીના એક અઠવાડિયામાં વિદ્યાર્થી પરીક્ષા દરમિયાન આવેલી પોતાની બીમારી કે તકલીફની વાત જણાવી વધારે માર્ક્સ મેળવી શકે છે. તેમની અરજી સરકાર માન્ય રાખે તો તેના અમુક ટકા માર્ક્સ વધે પણ છે. આવી ગોઠવણ A Level અને GCSE પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે હોય છે. આ વર્ષે ત્રણ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પોતાની મુસીબત જણાવી માર્ક્સ વધારી આપવા માટે ધા નાખી છે. ત્યાંનું મુખ્ય પરીક્ષા બોર્ડ વિદ્યાર્થીના સંબંધીના મૃત્યુ પ્રસંગથી વધુમાં વધુ ૫૦ ટકા માર્ક્સ વધારી આપે છે.

માર્ગદર્શિકામાં એવી પણ જોગવાઈ છે કે વિદ્યાર્થીને તાવ આવ્યો હોય કે નાની માંદગી આવી હોય કે પછી ફ્રેક્ચર થયું હોય તો તેના બે ટકા

માર્ક્સ વધી શકે છે. આવી સુવિધાથી ૨૦૦૫માં ૨,૫૫,૨૦૦, ૨૦૦૬માં ૨,૭૪,૯૬૭ તો ૨૦૦૭માં ૩,૦૦,૩૭૮ અરજી માન્ય રાખવામાં આવી હતી. કેમ્પેન ફોર રિયલ એજ્યુકેશનના ચૅરમેન નિક સીટનના કહેવા પ્રમાણે આ આંકડાઓ આંચકો આપે એવાં છે. વિદ્યાર્થીઓ માર્ક્સ વધારી લેવાના પોતાના આ હકનો લાભ લેવા વધુ જાગ્રત થતા જાય છે. દર વર્ષે તેઓ અવનવી રજૂઆત કરી માર્ક્સ વધારવાના પ્રયત્નો કરે છે. તેના મૂળમાં છે ઓછી મહેનતે વધુ માર્ક્સ મેળવવાની વૃત્તિ. જેને આપણે આળસ તરીકે ઓળખીએ છીએ.

એડવર્ડ યંગે કહ્યું છે – Procrastination is the thief of time. આળસ એ સમયનો ચોર છે, જેને આળસ હોય તેના કલાક એમ ને એમ નીકળી જાય પણ કરવાનું કામ તે કરે નહીં.

એક સરકારી ઑફિસમાં લાલો નોકરી કરે. અરજદારો પોતાના કામનાં કાગળિયાંની નકલ લેવા તેની પાસે આવે. લાલો આળસુ. તે કહે: 'હમણાં લખી આપીશ... બે કલાક પછી થઈ જશે... સાંજે આવજો, કાલે તમારું કામ ચોક્કસ થઈ જ જશે...'

આમ તે વાયદા કરે પણ કામ ન કરે. અરજદારો મહિના સુધી આંટા મારે તોપણ કામ થયું ન હોય. આવા આળસુ લાલાઓ માટે એક દોહો બની ગયો:

'પલકે દો પખવાડિયે, ઘડી કે દો માસ,
જાકું લાલા કલ કહે, વાકા કૌન હવાસ ?'

આવા લાલાઓ ઠેલંઠેલાવૃત્તિના ચાહક, પ્રતિપાદક હોય છે. નાની અમથી ક્રિયામાં પણ તેમની આળસ ઊભરાતી હોય છે. ઑફિસમાં, સ્કૂલમાં થોડું મોડું જવાશે, વાંધો નહીં. આપણે ક્યાં ખોટમાં છે ? ધંધો બરાબર ચાલે છે. પરીક્ષામાં પાંત્રીસ માર્ક્સ તો આવી જ જાય છે... આવું વિચારનારાઓએ એક સાખી આત્મસાત્ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે :

'આજ કરે સો કલ કરો, કલ કરે સો પરસો,
ઈતની જલદી કાહે કરો, જબ રહના હૈં બરસોં !'

આજે કરવાનું કાલે કરીશું. આખી જિંદગી તો પડી છે. શા માટે હાયવોય કરવી ? આવા આળસુને અંગ્રેજીમાં લેઝીબોન કહેવામાં આવે છે.

ગુજરાતીમાં તેને હરામ હાડકાંનો કહે છે.

સંસ્કૃતમાં કહ્યું છે કે *'સમાનશીલવ્યસનેષુ મૈત્રી'* સરખા સ્વભાવવાળાને અને સરખા વ્યસનવાળાને પરસ્પર મૈત્રી બંધાય છે. એ ન્યાયે આળસુને આળસુઓ મળી જાય છે. પછી તેઓ વ્યસનોમાં, રખડવામાં, નાટક સિનેમા જોવામાં વગેરેમાં જીવન ખોઈ નાખે છે. તેથી કહેવાયું છે:

'સારે સારું નરસે નરસું, નજરોનજર દીઠું,
દૂધમાં સાકર પડે ને પડે છાશમાં મીઠું.'

તેમ તેના જીવનમાં ક્યારેય બરકત આવતી નથી. કોઈ વિકાસ થતો નથી. તેવી વ્યક્તિ પોતાની આળસને કારણે પોતાની અધોગતિ સ્વયં નોતરે છે.

વર્ષો પહેલાંની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ મુંબઈ હતા. તેમના સ્વાસ્થ્યની રાબેતા મુજબની ચકાસણી ચાલતી હતી. તેમાંથી એક નાની શીશી બાથરૂમની પાળી પર રાખવામાં આવી હતી. એક ભક્તને તે પેથોલોજી લેબમાં પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તે ભક્તે વિચાર કર્યો કે 'પછી આપીશું, શું ઉતાવળ છે?' તેમના મનમાં આ વિચાર આવ્યો ને સ્વામીજી બાથરૂમમાંથી બહાર આવ્યા. અંતર્યામીપણે પેલા ભક્ત સામે જોઈ કહે: 'જરા જેટલી આળસ આખું જીવન બગાડે.'

બ્રહ્મસૂત્ર જેવું વાક્ય બોલી સ્વામીજી પોતાના રૂમમાં ચાલી ગયા.

૪૩

પ્રાર્થના બ્રહ્માસ્ત્ર છે

વસ્તુઓ તૂટી જાય છે, બગડી જાય છે, ચોરાઈ જાય છે, પરંતુ એક વસ્તુ એવી છે કે જે શાશ્વતી સુધી માનવજીવનને, માનવમનને સર્વાંગી સુંદર, સુરક્ષિત અને સરળ બનાવશે, તે છે પ્રાર્થના. તે ક્યારેય તૂટતી નથી. બગડતી નથી. ચોરાતી નથી.

પ્રાર્થના માટે એવું કહેવાયું છે કે No prayer goes unheard. કોઈ પણ પ્રાર્થના નિષ્ફળ જતી નથી.

સન ૧૯૦૩માં ફ્રાંસના લિયો વિશ્વવિદ્યાલયમાં ડૉ. એલેક્સીસ કૈરલે આરોગ્ય ઉપચારની વાત પ્રસ્તુત કરીને બૌદ્ધિકોમાં ખળભળાટ મચાવ્યો હતો. તેમણે પોતાના પુસ્તક 'Man, The Unknown'માં લખ્યું છે કે પ્રાર્થનાથી કોઢ, કેન્સર, ટી.બી. વગેરેના છેલ્લી કક્ષાના દર્દીઓને મેં સ્વસ્થ થઈ જતા જોયા છે.

અમેરિકાની રોકફેલર ઈન્સ્ટિટ્યૂટમાં ડૉ. કૈરલને મૅડિકલ ક્ષેત્રે કરેલાં આવાં વિશિષ્ટ સંશોધનો માટે ૧૯૧૨માં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

એક ગરીબ છોકરાની વાત સાંભળો. તેને સ્કૂલમાં સારા માર્ક્સ આવવાથી દેશની શ્રેષ્ઠ કૉલેજમાં પ્રવેશ મળ્યો હતો. અહીં સહાધ્યાયીઓ પણ ખૂબ બુદ્ધિશાળી. સ્કૂલમાં તો છોકરો આખું વર્ષ વાંચે નહીં. પરીક્ષા પહેલાંના થોડા દિવસોમાં તે ગોખણપટ્ટી કરી લે. તેના બળથી તેને સારામાં સારા માર્ક્સ આવતા. પણ કૉલેજની વાત જુદી હતી. આ છોકરાને બીજા કોઈ વિષયમાં તકલીફ ન હતી પણ કેમિસ્ટ્રીમાં ગભરામણ થતી.

આખા વર્ષ દરમિયાન તેણે કેમિસ્ટ્રીમાં વેઠ ઉતારવા જેવું કર્યું હતું. હવે તેની અકળામણનો કોઈ પાર ન રહ્યો. આમાં ગોખણપટ્ટી પણ ચાલે તેમ ન

હતી કારણ કે અભ્યાસક્રમ ખૂબ મોટો હતો. આવી કશ્મકશમાં એક પછી એક દિવસો પસાર થઈ ગયા.

બસ! હવે તો આવતી કાલે કાળ જેવી કેમિસ્ટ્રીની પરીક્ષા આપવા જવાનું છે. તેણે અમુક ફોર્મ્યુલા વગેરે ગોખવાનો પ્રયત્ન કર્યો પણ જામ્યું નહીં. તેણે ચોપડી બંધ કરી. તેને વિચાર આવ્યો કે જો તે કેમિસ્ટ્રીમાં નાપાસ થાય તો? તો તો તેનું ભવિષ્ય ખતમ થઈ જાય! આ ખ્યાલથી તેને પરસેવો થઈ ગયો. રાત ઘણી વીતી ચૂકી હતી. તેણે ફરી પાનાં ફેરવ્યાં. ખૂબ એકાગ્રતાથી વાંચવા માંડ્યું. ધીમે ધીમે તેની આંખોમાં ઊંઘ ભરાવા લાગી. હવે તો શબ્દો પણ ઝાંખા થવા લાગ્યા. તે થાકી ગયો. પલંગમાં ફસડાઈ પડ્યો.

અંતિમ ઉપાય રૂપે તેણે ભગવાનને પ્રાર્થના કરી. 'હે ભગવાન! મારી ભૂલ થઈ છે. આપને નિષ્ફળ બનાવવા માટે અને મારી જાતને નિષ્ફળ બનાવવા માટે આપ મને માફ કરશો' આટલું કહી તે સૂઈ ગયો.

ઊંઘમાં તેને એક સ્વપ્નું આવ્યું. તેમાં તે એકલો કેમિસ્ટ્રીના વર્ગમાં બેઠો છે. સામે મોટું બોર્ડ છે. અચાનક એક દિવ્ય વ્યક્તિ બારણું ખોલીને વર્ગમાં આવે છે. બોર્ડ પર કેમિસ્ટ્રીના દાખલા ગણે છે. તે છોકરો બધું પોતાની નોટમાં લખી લે છે. સ્વપ્નું પૂરું થતાં તે સફાળો જાગી જાય છે. પેલી દિવ્ય વ્યક્તિએ લખાવેલા દાખલા તેણે ફટાફટ નોટમાં લખી લીધા.

બીજા દિવસે તે તૈયાર થઈને કૉલેજમાં પરીક્ષા આપવા આવે છે. લેક્ચર હૉલમાં ૬૦૦ પરીક્ષાર્થી બેઠા હતા. પ્રોફેસરે બધાને પેપર આપ્યું. છોકરાએ ધબકતા હૈયે ધીરેથી પ્રશ્નપત્ર ખોલ્યું અને તેનું હૃદય જાણે એક આંચકા સાથે બંધ થઈ ગયું! પેલી દિવ્ય વ્યક્તિએ જે દાખલા વગેરે જે ગણાવ્યું-ભણાવ્યું હતું તે જ પ્રશ્નપત્રમાં હતું!

છોકરાએ ધડાધડ ઉત્તરો લખવા માંડ્યા. તેનો આત્મવિશ્વાસ વધી ગયો. તેને ખાતરી થઈ ગઈ કે હવે તે ચોક્કસ પાસ થઈ જશે. તેના મનમાં ગજબનો આનંદ છવાઈ ગયો. પરીક્ષા આપી તે જેવો બહાર નીકળ્યો ત્યારે તેનાથી બોલી જવાયું કે, 'હે ભગવાન! આપે તો ચમત્કાર કર્યો! હવે હું ખાતરી આપું છું કે આપને હું આવી સ્થિતિમાં ફરીથી નહીં મૂકું.'

છોકરો રોમાંચિત થઈ કૉલેજના કેમ્પસમાં એક કલાકથી વધુ સમય સુધી ચક્કર લગાવે છે. તેના મગજમાં એક વાત જડબેસલાક રીતે બેસી ગઈ

કે પ્રાર્થના બ્રહ્માસ્ત્ર છે.

તે કૉલેજ હતી વિશ્વવિખ્યાત યેલ યુનિવર્સિટી. તે છોકરો કાળો હતો. તેનું નામ બેન કાર્સન.

આ ઘટના પછી તે ખૂબ ભણ્યો. ડૉક્ટર નહીં, ન્યુરોસર્જન થયો. ડૉ. બેન કાર્સન આજે દુનિયાભરમાં સન્માનનીય થયા છે. હાલમાં તેઓ મશહૂર જહોન હોપકિન્સ ઈન્સ્ટિટ્યૂટમાં પીડિયાટ્રીક ન્યુરોસર્જરી વિભાગમાં ડાઈરેક્ટર છે. યુવાનો માટે તે રોલ મોડેલ છે. આ આખો પ્રસંગ તેમણે પોતાની આત્મકથા 'Gifted Hands'માં લખ્યો છે.

હા, પ્રાર્થનાથી ચમત્કાર થયા છે.

પ્રાર્થનાથી ચમત્કાર થાય છે.

પ્રાર્થનાથી ચમત્કાર થશે.

તેના માટે જરૂર છે ભગવાન અને સંત માટે અપાર શ્રદ્ધા ધરાવતું એક ઋજુ હૃદય!

પ્રમુખસ્વામી કહે છે કે 'પ્રાર્થના પ્રભુ સાથેની હોટલાઈન છે. તમે ફોન કરો એટલી જ વાર છે. તેમાં શબ્દો હોય એવું નથી. ભગવાન તો મૌન પ્રાર્થના પણ સાંભળે છે.'

૪૪

ઘરમાં તુલસી ક્યારો

મેકકિન્સે ઍન્ડ કંપનીના પાર્ટનર લોવેલ બ્રાયન કહે છે કે અમે એવી નોકરી ઊભી કરી છે કે જે કરવી વાસ્તવમાં અશક્ય છે.

દા.ત. સેન્ચુરી ફોક્સ ટેલિવિઝન વર્ષે ચારથી પાંચ ટેલિવિઝન સિરિયલ (અંદાજે સો એપિસોડ) બનાવતી અને તેને ત્રણ નેટવર્કને વેચતી હવે તે વર્ષમાં પચ્ચીસ સિરિયલ (અંદાજે છસ્સો એપિસોડ) બનાવે છે અને છ નેટવર્ક, બસો કેબલ ચેનલ, સિન્ડિકેશન, ડીવીડી, વાયરલેસ અને બ્રોડબેન્ડ માર્કેટ સાથે ધંધો કરે છે. આટલા બહોળા તંત્રને કોઈ એક વ્યક્તિ સંભાળવા જાય તો તે ચલાવી શકે પણ તેમનો પરિવાર ખુવાર થઈ જાય ખરો. આવું ન થવું જોઈએ, પરંતુ તે થાય છે.

સિલિકોન વેલીની ડેટા નેટવર્કિંગ કંપની અલ્ટિયોન વેબ સિસ્ટમના સીઈઓ ડોમનિક ઓર સાથે પણ આવું થયું, જે અત્યારના ૨૪/૭ જનરેશનના ટોપ બ્રાસ ઑફિસરને થાય છે.

૨૪/૭ એટલે આખું અઠવાડિયું, આખો દિવસ કામ. માત્ર કામ નહીં પણ સખત કામ. HPમાં આના કરતાં થોડું સારું હતું ત્યાં તે અઢારથી વીસ કલાક કામ કરતો. હવે તેમ કરવું તેને પોષાય તેમ ન હતું. એના માટે ઘર, ઑફિસ, પ્લેન, હોટેલ, વેકેશન બધું સરખું હતું. તેનું કામ અવિરત ચાલ્યા કરતું. બદલાતી માત્ર કામ કરવાની જગ્યા. તેના માટે કામ કરતી લોએ કહ્યું કે કામ તેના માટે ડ્રગ્સ હતું.

ડોમનિકની માતાનું નિધન થયું તો તેણે તેની અંતિમવિધિ ત્રણ દિવસ પછી રાખી કારણ કે તે તેના કામમાં વ્યસ્ત હતો. કામમાં તે એટલા માટે વ્યસ્ત હતો કે તેને સફળ થવું હતું. પૈસા કમાવા હતા. કંપનીને ઉપર લાવવી

હતી. આ બધું થયું ખરું પણ તેની બે વર્ષની દીકરી એડ્રિયા તેનો ચહેરો ભૂલી ગઈ. પોતાના પિતા કેવા છે તેની સ્મૃતિ તેને ન રહી. દીકરા એલ્વિન સાથે પણ સંબંધ ન રહ્યો! એક વાર તો તેણે ગુસ્સામાં પિતાની મોંઘીદાટ ગાડીનો ખુરદો બોલાવી દીધો. વર્ષો પછી ડોમનિકને ભાન થયું કે સતત સખત કામ કરવાથી તે કુટુંબથી વિખૂટો પડી ગયો છે. વ્યક્તિગત જીવનની ઊણપથી તે શુષ્ક બોસ અને કંગાલ લીડર બન્યો છે. આ સંદર્ભે તે સાઈકોથેરપિસ્ટ જ્હોન કેટનની સલાહ માગે છે.

જ્હોને તેને એક સાદો પ્રશ્ન પૂછ્યો : 'તારું ધ્યેય શું છે?'

તેનાથી બોલી જવાયું : 'મારે સંપૂર્ણ માનવ તરીકે મરવું છે.'

જે વ્યક્તિ માણસ તરીકે જીવતો ન હોય તે સંપૂર્ણ માનવ તરીકે મરી પણ કેમ શકે?

જીવનમાં પૈસો, યશ, નામના વગેરે અમુક હદ સુધી ઉપયોગી છે પણ તે અનિવાર્ય નથી. મુખ્ય નથી. પણ લોકો લાચાર થઈ ગયા છે.

'સુપર કેપિટાલિઝમ' નામક પુસ્તકના લેખક રોબર્ટ આ લાચારી સમજતાં કહે છે:

'The fact of the matter is that in today's job market there are only two tracks – the fast track and the slow track. The only track that leads to better jobs is the fast track. That means working all hours. It means giving up time with family. It means very large sacrifices.'

અત્યારે જોબ માર્કેટમાં બે ટ્રેક છે - સ્લો ટ્રેક અને ફાસ્ટ ટ્રેક. માત્ર ફાસ્ટ ટ્રેકથી જ સારી નોકરી મળી શકે તેમ છે. તેનો અર્થ એવો થયો કે ચોવીસ કલાક કામ. તેનો અર્થ એવો થયો કે કુટુંબ સાથેનો છેડો ફાડી નાખવો. તેનો અર્થ એવો થયો કે ઘણી મોટી ખોટ!

રોજ રાત્રે અમે સંતો દાદર સ્વામિનારાયણ મંદિરથી વિવિધ પરાંમાં સત્સંગ સભા કરવા જઈએ છીએ. જતી-આવતી વખતે આજુબાજુની ઘણી ગાડી અને રિક્ષામાં માણસો લેપટોપ અથવા બ્લેકબેરી પર કામ કરતા દેખાય છે. કામ કરવાનું ઝનૂન આ લોકોના માથા પર સવાર થઈ ગયું છે.

મુંબઈના મંથરગતિએ ચાલતા ટ્રાફિકમાં જીવનનો ફાસ્ટ ટ્રેક! બધાની

વચ્ચે બધાથી દૂર ! ઘરે જાય પણ લાશની જેમ. તેમનો આત્મા ઑફિસમાં છે. તેમનો આત્મા ખુરશીમાં છે.

તેમનો આત્મા કામમાં છે.

વર્કોહોલિક એક નશો છે. વ્યસન છે ને ચેપ પણ છે. ચેપને નાથવામાં ન આવે તો તેનું રોગચાળામાં રૂપાંતર થાય છે.

હવે શાકભાજીવાળા ઘરે મોડા આવે છે કારણ કે મોડી રાત સુધી ગ્રાહકો મળે છે. આવા ગ્રાહકો મોડે સુધી ઑફિસમાં અથવા અન્ય કમિટમેન્ટમાં હોવાથી તેઓ પણ ઘરે મોડા આવે છે. મુંબઈમાં રાતના સાડા અગિયાર-બાર સુધી ટ્રાફિક હોય છે. રસ્તા પર માણસોની ચહલપહલ જોવા મળે છે. દેશનાં બીજાં શહેરોની પણ આ જ કથા છે - વ્યથા છે. ઘર ખાલી. રસ્તા ભરેલા. બેહદ કાર્યરત રહીને લોકો બેફામ પૈસો બનાવે છે.

વ્યક્તિ પૈસો ઘરમાં લાવે છે, પરંતુ તેને કેવી રીતે વાપરવો તેનું મેન્યુઅલ નથી લાવતો, તેથી ઘરમાં સમૃદ્ધિ-સગવડ વધે છે તેની સાથે સમસ્યાઓ પણ વધે છે. સંતાનો બે-લગામ થાય છે. તેમની નિર્દોષતા ધીમે ધીમે કલંકિત થાય છે. જીવનસાથીના બીજા સાથેના સમાજ અમાન્ય સંબંધો શરૂ થાય છે. બધે આવું થતું નથી પણ આવું બધું થવાની ટકાવારી વધતી જાય છે. ઘરની મુખ્ય વ્યક્તિઓએ ઘરમાં ધ્યાન આપવું જરૂરી છે.

પ્રમુખસ્વામી મહારાજે આવા અનેક પ્રશ્નો સાંભળી, દુ:ખી સંસારીની કથની સાંભળી, કિશોરો-યુવકોની હાલાકી સાંભળી, તૂટતા પરિવારોની ઘટના સાંભળી, એક સચોટ ઉપાય બતાવ્યો છે. તે છે ઘરસભા.

ઘરસભા એટલે ઘરમાં તુલસી ક્યારો ! જેનાથી ઘરમાં સદૈવ સમજણ, સુહૃદભાવ, સ્નેહનો પ્રાણવાયુ વહે છે. ઘરસભા ફાસ્ટ ટ્રેકના અંગારવાયુનું મારણ છે. ઘરમાં વીતેલા દિવસની મોકળા મને ચર્ચા કરવી જોઈએ. કુટુંબના સભ્યો સાથે ઇન્ટરરેક્શન થવું જોઈએ.

અમેરિકા, યુરોપ વગેરે જગ્યાએ આવું થતું ન હોવાથી સિંગલ પેરેન્ટ ચાઇલ્ડની સંખ્યા બેસુમાર વધતી ચાલી છે. અત્યારે બધું બરાબર લાગે છે પણ થોડાં વર્ષો પછી કશું બરાબર નહીં રહે.

થોમસ કેલી ત્રેપન વર્ષના છે. જેટબ્લ્યુ એરલાઇન્સમાં એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ છે. તેના સીઇઓ ડેવિડ નીલમેન તેને જેટબ્લ્યુના ચીફ

વિઝડમ ઑફિસર તરીકે ઓળખાવે છે. થોમસ આટલા બધા પ્રવૃત્ત હોવા છતાં ઘરમાં રાતના આઠ વાગે ધાર્મિક ગ્રંથના વાંચનમાં અચૂક હાજર રહેવા પ્રયત્ન કરે છે. તેમણે ઘરમાં વધુ ધ્યાન આપવા માટે કપાતા પગારે અઠવાડિયાના છ દિવસના બદલે ચાર દિવસ જ નોકરી કરવાનું યોગ્ય ગણ્યું છે. થોમસની આવક ચાલુ છે. સંતાનોના વિકાસ પર ધ્યાન પણ અપાય છે. કૌટુંબિક જીવન પણ સ્વસ્થ છે. જીવનનું આ બેલેન્સ ઘરસભાને આભારી છે.

ફોર્ચ્યુન મેગેઝિને પાંચસો એક્ઝિક્યુટિવનો સર્વે કર્યો, તેમાં જણાવ્યું કે – ૮૪ ટકા એવું કહે છે કે કામ એવું જોઈએ કે પોતાના વ્યક્તિગત જીવન માટે વધારે સમય મળી શકે.

૭૩ ટકા એવું માને છે કે કાર્ય-પદ્ધતિમાં એવો ફેરફાર કરવો જોઈએ જેથી કાર્ય વધુ થાય અને ઘર માટે વધુ સમય ફાળવી શકાય.

૫૫ ટકા સાહેબો (ફેમિલી વગેરે માટે) પોતાની આવક જવા દેવા તૈયાર છે.

૫૦ ટકા એવું વિચારે છે કે પ્રોફેશન માટે તેમણે જે ભોગ આપ્યો છે તે શું વાજબી છે?

જોડી મિલર અને મેટ મિલરે મત આપ્યો કે કામને હ્યુમનાઇઝ કરવામાં મોટો પડકાર કદાચ એ નથી કે કેવી રીતે કાર્ય સંપન્ન કરવું, પણ કોર્પોરેટ લીડર્સને સમજાવવું કે સંપૂર્ણ જીવનની ઇચ્છાને કાયદેસર દૃષ્ટિકોણથી જોવી જોઈએ તે છે.

૭૫

સામાન ઘટાડો, આનંદ વધારો

અગિયાર વર્ષની કોમળ વયે ભગવાન સ્વામિનારાયણે ગૃહત્યાગ કર્યો. નીલકંઠ નામ ધરી, જટા ધારી, તે સમયે એમના મનમાં નક્કી હતું કે મારે જંગલમાં, વેરાનમાં, પર્વતોમાં એકલા વિહાર કરવાનો છે. વિચરણ લાંબું છે. કોઈ સાથ-સગવડ નહીં મળે. આ યાત્રામાં એમના સામાનમાં તુંબડી, માળા ને શાસ્ત્રસાર હતાં. સાત વર્ષના સુદીર્ઘ વિચરણ માટે આટલી જ વસ્તુ ! આશ્ચર્ય થાય એવું એમનું આ જીવન સમસ્ત સંસાર માટે આદર્શ છે.

કોઈ એક એડવર્ટાઇઝમેન્ટમાં આવું કંઈક આવતું હતું કે 'ઓછું લગેજ - સારી મુસાફરી.' કારણ કે વધારે સામાન - વધારે માથાકૂટ. પ્રવાસમાં આઇટમો ઓછી રાખવામાં આવે તો સાચવવાની ચિંતા ખૂબ ઘટી જાય છે.

સમજવાનું એટલું કે વ્યક્તિ જેટલી ઓછી વસ્તુથી જીવે છે, તે જ ખરેખર જીવે છે. બાકી તો વસ્તુઓ ભેગી કરવામાં, સંગ્રહવામાં, સાચવવામાં ને તેની કાળજીમાં વર્ષો વેડફાઈ જાય છે. જરૂર પૂરતું રાખવું વાજબી છે. જીવન-નિર્વાહની માગ પ્રમાણે પ્લેન રાખવું એ પણ સમજી શકાય છે, નહીં તો નાની અમથી પિન પણ ભાર બની જાય છે.

એક વાર કૃષ્ણ ભગવાન અર્જુન સાથે જંગલમાં ગયા. અહીં એક ઝાડ નીચે બગદાલવ ઋષિ બેઠા હતા. સૂર્યપ્રકાશ માથે ન પડે તેના માટે તેમણે હાથમાં મોટું પાન આડું રાખ્યું હતું. અર્જુને તેમને જણાવ્યું: 'મુનિવર્ય ! આપ અહીં તડકામાં રહો તો નાની પર્ણકુટિર બાંધી રહો તો સારું. આપને તકલીફ ન થાય.'

ઋષિ કહે: 'થોડો સમય રહેવું ને ઝૂંપડું ક્યાં બાંધવું.'

'આપને અહીં કેટલો સમય થયો ?' અર્જુને પૂછ્યું.

ઋષિ કહે: 'સાત રામાવતાર થઈ ગયા હશે!' અર્જુનને આશ્ચર્ય થયું.

જીવવું હોય તો આવાસ વગર પણ જીવી શકાય છે. બાકી તો ત્રેસઠ શહેરોમાં લીધેલાં મકાનો પણ ઓછાં પડે છે. ત્રીસ માળનો અત્યાધુનિક બંગલો પણ નાનો પડે ને માઈકલ જેક્સનની જેમ એકરોની જગ્યા પણ નાની પડે. ઉમર ખય્યામે કહ્યું છે તેમ - માત્ર અડધા રોટલા પર ગુજારે દિન તમામ, જેને બે ગજથી વધારે હોય ના ધરતીનું કામ - એ મહાનરના જીવન આદર્શને સો-સો સલામ.

ડિઝની વર્લ્ડ(ઑરલાન્ડો)ના એપ્કોટ સેન્ટરમાં વિવિધ દેશોનાં પેવેલિયન આવેલાં છે. તેમાં ફ્રેંચ પેવેલિયન પણ છે. તેમાં પ્રવાસીઓનું સ્વાગત કરનાર એક ફ્રાન્સિસને પૂછવામાં આવ્યું કે ફ્રાંસ અને અમેરિકામાં શું ફરક જણાય છે? તેણે કહ્યું કે અહીં તો કન્ઝ્યુમાઈઝેશન થઈ ગયું છે. દુકાનોમાં વસ્તુઓના ઢગલા હોય છે. લોકો પણ એવા. તેમને વધારે ને વધારે વસ્તુ રાખવાની ઈચ્છા રહ્યા કરે છે.

એક વાર સોક્રેટિસ એથેન્સની એક દુકાનમાં ગયા. ત્યાં ઘણી બધી વસ્તુઓ જોઈ. પાછા તેઓ દુકાનની બહાર આવ્યા. ફરી પાછા અંદર ગયા. આમ તેમણે બે-ત્રણ વખત કર્યું. દુકાનદારે આ જોયું. તેઓ ફરી અંદર આવ્યા ત્યારે તેમને બોલાવ્યા. ઊભા રાખ્યા. પૂછ્યું: 'તમે કેમ આમ દુકાનમાં આવ-જા કરો છો? શું તમારી પાસે વસ્તુ લેવાના પૈસા નથી?'


સોક્રેટિસે હસીને કહ્યું: 'ના ભાઈ ના. એવું નથી હું તો વારેવારે એમ જોતો હતો કે આટલી બધી વસ્તુ વગર પણ મારું જીવન સુખેથી ચાલે છે.'

બધા કાંઈ સોક્રેટિસ બની શકવાના નથી. બધા કાંઈ તેમના જેવું સાદું જીવન જીવી શકવાના નથી. પરંતુ વ્યક્તિએ એટલો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ કે જીવન ઓછામાં ઓછી વસ્તુથી ચલાવવું. નવી નવી અનેક વસ્તુથી ઘર ભરવાથી કે જૂની વસ્તુઓ સાચવી રાખવાથી ઘણા પ્રશ્નો થઈ શકે છે. બિનજરૂરી વસ્તુના સંગ્રહથી વિગ્રહ થાય છે.

રાજેશ વ્યાસ 'મિસ્કીન' આવી વૃત્તિ વિશે કહે છે: 'જિંદગી પ્રેમથી વીતે મિસ્કીન, પેટ પૂરતું જો રળે માણસ.' આપણે એમ પણ સમજવાનું કે જિંદગી પ્રેમથી વીતે મારા ભાઈ, ખપ પૂરતું જો રાખે માણસ. માટે સામાન ઘટાડો, આનંદ વધારો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે
પોતાનાં વચનામૃતોમાં
જીવનને સુવાસિત કરવા માટે તમામ સદ્‌ગુણોના સરવાળા રૂપે
ચાર ગુણોની વાત દૃઢાવી છે :
સ્વધર્મ, આત્મા-પરમાત્માનું જ્ઞાન, અનાસક્તિરૂપ વૈરાગ્ય
અને માહાત્મ્યે યુક્ત ભક્તિ.
ભગવાન સ્વામિનારાયણે આને મોક્ષનાં સાધન બતાવ્યાં છે.
આવા સદ્‌ગુણોથી સુવાસિત થવાનો સરળ માર્ગ એટલે
સંતનું શરણું અથવા સંતનો યોગ.
ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં અને
ઉપનિષદ, ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત વગેરે અનેક શાસ્ત્રોએ પણ
એ જ માર્ગ ચીંધ્યો છે.
પ્રસ્તુત પુસ્તિકા કંઈક એવા જ વિષયોને લઈને
આપની સમક્ષ આવે છે,
જેને આચરણમાં મૂકવાથી આપણા જીવનમાં
સદ્‌ગુણોની સુવાસ પ્રાપ્ત થાય.
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના યોગે અસંખ્ય જીવન
સદ્‌ગુણોથી સુગંધિત બન્યાં છે.
આપણેય એવા સુગંધિત જીવન પામવાના પંથે ડગ માંડીએ...



B G 3 7 2
ISBN 978-81-7526-962-0